દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 72 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ચૈત્ર સુદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 March 2026, Friday ■ REGD.No. MCS/058/2024-26
શુક્રવાર, ૨૭ માર્ચ ૨૦૨૬, (૧૪ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
મેટિની પૂર્તિ ૧૧ ૧૨ ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# દેશમાં ઈંધણનો ૬૦ દિવસનો જથ્થો છેઃ સરકાર

SCAN FOR TODAY'S GOLD RATE
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
ANTARA GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

## પેટ્રોલ, ડીઝલ, રાંધણગૅસની અછત નહીં હોવાનો દાવો

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે ગુરુવારે દાવો કર્યો હતો કે દેશમાં હાલમાં ઈંધણનો અંદાજે ૬૦ દિવસનો જથ્થો છે. પેટ્રોલ, ડીઝલ કે રાંધણગૅસની કોઇ અછત નથી. ઈંધણની અછત હોવાની અફવા ઇરાદાપૂર્વક ફેલાવાય છે અને તેનો હેતુ માત્ર લોકોમાં ખોટો ભય ફેલાવવાનો છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગૅસ મંત્રાલયે જણાવ્યું હતું કે દેશભરના બધા પેટ્રોલ પંપ ખાતે ઈંધણનો પૂરતો જથ્થો પહોંચાડાય છે અને ત્યાં પણ કામકાજ સામાન્ય છે. પેટ્રોલ કે ડીઝલનું રેશનિંગ નથી કરાયું.

મંત્રાલયના નિવેદનમાં જણાવાયું હતું કે ભારત ખનિજ તેલને સૌથી વધુ રિફાઇન કરનારા દેશોમાં ચોથા ક્રમે છે અને પેટ્રોલિયમ ઉત્પાદનોની નિકાસ કરનારા દેશોમાં પાંચમા ક્રમે છે. દેશમાં ઈંધણનો પૂરતો જથ્થો છે અને તેણે રિફાઇન કરેલું ઈંધણ ૧૫૦થી વધુ દેશમાં પૂરું પાડવાનું ચાલુ રાખ્યું છે.

તેણે જણાવ્યું હતું કે (ખનિજ તેલને રિફાઇન કરીને તેમાંથી પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણ તૈયાર કરતી) દરેક ભારતીય રિફાઇનરી સંપૂર્ણ ક્ષમતાએ કામ કરી રહી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે દેશની તેલ કંપનીઓ પાસે આગામી ૬૦ દિવસનું ખનિજ તેલ છે અને પુરવઠામાં કોઇ અછત નથી. તેણે જણાવ્યું હતું કે ભારત પાસે ૭૪

(જુઓ પાનું ૨) ▶▶

**ઈંધણની અછતની અફવા:** ખાડીના દેશોમાંના યુદ્ધને લીધે દેશમાં ઈંધણની અછત ઊભી થઇ હોવાની અફવા વચ્ચે ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાંનો બંધ પેટ્રોલ પંપ. (પીટીઆઇ)




# અમેરિકા કે ઈરાન ટસના મસ થતા નથી

### ▶ ઈરાનની બાબ અલ-મંડેબ ખાડી બંધ કરવાની ધમકી ▶ હોર્મુઝ ખાડી ફરતે ગાળિયો કસ્યો ઈરાને ▶ ઈરાનના નૌકાદળના વડાને હણાયાનો દાવો

દુબઈ: યુદ્ધે ચડેલા અમેરિકા અને ઇરાન વચ્ચે શાંતિમંત્રણાને મામલે ગુરુવારે મડાગાંઠ સર્જાઈ હોવાનું લાગી રહ્યું હતું અને હવે યુદ્ધનો બીજો આકરો દોર શરૂ થાય એવું લાગી રહ્યું છે. અમેરિકાએ હજારો જવાનો અખાતમાં તહેનાત કર્યા છે જે ઇરાન ભણી જવા રવાના થશે જ્યારે ઇરાન હોર્મુઝ ફરતે પોતાનો ગાળિયો કસ્યો હતો. ઇરાને બાબ અલ-મંડેબ સામુદ્રધુની બંધ કરવાની ધમકી આપી હતી. ઇઝરાયલે ઇરાનના નૌકાદળના વડાને માર્યો હોવાનો દાવો કર્યો હતો. નેવીનો આ વડો હોર્મુઝની ખાડી બંધ કરાવવાની જવાબદારી સંભાળતો હતો. દરમિયાન, અમેરિકાએ હોર્મુઝ

(જુઓ પાનું ૨) ▶▶

## અબુ ધાબીમાં મિસાઈલનો કાટમાળ પડતાં એક ભારતીયનું મોત

અબુ ધાબી: અબુ ધાબીમાં આંતરવામાં આવેલા બેલેસ્ટિક મિસાઈલનો કાટમાળ પડવાની કારણે એક ભારતીય અને એક પાકિસ્તાની નાગરિકનું મોત થયું હતું તો યુનાઈટેડ આરબ અમિરાત, જૉર્ડન અને ભારત પ્રત્યેકનો એક નાગરિક ઘાયલ થયો હોવાનાં અહેવાલ છે. જોકે અસરગ્રસ્તોની વધુ ઓળખ થઈ શકી નહોતી.

લોકોને સત્તાવાર સૂત્રો પાસેથી જ માહિતી મેળવવાની અને અફવાઓથી દૂર રહેવાની સલાહ આપવામાં આવી છે.

આ સાથે જ પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધમાં અત્યાર સુધીમાં માર્યા ગયેલા ભારતીયોનો આંક સાત પર

(જુઓ પાનું ૨) ▶▶

## અમેરિકા પાસે ખૂટ્યાં હથિયાર, યુક્રેનને આપેલાં પાછાં માગ્યાં

વોશિંગ્ટન: અમેરિકા રશિયા સામેના યુદ્ધમાં બચાવ માટે યુક્રેનને આપવામાં આવનારા હથિયારોનો ઉપયોગ ઈરાન સામે કરવા પર વિચાર કરી રહ્યું છે. ઈરાન સામેનું યુદ્ધ ઈઝરાયલ અને અમેરિકા તરફથી હુમલાઓ કર્યા બાદ શરૂ થયું હતું. વોશિંગ્ટન પોસ્ટે ગુરુવારે એક રિપોર્ટમા કહ્યું હતું કે ઈરાન સામે એક મહિનાથી ચાલી રહેલા યુદ્ધમાં અમેરિકાનો હથિયારોનો ભંડાર ઝડપથી ખાલી થઈ રહ્યો છે. આ હથિયારોમાં એર ડિફેન્સ ઈન્ટરસેપ્ટર પણ સામેલ છે જેનો ઉપયોગ પેટ્રિયટ અને ટર્મિનલ હાઈ અલ્ટીટ્યૂડ એરિયા ડિફેન્સ (થાડ) જેવી સિસ્ટમમાં કરવામાં આવી રહ્યો છે. આ મિસાઈલોનો ઓર્ડર અમેરિકાએ સંબંધિત હથિયારોની નિર્માતા કંપનીઓને તેમની પ્રાયોરિટીઝ્ડ યુક્રેન રિક્વાયરમેન્ટ લિસ્ટ (પીયુઆરએલ)મારફતે આપ્યો છે.

આ નાટોના નેતૃત્વ હેઠળનો એક કાર્યક્રમ છે જેના હેઠળ યુરોપિયન દેશ અમેરિકાના હથિયારોને યુક્રેન સુધી પહોંચાડવા

(જુઓ પાનું ૨) ▶▶

## ... નહીં તો બહુ મોડું થઇ જશે: ટ્રમ્પની ચેતવણી

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કહ્યું કે ઈરાન સમજૂતી માટે વિનંતી કરી રહ્યું છે. ટ્રમ્પે દાવો કર્યો હતો કે ઈરાનના વાટાઘાટ કરનારા અધિકારીઓ એક કરાર કરવા માટે 'વિનંતી' કરી રહ્યા છે. જ્યારે ટ્રમ્પના અનુસાર, ઈરાનની સેના તબાહ થઈ ચૂકી છે. તેમણે ઈરાનના એ વલણને ફગાવી દીધું હતું જેમાં તે ફક્ત અમેરિકાના પ્રસ્તાવની સમીક્ષા કરી રહ્યું છે.

ટ્રમ્પે ગુરુવારે ટ્રુથ સોશ્યલ પોસ્ટમાં લખ્યું હતું કે ઈરાનના વાટાઘાટ કરનારા ખૂબ જ અલગ અને વિચિત્ર છે. તેઓ અમને એક સોદો કરવા માટે ભીખ માગી રહ્યા છે, જે તેમણે કરવી જોઈએ કારણ કે તેઓ લશ્કરી રીતે નષ્ટ થઈ ગયા છે. વાપસી કરવાની કોઈ શક્યતા નથી અને છતાં તેઓ જાહેરમાં કહે છે કે તેઓ ફક્ત અમારા પ્રસ્તાવ પર વિચાર કરી રહ્યા છે જે ખોટું છે.

ટ્રમ્પે કહ્યું કે તેઓ જલદી ગંભીર થઈ જાય તો સારું રહેશે નહીં તો ખૂબ મોડું થઈ જશે કારણ કે એકવાર જો આવું થઈ જશે તો પાછા ફરવાનો કોઈ રસ્તો રહેશે નહીં અને તે સારું રહેશે નહીં.

આ ટિપ્પણીઓ અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસોને લઈને મળી રહેલા વિરોધાભાસી સંકેતો વચ્ચે આવી છે. ટ્રમ્પે વારંવાર દાવો કર્યો છે કે એક કરાર ખૂબ નજીક છે. તો બીજી તરફ ઈરાને અમેરિકા તરફથી રજૂ કરાયેલ ૧૫-મુદ્દાના યુદ્ધવિરામ પ્રસ્તાવને ફગાવી દીધો હતો.■

**યુદ્ધની કટોકટી**

## રાજ્યોના સીએમ સાથે આજે મોદીની મીટિંગ

નવી દિલ્હી: વડા પ્રધાન નરેન્દ્ર મોદી જે રાજ્યોમાં ચૂંટણી યોજાવાની છે તે સિવાયના દેશના તમામ રાજ્યના મુખ્ય પ્રધાનો સાથે પશ્ચિમ એશિયાની સ્થિતિ અંગે શુક્રવારે સાંજે વાતચીત કરશે. વાતચીત દરમિયાન પશ્ચિમ એશિયાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભાવિ તૈયારી અને યોજનાઓની સમીક્ષા કરવામાં આવશે.

અમેરિકા અને ઈઝરાયલ દ્વારા ઈરાન પર ૨૮ ફેબ્રુઆરીએ કરવામાં આવેલા હુમલાને પગલે પશ્ચિમ એશિયામાં શરૂ થયેલા સંઘર્ષ બાદ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની દેશના તમામ રાજ્યના મુખ્ય પ્રધાનો સાથે આ પહેલી બેઠક હશે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ પહેલનો હેતુ 'ટીમ ઇન્ડિયા' ની ભાવનામાં પ્રયાસોનો તાલમેલ સુનિશ્ચિત કરવાનો છે. આ પહેલી વાર છે જ્યારે વડા પ્રધાન પશ્ચિમ એશિયા સંઘર્ષ પર મુખ્ય પ્રધાનો સાથે બેઠક કરશે, જે ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા-ઈઝરાયલ દ્વારા ઇરાન પર હુમલાથી શરૂ થયો હતો. વડા પ્રધાન આવતીકાલે સાંજે પશ્ચિમ એશિયા સંઘર્ષ પર વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા રાજ્યોની તૈયારીઓ અને યોજનાઓની સમીક્ષા કરવા માટે મુખ્ય પ્રધાનો સાથે વાતચીત કરશે. આ બેઠક ટીમ ઇન્ડિયાની ભાવનામાં પ્રયાસોનો તાલમેલ સુનિશ્ચિત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે, તેવું સૂત્રોએ જણાવ્યું હતું. આદર્શ આચારસંહિતા (એમસીસી)ના કારણે ચૂંટણીલક્ષી રાજ્યોના મુખ્ય પ્રધાનો આ બેઠકનો ભાગ રહેશે નહીં. કેબિનેટ સચિવાલય ચૂંટણીલક્ષી તમિળનાડુ, પશ્ચિમ બંગાળ, આસામ, કેરળ અને કેન્દ્રશાસિત પ્રદેશ પુડુચેરીના મુખ્ય સચિવો સાથે અલગથી બેઠક કરશે. (એજન્સી)■

## નાયરા એનર્જીએ પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો

નવી દિલ્હી: દેશમાં પેટ્રોલ અને ડીઝલના ભાવને લઇને સામાન્ય લોકોની ફરી એકવાર ચિંતા વધી છે. ખાનગી ક્ષેત્રની મોટી કંપની નાયરા એનર્જીએ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર ૫.૩૦ રૂપિયા અને ડીઝલમાં ૩ રૂપિયાનો વધારો કર્યો છે. આ વધારો છેલ્લા એક મહિનાથી ચાલી રહેલા ઈરાન-અમેરિકા યુદ્ધને કારણે વૈશ્વિક ઊર્જા સપ્લાયમાં પડેલા વિક્ષેપને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યો છે.

હકીકતમાં અમેરિકા અને ઈરાન વચ્ચે વધતા તણાવ અને ઊર્જા સુવિધાઓ પરના હુમલાઓને કારણે વૈશ્વિક સપ્લાઇ ચેઇન પ્રભાવિત થઇ છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટ જેવા મહત્ત્વપૂર્ણ દરિયાઇ માર્ગો પર વધતા દબાણને કારણે ક્રૂડની અવરજવર પર અસર પડી છે. આ જ કારણ છે કે ભારત જેવા આયાત-નિર્ભર દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવોમાં ધીમે ધીમે વધારો જોવા મળી રહ્યો છે.

નાયરા એનર્જી ભારતના કુલ ૧૦૨,૦૭૫ પેટ્રોલ પંપમાંથી ૬,૯૬૭નું સંચાલન કરે છે. કંપનીએ ઇનપુટ ખર્ચમાં થયેલા વધારાના કેટલાક હિસ્સાને ગ્રાહકો પર નાખવાનો નિર્ણય લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા

(જુઓ પાનું ૨) ▶▶

## આઈપીએલના બીજા તબક્કાની ૫૦ મૅચનું ટાઈમટેબલ જાહેર



**પ્રેક્ટિસ:** ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની બેંગલૂરુમાં એમ. ચીન્નાસ્વામી સ્ટેડિયમ ખાતે સનરાઈઝર્સ હૈદરાબાદ સામેની મૅચની પહેલાં પ્રેક્ટિસ કરી રહેલો રોયલ ચેલેન્જર્સ બેંગલૂરુનો વિરાટ કોહલી. (પીટીઆઇ)

મુંબઈ: ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની શનિવાર, ૨૮મી માર્ચે શરૂ થનારી ૧૯મી સીઝનનું ૧૨મી એપ્રિલ સુધીનું જ ટાઇમટેબલ અગાઉ જાહેર કરવામાં આવ્યું હતું, પરંતુ ગુરુવારે આયોજકોએ ૨૪મી મે સુધી ચાલનારા સંપૂર્ણ લીગ રાઉન્ડનું સમયપત્રક જાહેર કર્યું હતું. માત્ર પ્લે-ઑફ રાઉન્ડનાં સ્થળોની જાહેરાત જ બાકી રાખવામાં આવી હતી. ૨૮મી માર્ચે સૌપ્રથમ મૅચ બેંગ્લૂરુમાં ડિફેન્ડિંગ ચૅમ્પિયન રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચે રમાશે.

અગાઉના અપૂર્ણ સમયપત્રક મુજબ રવિવાર, ૧૨મી એપ્રિલ સુધીની ૨૦ લીગ મૅચની વિગત જાહેર કરાઈ હતી. હવે રવિવાર, ૨૪મી મે સુધીની કુલ ૭૦ લીગ મૅચની વિગત જાહેર કરી દેવામાં આવી છે.

બીજી રીતે કહીએ તો ૧૩મી એપ્રિલથી ૨૪મી મે સુધીમાં બીજી ૫૦ લીગ મૅચ રમાવાની છે. દેશભરના જે ૧૨ સ્થળે આઇપીએલની મૅચો રમાશે એમાં ધરમશાલા તથા રાયપુરનો પણ સમાવેશ છે.

ધરમશાલાનું પાકિસ્તાન સામેના યુદ્ધ બાદ કમબૅક

ગયા વર્ષે હિમાચલ પ્રદેશના ધરમશાલામાં દિલ્હી-પંજાબ મૅચને પાકિસ્તાન સામેના યુદ્ધને પગલે રોકી દેવામાં આવી હતી. હવે આગામી ૧૧મી મેએ ધરમશાલા આ ટૂર્નામેન્ટમાં કમબૅક કરશે અને એ દિવસે પણ દિલ્હી-પંજાબ વચ્ચેની મૅચ રમાશે.

ફાઇનલ ૩૧મી મેએ રમાશે?

આઇપીએલની નવી સીઝનની પ્લે-ઑફ મૅચોની વિગત જાહેર નથી કરવામાં આવી. જોકે એવું મનાય છે કે ફાઇનલ ૩૧મી મેએ રમાશે. ■

સંપૂર્ણ ટાઈમટેબલ ૮

## ભારત સહિતના પાંચ મિત્રદેશોનાં જહાજોને હોર્મુઝ ખાડીમાં એન્ટ્રી

નવી દિલ્હી: ઈરાને ચીન, ભારત અને રશિયા જેવા પાંચ 'મિત્રદેશો'ને કમર્શિયલ શિપિંગ માટે હોર્મુઝ સામુદ્રધુનીનો ઉપયોગ કરવાની છૂટ આપી છે, એવી માહિતી ઈરાનના વિદેશ પ્રધાન સૈયદ અબ્બાસ અઘાચીએ આપી હતી. ઈરાને હોર્મુઝ સામુદ્રધુની બંધ કરી ત્યારથી તેલ અને વાયુના ભાવમાં ભડકો આવ્યો છે. હોર્મુઝ એ પર્સિયન ગલ્ફ અને ઓમાનના ગલ્ફને જોડતો સાંકડો જળમાર્ગ છે અને અહીંથી વિશ્વનું ૨૦ ટકા તેલ અને એલએનજી (લિક્વિડફાઈડ નેચરલ ગૅસ)નું પરિવહન થાય છે. અબ્બાસે કહ્યું હતું કે અમે અમુક દેશો મિત્રભર્યા હોવાથી તેમના જહાજોને હોર્મુઝમાંથી પસાર થવાની પરવાનગી આપી છે. અમે ચીન, રશિયા, ભારત, ઈરાક અને પાકિસ્તાનને પરવાનગી આપી છે.

આ સાથે અબ્બાસે કહ્યું હતું કે દુશ્મન દેશોને આ વ્યૂહાત્મક જળમાર્ગમાંથી પસાર થવાની પરવાનગી નહીં આપવામાં આવે. હાલમાં યુદ્ધ ચાલુ છે. આખો પ્રદેશ વૉર ઝોન છે. આથી અમારા દુશ્મન દેશના જહાજોને અહીંથી પસાર કરવા દેવાનું કોઈ કારણ

(જુઓ પાનું ૨) ▶▶

## પ્રત્યર્પણનો કેસ ફરી ખોલવાની નીરવ મોદીની અરજી યુકેની કોર્ટે ફગાવી

નવી દિલ્હી : લંડન હાઈકોર્ટે બુધવારે ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીની ભારત પ્રત્યર્પણ સામે કેસ ફરીથી ખોલવાની અરજીને ફગાવી દીધી હતી, જ્યાં તે પંજાબ નેશનલ બેંક (પીએનબી) ના ૧૩૦૦૦ કરોડ રૂપિયાના કૌભાંડના સંબંધમાં વોન્ટેડ છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

નિરવે કિંગ્સ બેન્ચ ડિવિઝનના હાઇકોર્ટ ઓફ જસ્ટિસનો સંપર્ક કર્યો હતો. સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (સીબીઆઈ) ટીમની મદદથી ક્રાઉન પ્રોસિક્યુશન સર્વિસના એડવોકેટે તેની અરજી સામે મજબૂત દલીલો રજૂ કરી હતી. તપાસ અધિકારીઓ સહિત સીબીઆઈ અધિકારીઓની એક ટીમ સુનાવણી માટે લંડન ગઈ હતી.

(શસ્ત્ર વેપારી સંજય) ભંડારીના ચુકાદાના આધારે ફરીથી ખોલવાની અરજી દાખલ કરવામાં આવી હતી. જોકે, સીબીઆઈના સતત અને સંકલિત પ્રયાસોથી, પડકાર સફળતાપૂર્વક

(જુઓ પાનું ૨) ▶▶

## આંધ્ર પ્રદેશમાં બસમાં આગઃ ૧૩નાં મોત

રાયાવરમ (આંધ્ર પ્રદેશ): આંધ્ર પ્રદેશના મરકાપુરમ જિલ્લામાં ગુરુવારે એક ખાનગી બસ સિમેન્ટ લઈ જતા ડમ્પર ટ્રક સાથે અથડાયા બાદ લાગેલી આગમાં ઓછામાં ઓછા ૧૩ જણનાં મોત થયાં હોવા ઉપરાંત બાવીસ જણ ઘાયલ થયા હોવાનું ટોચના સરકારી અધિકારીઓએ કહ્યું હતું. ઘાયલોમાંથી અનેક લોકોની હાલત ગંભીર હોવાનું તેમણે કહ્યું હતું.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને આંધ્ર પ્રદેશના મુખ્ય પ્રધાન એન. ચંદ્રાબાબુ નાયડુએ આ કરુણાંતિકા અંગે ઘેરા

(જુઓ પાનું ૨) ▶▶

## મધ્ય પ્રદેશમાં બસની પિક-અપ ટ્રક સાથે અથડામણ, ૧૦નાં મરણ

છીંદવાડા (મધ્ય પ્રદેશ) : મધ્ય પ્રદેશના છીંદવાડામાં ગુરુવારે સાંજે મુખ્ય પ્રધાનના એક જાહેર કાર્યક્રમમાંથી પરત ફરી રહેલી બસ અને પિક-અપ ટ્રક વચ્ચે થયેલા અકસ્માતમાં ૧૦ લોકોનાં મોત થયા હતા અને ૨૦થી વધુ લોકો ઘાયલ થયા છે, તેમ એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું. પોલીસ અધિક્ષક અજય પાંડેએ જણાવ્યું કે, આ ઘટના જિલ્લા મુખ્યાલયથી આશરે પચીસ કિલોમીટર દૂર નાગપુર રોડ પર સિમરિયા પાસે બની હતી. અકસ્માતમાં ૬ પુરુષો, ૩ મહિલાઓ અને એક બાળકનું મોત થયું છે. કોતવાલી સ્ટેશન હાઉસ ઓફિસર આશિષ કુમારે ઉમેર્યું કે અકસ્માત સમયે બસમાં ૪૦થી વધુ મુસાફરો સવાર હતા. ■

## ૨૦૨૪-૨૫માં બીજા પક્ષો કરતા દસ ગણું રાજકીય દાન મેળવ્યું ભાજપે

નવી દિલ્હી: નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં રાષ્ટ્રીય પક્ષોને મળેલું કુલ ડોનેશન ૨૦૨૩-૨૪ના કુલ ડોનેશન કરતાં ૧૬૧ ટકા વધારે છે. શાસક પક્ષ ભાજપે બીજા બધા રાષ્ટ્રીય પક્ષને મળેલા કુલ રાજકીય દાન કરતાં દસ ગણાથી વધારે ડોનેશન મેળવ્યું હતું, એવી માહિતી એસોસિયેશન ફોર ડેમોક્રટિક રીફોર્મ (એડીઆર)એ આપી હતી.

એડીઆરએ ગુરુવારે બહાર પાડેલા અહેવાલ પ્રમાણે વિવિધ પક્ષોને ૨૦,૦૦૦ રૂપિયાથી વધારે મળેલા ડોનેશનનો સરવાળો ૨૦૨૪-૨૫માં ૧૧,૩૪૩ યોગદાન વડે ૬૬૪૮.૫૬૩ કરોડ રૂપિયા થાય છે. આમાંથી ભાજપે જ ૫,૫૨૨ ડોનેશન વડે ૬,૦૭૪.૦૧૫ કરોડ રૂપિયનું ભંડોળ એકઠું કર્યું હતું. કૉંગ્રેસે ૨,૫૦૧ ડોનેશન વડે ૫૧૭.૩૯૪ કરોડ રૂપિયા ભેગા કર્યા હતા. ભાજપને મળેલું ડોનેશન કૉંગ્રેસ, આમ આદમી પાર્ટી (આપ), કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઈન્ડિયા-માર્કસવાદી (સીપીઆઈ-એમ) અને નેશનલ પીપલ્સ પાર્ટ

(જુઓ પાનું ૨) ▶▶

## મોદીને બદનામ કરતા વીડિયો બદલ 'એક્સ' સામે કેસ

તિરુવનંતપુરમ: વડા પ્રધાન અને મુખ્ય ચૂંટણી કમિશનરને બદનામ કરતો અને ગેરમાર્ગે દોરતો એઆઇથી તૈયાર કરાયેલો વીડિયો મૂકવા અને તેને ફેલાવવા બદલ સોશ્યલ મીડિયા 'એક્સ' અને તેના એક હેન્ડલ સામે કેરળની પોલીસની સાયબર શાખાએ કેસ નોંધ્યો હતો.

પોલીસે પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે દેશના ચૂંટણી પંચ સહિતની સત્તાવાર ચેનલ્સ દ્વારા અમારું આ વીડિયો પ્રત્યે ધ્યાન દોરવામાં આવ્યું હતું. આ વીડિયો ખોટી રીતે બદનામ કરતો અને એઆઇથી તૈયાર કરાયેલો છે.

તેણે જણાવ્યું હતું કે આ વીડિયો તપાસતા જાણવા મળ્યું હતું કે તે જનતાને ગેરમાર્ગે દોરી શકે છે અને મુક્ત તેમ જ ન્યાયી ચૂંટણીના આયોજનને માઠી અસર પહોંચાડી શકે છે. કેરળની પોલીસની સાયબર

(જુઓ પાનું ૨) ▶▶

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાંગ્લાદેશે પાકિસ્તાન આર્મી માટે દરવાજા બંધ કર્યા

બાંગ્લાદેશની ચૂંટણીમાં તારિક રહેમાનની બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (બીએનપી)ની જીત પછી બાંગ્લાદેશમાં ભારત વિરોધી વલણ અને પાકિસ્તાનની પકડ મજબૂત થશે એવી આશંકા વ્યક્ત કરાતી હતી. તેનું કારણ એ કે,તારિકના માતા બેગમ ખાલિદા ઝિયા ભારત તરફ કૂણું વલણ નહોતાં ધરાવતાં. ખાલિદા ભારત સાથે અંતર રાખતાં તેથી તારિક પણ ભારત તરફ કૂણા નહીં પડે ને મુહમ્મદ યુનુસની જેમ પાકિસ્તાનના ખોળામાં બેસી જશે એવો ડર બતાવાતો હતો પણ બાંગ્લાદેશના લિબરેશન ડે પર તારિક રહેમાને કરેલી વાતો ભારત માટે રાહતરૂપ છે.

તારિક રહેમાને પાકિસ્તાનને સાફ શબ્દોમાં કહી દીધું છે કે, બાંગ્લાદેશની આઝાદીની લડાઈ વખતે પાકિસ્તાનની આર્મીએ કરેલા અમાનુષી અત્યાચારોને કદી નહીં ભૂલી શકાય અને ૧૯૭૧માં પાકિસ્તાન આર્મીએ કરેલો નરસંહાર માનવજીવનના ઈતિહાસના સૌથી ઘૃણાસ્પદ નરસંહારોમાંથી એક છે. તારિકે પાકિસ્તાની આર્મીના ઓપરેશન સર્ચલાઇટ વખતે નિઃશસ્ત્ર બાંગ્લાદેશીઓની હત્યાકાંડના સમયગાળાને ક્રૂર દિવસો તરીકે યાદ કરીને લાંબીલચક પોસ્ટ મૂકી છે.

બાંગ્લાદેશમાં ૨૫ માર્ચનો દિવસ જીનોસાઈડ ડે એટલે કે નરસંહાર દિવસ તરીકે મનાવીને શહીદોને શ્રદ્ધાંજલિ અપાયછે કેમ કે , ૧૯૭૧માં ૨૫ માર્ચે પાકિસ્તાન આર્મીએ ઓપરેશન સર્ચલાઈટ હાથ ધર્યું હતું. પાકિસ્તાનના લશ્કરી સરમુખત્યાર યાહ્યાખાને બંગાળીઓની લડતને કચડી નાખવા અત્યાચારો કર્યા તેની સામે મુજીબુર રહેમાને લોકોને પૂરી તાકાતથી લડી લેવાનું એલાન કરતાં બંગાળીઓ રસ્તા પર ઉતર્યા હતા ને બાંગ્લાદેશમાં પ્રચંડ આંદોલન ઊભું થયું.

આ આંદોલનને કચડી નાખવા ૨૫ માર્ચ, ૧૯૭૧ના રોજ પાકિસ્તાનના લશ્કરી સરમુખત્યાર યાહ્યાખાને લશ્કરને છૂટો દોર આપી દીધો. યાહ્યા ખાને બાંગ્લા પ્રજાના વિરોધને કચડી નાખવા લશ્કરને જે યોગ્ય લાગે તે કરવાની છૂટ આપી. મુજીબુર રહેમાનની ધરપકડ કરીને પાકિસ્તાન આર્મી તૂટી પડ્યું. ઓપરેશન સર્ચલાઈટ દરમિયાન ૩૦ લાખ બંગાળીઓની હત્યા કરાઈ હતી અને એક લાખથી વધુ સ્ત્રીઓ પર બળાત્કાર ગુજારાયા હતા એવું કહેવાય છે. તેમાંથી મોટા ભાગનાં હિંદુ હતાં. પાકિસ્તાની લશ્કરના અત્યાચારો સામે બંગાળીઓનું રક્ષણ કરવા ૧૦ એપ્રિલે બાંગ્લાદેશમાં પ્રોવિઝનલ ગવર્નમેન્ટ રચાઈ હતી. આ સરકારે મોહમ્મદ અતાઉલ ગોની ઉસ્માનીને કમાન્ડર બનાવીને મુક્તિ બાહિની રચી. મુક્તિ બાહિની બાંગ્લાદેશની આઝાદી માટે રચાયેલું લશ્કર હતું.

બાંગ્લાદેશની માગણી છે કે, આ અત્યાચારો માટે પાકિસ્તાન આર્મી બાંગ્લાદેશી પ્રજાની માફી માગે પણ પાકિસ્તાન આર્મીને અહમ નડે છે તેથી માફી નથી માગતી. તારિકે પાકિસ્તાન આર્મીના આ વલણનાં છોડાં ફાડી નાખીને પોસ્ટ મૂકી છે કે, સ્વતંત્રતાપ્રેમી બાંગ્લાદેશના ઇતિહાસમાં, ૨૫ માર્ચ ૧૯૭૧ સૌથી શરમજનક અને ક્રૂર દિવસોમાંથી એક છે. આ કાળી રાત્રે પાકિસ્તાની લશ્કરે 'ઓપરેશન સર્ચલાઇટ'ના નામે બાંગ્લાદેશના નિઃશસ્ત્ર લોકો પર ઇતિહાસનો સૌથી જઘન્ય નરસંહાર કર્યો. પાકિસ્તાને ઢાકા યુનિવર્સિટી, પિલખાના અને રાજરબાગ પોલીસ લાઇન્સ સહિત વિવિધ સ્થળે શિક્ષકો, બુદ્ધિજીવીઓ અને નિર્દોષ નાગરિકો પર આડેધડ ગોળીબાર કરીને સેંકડોની હત્યાઓ કરી. ૨૫ માર્ચનો નરસંહાર પૂર્વ આયોજિત નરસંહાર હતો.વર્તમાન અને ભાવિ પેઢીઓને સ્વતંત્રતાના મૂલ્ય અને મહત્ત્વને પહોંચાડવા માટે, ૨૫ માર્ચના નરસંહાર વિશે પણ જાણવું જરૂરી છે.

તારીકની પોસ્ટ પાકિસ્તાન માટે આંચકાજનક છે કેમ કે યુનુસના શાસન વખતે બાંગ્લાદેશના દરવાજા ખૂલ્યા એટલે પાકિસ્તાનીઓ એમ જ માનતા થઈ ગયેલા કે, બાંગ્લાદેશ હવે તેમના બાપનો બગીચો છે કે જ્યાં મનફાવે ત્યારે આવનજાવન કરી શકાય છે. તારીકે તેમને ભાન કરાવ્યું છે કે, ૫૫ વર્ષ પહેલાં કરેલા નરસંહારને બાંગ્લાદેશ ભૂલ્યું નથી ને પાકિસ્તાનને માફ પણ કર્યું નથી તેથી અમારાથી વેગળા જ રહેજો. આડકતરી રીતે તારિકે પાકિસ્તાન આર્મી માટે બાંગ્લાદેશના દરવાજા પણ બંધ કરી દીધા છે.

તારીકનું વલણ ભારત માટે હકારાત્મક સંકેત છે કેમ કે શેખ હસીનાએ બાંગ્લાદેશ છોડીને ભાગવું પડ્યું ને અમેરિકાના પીઠ્ઠુ જેવા મુહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર રચીને તેને સત્તાની કમાન સોંપાઈ પછી યુનુસ પાકિસ્તાનના પગમાં આળોટી ગયા હતા. યુનુસે બાંગ્લાદેશના દરવાજા પાકિસ્તાનના લશ્કર માટે ખોલી દીધેલા. બાંગ્લાદેશની આર્મીને પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈ દ્વારા તાલીમ અપાય એવી ગોઠવણોના બહાને બાંગ્લાદેશને ભારત વિરોધી પ્રવૃત્તિઓનો અડ્ડો બનાવવાની યુનુસની મુરાદ હતી કેમ કે યુનુસ કટ્ટરવાદીઓની કઠપૂતળી હતા. અમેરિકા પણ પાકિસ્તાનને પડખામાં લઈ રહ્યું છે તેથી અમેરિકા તરફથી પણ લીલી ઝંડી મળી હશે એટલે બાંગ્લાદેશમાં ભારત વિરોધી માહોલ પ્રબળ બનાવી દેવાયેલો. યુનુસ તો પોતે દર બીજા દિવસે ભારતનાં સેવન સિસ્ટર સ્ટેટ્સની વાતો કરીને તેમના પર કબજો કરવાનાં દિવાસ્વપ્નો કટ્ટરવાદીઓને બતાવવા માંડેલા.

પાકિસ્તાન આર્મી અને આઈએસઆઈ તો બાંગ્લાદેશની ધરતીનો ઉપયોગ ભારતમાં આતંકવાદ ફેલાવવા માટે કરવાની વેતરણમાં પણ લાગી ગયેલાં પણ તારિક રહેમાનની તડ ને ફડ વાત પરથી સ્પષ્ટ છે કે, યુનુસે શરૂ કરેલું બાંગ્લાદેશ ને પાકિસ્તાનનું હનીમૂન પૂરું થઈ ગયું છે ને તારીકને ધોળે ધરમેય પાકિસ્તાન ખપતું નથી.

તારીકનું વલણ ભારત માટે બહુ આંચકાજનક નથી કેમ કે તારીક પોતાનાં માતા ખાલિદા ઝિયાના રસ્તે જ ચાલી રહ્યા છે. ખાલિદા ભારતતરફી નહોતાં તો ભારતવિરોધી પણ નહોતાં પણ મોટી વાત એ કે, પાકિસ્તાન કે ચીનને તેમણે બાંગ્લાદેશમાં ઘૂસવા નહોતાં દીધાં. ખાલિદા બાંગ્લાદેશને એક મજબૂત અને પોતાની સુરક્ષા જાતે જ કરી શકે એવું રાષ્ટ્ર બનાવવા માગતાં હતાં. તેના કારણે કેટલાક મુદ્દે તેમણે ભારત સામે આકરું વલણ લીધું તેમાં ઘણાંએ તેમને ભારત વિરોધી ચિતર્યાં પણ ખાલિદા ભારત વિરોધી નહોતાં.

તારીક પાકિસ્તાન આર્મીને માફ કરી શકે તેમ નથી એ માટે બીજું પણ કારણ છે. તારીકના પિતા ઝીયા ઉર રહેમાન ઓપરેશન સર્ચલાઈટ સામે બગાવત કરનારા પહેલા પાકિસ્તાની આર્મી ઓફિસર હતા તેથી તારીકનો પરિવાર નરસંહારની વિરુદ્ધ પહેલેથી છે. ઝીયા પછી રાજકારણમાં આવ્યા અને પ્રમુખ બન્યા. ૧૯૮૧માં ઝીયાની આર્મીના અધિકારીઓએ હત્યા કરી નાખી હતી. પાકિસ્તાને આ હત્યાના કાવતરામાં પડદા પાછળ ભૂમિકા ભજવી હોવાનું કહેવાય છે કેમ કે બાંગ્લાદેશના સર્જનમાં અને ૧૯૭૧ના ભારત સામેના યુદ્ધમાં પાકિસ્તાનની હારમાં ઝીયાએ મોટો ફાળો આપ્યો હતો. તારીક આ વાત પણ નથી જ ભૂલ્યા.

પાકિસ્તાન આર્મી સામેનું આકરુ વલણ એ વાતનો પુરાવો છે કે, તારીક સમજદાર છે. દુનિયા બદલાઈ રહી છે અને આર્થિક હિતો વધારે મહત્ત્વનાં બનતાં જાય છે ત્યારે આતંકવાદના રવાડે ચડેલું પાકિસ્તાન નહીં પણ ભારત બાંગ્લાદેશ માટે વધારે મહત્ત્વનું છે તેનો અહેસાસ તારીકને છે. યુદ્ધના માહોલમાં પણ ભારતે બાંગ્લાદેશને પાઈપ લાઈન દ્વારા અપાતું ડીઝલ બંધ નથી કર્યું. તેના પરથી સ્પષ્ટ છે કે, બાંગ્લાદેશને પાકિસ્તાન નહીં પણ ભારત વધારે મદદરૂપ થઈ શકે તેમ છે ને તારીકમાં આ સમજ છે એ સારું છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ – સૌર વસંતઋતુ, શુક્રવાર, તા. ૨૭–૩–૨૦૨૬, શ્રી સ્વામીનારાણ જયંતી, ચૈત્ર નવરાત્રિ સમાપ્ત

- ભારતીય દિનાંક ૬, માહે ચૈત્ર, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ચૈત્ર સુદ –૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ચૈત્ર, તિથિ સુદ–૯
- પારસી શહેનશાહી રોજ ૧૫મો દએપમહેર, માહે ૮મો આવાં સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૫મો દએપમહેર, માહે ૯મો આદર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૭મો અમરદાદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- મીસરી રોજ ૯મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૭
- નક્ષત્ર પુનર્વસુ બપોરે ક. ૧૫–૨૩ સુધી, પછી પુષ્ય
- ચંદ્ર મિથુનમાં સવારે ક. ૦૯–૩૫ સુધી, પછી કર્કમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૮, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૮, સ્ટા.ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૯, અમદાવાદ ક. ૧૮ મિ. ૫૧, સ્ટા. ટા.
- –ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ ઃ–
- ભરતીઃ રાત્રે ક. ૨૦–૧૧
- ઓટઃ બપોરે ક. ૧૩–૦૨, મધ્યરાત્રિ પછી ક. ૦૨–૪૯ (તા. ૨૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ – નવમી. શ્રી સ્વામીનારાણ જયંતી, ચૈત્ર નવરાત્રિ સમાપ્ત.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા, શ્રી સુક્ત–પુરુસુક્ત, શ્રીગણેશ અથર્વશીર્ષમ્ અભિષેક, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન,ગુરુ–શુક્ર ગ્રહદેવતાનું પૂજન, અદિતિ પૂજન, વાંસ વાવવા, પરદેશનું પસ્તાનું, શ્રી સ્વામીનારાયણ જયંતી ઉત્સવ, ચૈત્રી નવરાત્રિ સમાપ્તિની વિશેષ પૂજા, ધાન્ય ભરવું, બી વાવવું, નવાં વસ્રો, વેપાર સ્થાવર લેવડદેવડ, પશુ લે–વેચ, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, વૃક્ષ વાવવા, ઉપવાટિકા બનાવવી, મિલકત લેવડદેવડના નિત્ય થતાં કામકાજ.
- આચમનઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ ઉડાઉ સ્વભાવ, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર–શનિ ત્રિકોણ સ્થિર સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–શુક્ર ચતુષ્કોણ, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર–શનિ ત્રિકોણ, ચંદ્ર–પુનર્વસુ યુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય–મીન, મંગળ–કુંભ, માર્ગી બુધ–કુંભ (બુધ દેખાશે), માર્ગી ગુરુ–મિથુન, શુક્ર–મેષ (શુક્ર પશ્ચિમમાં દેખાશે). માર્ગી શનિ–મીન (શનિ અસ્ત), રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચૂન–મીન, માર્ગી પ્લુટો–મકર.

# દિલ્હીથી લંડન જતું એર ઈન્ડિયાનું વધુ એક વિમાન યાંત્રિક ખામી સર્જાતાં પાછું ફર્યું

નવી દિલ્હીઃ એર ઈન્ડિયાના વધુ એક વિમાનમાં યાંત્રિક ખામીના અહેવાલો સામે આવ્યા છે. ગુરુવારે બપોરે દિલ્હીથી લંડન જતી એર ઈન્ડિયાની ફ્લાઇટમાં યાંત્રિક ખામી સર્જાતા વિમાનને ઉડાન ભર્યાના કલાકો બાદ અધ વચ્ચેથી જ દિલ્હી પરત ફરવું પડ્યું હતું.

લગભગ એક અઠવાડિયા પહેલા વાનકુવર જતી એર ઈન્ડિયાની ફ્લાઇટ પણ સાત કલાક હવામાં રહ્યા પછી દિલ્હી પરત ફરી હતી. છેલ્લા ૧૦ દિવસમાં આ બીજો બનાવ છે જ્યારે વિમાનને પરત ફરવું પડ્યું છે. એર ઈન્ડિયાનું નવું એરબસ એ૩૫૦ વિમાન, ટર્બ્યુલન્સ, વધુ પડતા કંપન અને અવાજને કારણે તેની લાંબા અંતરની મુસાફરી પૂર્ણ કરી શક્યું ન હતું. જ્યારે વિમાન ઓમાનના હવાઇ ક્ષેત્ર પરથી ઉડાન ભરી રહ્યું હતું ત્યારે આ સમસ્યા ઊભી થતાં યુ-ટર્ન લેવો પડ્યો હતો.

તાજેતરની ઘટના અંગે ડીજીસીએના એક અધિકારીએ જણાવ્યું કે એર ઇન્ડિયા એ૩૫૦ એરક્રાફ્ટ વીટી-જેઆરએફ, જે દિલ્હીથી ફ્લાઇટ એ૧ ૧૧૧નું સંચાલન કરી રહ્યું હતું, તે વધુ પડતા અવાજની સમસ્યા ઊભી થતાં પાછું ફર્યું હતું. વિમાન ઓમાનના હવાઇ ક્ષેત્ર નજીકથી જ પરત ફર્યું હતું. આ પહેલા ૧૬ માર્ચના રોજ ફ્લાઇટ એ૧ ૧૦૨(ન્યૂયોર્ક, જેએફકે-દિલ્હી) ઓપરેટ કરતી વખતે આ જ વિમાનમાં આ પ્રકારની સમસ્યા સામે આવી હતી. ત્યારે એરબસ સાથે પરામર્શ કરીને વિમાનનું મેઇટનેન્સ/ઇન્સ્પેકશન કરવામાં આવ્યું હતું અને કોઇ ખામી જોવા મળી ન હતી. ત્યારથી વિમાને કોઇપણ સમસ્યા વિના ૧૦ ઉડાન ભરી છે.

# ભારતે ડૉલરને બદલે ઑઇલની ખરીદી રૂપિયામાં શરૂ કરી

નવી દિલ્હીઃ ઇરાન પર અમેરિકા અને ઈઝરાયલે મળીને કરેલા હુમલાને ત્રણ સપ્તાહથી વધુ સમય થઈ ગયો છે. હોર્મુઝની ખાડીમાં ઇરાનના દબદબાથી અનેક દેશોની સ્થિતિ કફોડી થઈ ગઈ છે. હરાને હજુ સુધી ઈઝરાયલ અને અમેરિકાના સહયોગી દેશોના એક પણ જહાજને પસાર થવા દીધા નથી. જ્યારે ભારત, પાકિસ્તાન, ચીન અને રશિયાને મિત્ર ગણાવીને તેમના જહાજોને પસાર થવાની મંજૂરી આપી છે. આ દરમિયાન ભારતે એક મોટું પગલું ભરીને ડોલરનું તેલ કાઢતું પગલું ભર્યું છે. એક રિપોર્ટ પ્રમાણે, મિડલ-ઈસ્ટની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતે ડોલરના બદલે રૂપિયામાં ખરીદી શરૂ કરી છે. જેનાથી સમગ્ર વિશ્વ દંગ રહી ગયું છે.

મિડલ-ઈસ્ટના યુદ્ધમાં ફસાયેલા જહાજોને બહાર કાઢવા વિવિધ દેશો મથામણ કરી રહ્યા છે અને આ માટે ડોલર કે યુઆનમાં ખરીદી કરવા મજબૂર છે. ભારતની ઓઈલ રિફાઈનરીઓ હવે રૂપિયામાં ચૂકવણી કરીને સમગ્ર વિશ્વને ચોંકાવી રહી છે. રિપોર્ટમાં ભારતીય રિફાઈનરીઓ હવે રશિયન ઓઇલની ખરીદીની ચૂકવણી અમેરિકન ડોલરના બદલે ભારતીય રૂપિયામાં કરી રહી હોવાનું જણાવાયું છે. જે મુજબ ભારતીય રૂપિયા વિદેશી ખાતામાં જમા કરાવવામાં આવે છે અને બાદમાં યુએઈના દિરહામ કે ચીનના યુઆનમાં કન્વર્ટ કરવામાં આવતા હોવાનું જણાવાયું છે. આ બદલાવ જિયોપોલિટિકલ તણાવ અને અમેરિકન નીતિઓમાં બદલાવ વચ્ચે આવ્યો છે.

ભારત દ્વારા રૂપિયામાં ઓયલની ખરીદી શરૂ કરવામાં આવતાં ડોલરની દાદાગીરી દાવ પર લાગી છે. નિષ્ણાતોનું માનવું છે કે આગામી દિવસોમાં રૂપિયાને મજબૂતી મળશે. છેલ્લા થોડા મહિનાથી રૂપિયો ડોલર સામે નબળો પડ્યો છે. પરંતુ ભારતે આ મોટું પગલું ભર્યું છે. મિડલ-ઈસ્ટ યુદ્ધ દરમિયાન પોતાના ચલણમાં ખરીદી કરનારો ભારત પ્રથમ દેશ બન્યો છે. રશિયન કંપનીઓ હવે લાંબા ગાળાના એવા આયોજન ઈચ્છે છે, જેથી અમેરિકી પ્રતિબંધો અથવા નીતિગત ફેરફારોથી બચી શકાય. આવી સ્થિતિમાં, ભારતે પોતાના ચલણને મજબૂત કરવા માટે રૂપિયામાં ખરીદી શરૂ કરી છે.

# વંદે ભારતના પ્રવાસીને અપાયેલા પૅકેજડ દહીંના કપમાંથી જીવતા કીડા મળ્યા

નવી દિલ્હીઃ પટણા-ટાટા નગર વંદે ભારત એક્સપ્રેસના પ્રવાસીને આપવામાં આવેલા પૅકેજ્ડ દહીંના કપમાંથી જીવતા કીડા મળી આવ્યા બાદ રેલવેએ વેન્ડરનો કોન્ટ્રાક્ટ રદ કર્યો હતો અને કંપનીને પચાસ લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો.

આ બાબતને યોગ્ય રીતે હાથ ન ધરવા બદલ રેલવે ખાતાએ પોતાની જ કંપની ઈન્ડિયન રેલવે કેટરિંગ ઍન્ડ ટૂરીઝમ કોર્પોરેશન (આઈઆરસીટીસી)ને પણ દસ લાખ રૂપિયાનો દંડ કર્યો હતો.

૧૫મી માર્ચે વંદે ભારત એક્સપ્રેસમાં પ્રવાસ કરી રહેલા સાત પ્રવાસીને ડિનર દરમિયાન જાણીતી કંપનીના દહીંના પૅકેજ્ડ કપ આપવામાં આવ્યા હતા. પ્રવાસીઓમાંનાં એકે કપ ખોલતાં તેમાં જીવતા કીડા અને જંતુ જોવા મળ્યા હતા. પ્રવાસી રીતેશ સિંહે આઈઆરસીટીસીને ટૅગ કરીને તાબડતોબ સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં આ મુદ્દો ઉપાડી લીધો હતો. તપાસ કરતા જાણવા મળ્યું હતું કે પૅકેજ્ડ દહીંના આ કપ પટણા ખાતેથી લેવામાં આવ્યા હતા અને તેનાં પર મેન્યુફેક્ચરિંગ ડૅટ નવમી માર્ચ અને એક્સપાયરી ડૅટ સાત એપ્રિલ ૨૦૨૬ની હતી. ઘટના બદલ અધિકારીઓએ માફી માગી હોવાનું અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### દેશમાં ઈંધણના

દિવસનું ખનિજ તેલ અને ઈંધણ સંગ્રહ કરવાની ક્ષમતા છે. અખાતના યુદ્ધને ૨૭ દિવસ થઇ ગયા હોવા છતાં આપણી પાસે હાલમાં ઈંધણનો ૬૦ દિવસનો જથ્થો છે. ભારતીય નાગરિકોને આગામી બે મહિના ઈંધણ પૂરું પાડી શકાય એટલો ખનિજ તેલનો જથ્થો છે. ઈંધણ અપૂરતું હોવાની માત્ર અફવા છે. રાંધણગૅસનો પુરવઠો પણ પૂરતો છે. (એજન્સી)

### અમેરિકા કે ઈરાન

સામુદ્રધુનીની નજીક પોતાના વધુ હજારો સૈનિકો મોકલ્યા હતા. હોર્મુઝ ખાડીમાંથી જહાજોને પસાર થવા દેવા તહેરાન 'પ્રૉટેક્શન મની' ચાર્જ કરતું હોવાનો આક્ષેપ કરાયો હતો.

દુનિયાના વીસ ટકા ખનિજ તેલની જ્યાંથી હેરફેર થાય છે, તે હોર્મુઝ સામુદ્રધુની પર ઇરાને પોતાનો કબજો વધાર્યો છે અને વિશ્વના ૧૨ ટકા ખનિજ તેલને જ્યાંથી લાવવા અને લઇ જવામાં આવે છે, તે બાબ અલ-મંડેબ સામુદ્રધુની બંધ કરવાની ધમકી આપી હતી.

બાબ અલ-મંડેબ સામુદ્રધુની રાતા સમુદ્રને એડનની ખાડી અને હિંદ મહાસાગરને જોડનારો દરિયાઇ માર્ગ છે. તે યમન અને આફ્રિકા હૉર્ન (જિબૂટી - ઇરિટ્રિયા)ની વચ્ચે છે.

ઇઝરાયલે દાવો કર્યો હતો કે અમે ઇરાનના રિવોલ્યુશનરી ગાર્ડના નૌકાદળના વડા કમાંડર અલીઝેરા તાંગસીરીને અને અન્ય ઉચ્ચ અધિકારીની સાથે માર્યો હતો. સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ના હવાઇ સુરક્ષા વિભાગે ઇરાનના મિસાઇલોને આકાશમાં જ તોડી પાડી હોવાનો દાવો કર્યો હતો.

ઇરાને ઇઝરાયલ અને આરબ દેશો પર મિસાઇલો અને ડ્રોનથી હુમલા ચાલુ રાખ્યા હતા. અખાતના છ આરબ દેશના ગલ્ફ કોઓપરેશન કાઉન્સિલે આક્ષેપ કર્યો હતો કે ઇરાન હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જહાજો સલામત જવા દેવા માટે ચાર્જ લઇ રહ્યો છે.

ઇરાનના સાંસદ મોહમ્મદ્રેઝા રેઝાઇ કૌચીએ જણાવ્યું હતું કે અમે હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જહાજો અને તેલનાં ટૅન્કરોને સલામત રીતે પસાર થવા સુરક્ષા પૂરી પાડીએ છીએ અને તેના માટે ફી આપવી જ જોઇએ. ઇરાન હોર્મુઝની ખાડીમાંથી જહાજોને પસાર થવા દેવા ચીનના ચલણ યુઆનમાં પણ ફી લેતું હોવાનું કહેવાય છે. (એજન્સી)

### અમેરિકા પાસે

માટે ચૂકવણી કરે છે. આ બાબતથી પરિચિત ત્રણ લોકોને ટાંકીને રિપોર્ટમાં કહ્યું હતું કે પેન્ટાગોનમાં તેના પર એક વાસ્તવિક અને જોરદાર ચર્ચા ચાલી રહી છે. હથિયારોની સપ્લાય અગાઉથી જ ચોંકાવનારી છે. ૨૮ ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયલી દળોએ ઇરાન પર હુમલાઓ શરૂ કર્યા ત્યારથી અમેરિકન સેન્ટ્રલ કમાન્ડે લગભગ ચાર અઠવાડિયામાં ૯,૦૦૦થી વધુ લક્ષ્યો પર હુમલો કર્યો છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીએ આ અઠવાડિયે દાવો કર્યો હતો કે મિડલ-ઈસ્ટમાં અમેરિકાના સાથી દેશોએ માત્ર ત્રણ દિવસમાં ૮૦૦થી વધુ પેટ્રિયટ ઇન્ટરસેપ્ટર મિસાઇલો છોડી છે, જે રશિયા સાથેના તેના ચાર વર્ષના યુદ્ધ દરમિયાન યુક્રેન દ્વારા જમા કરાયેલા હથિયારોના કુલ ભંડાર કરતા પણ વધુ છે.

રિપોર્ટ અનુસાર, પેન્ટાગોને સોમવારે અમેરિકન કોંગ્રેસને જાણ કરી છે કે નાટો દ્વારા આપવામાં આવેલા પીયુઆરએલ ફંડમાંથી લગભગ ૭૫ કરોડ ડોલરની રકમને યુક્રેનને વધારાનાં શસ્ત્રો મોકલવાને બદલે પોતાની સેના માટે શસ્ત્રોનો ભંડાર વધારવા માટેનો ઈચ્છા ધરાવે છે. પીયુઆરએલમાં ફાળો આપતા યુરોપિયન દેશો આ વાતથી વાકેફ છે કે નહીં તે સ્પષ્ટ નથી.

નેશનલ ઈકોનોમિક કાઉન્સિલના ડિરેક્ટર કેવિન હેસેટના જણાવ્યા અનુસાર, અમેરિકાએ પ્રથમ બે અઠવાડિયામાં યુદ્ધ પર ઓછામાં ઓછા ૧૨ અબજ ડોલરનો ખર્ચ કર્યો છે. અમેરિકાના મીડિયા રિપોર્ટ અનુસાર, પેન્ટાગોનના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ઓપરેશનનો ખર્ચ ફક્ત પ્રથમ છ દિવસમાં ૧૧.૩ અબજ ડોલર થયો છે. પેન્ટાગોને કોંગ્રેસ પાસેથી મિસાઇલોની સંખ્યા વધારવા ૨૦૦ અબજ ડોલરનું પૂરક બજેટ માગ્યું છે. લોકહીડ માર્ટિન હાલમાં દર વર્ષે આશરે ૬૦૦ પીએસી-૩ ઇન્ટરસેપ્ટરનું ઉત્પાદન કરે છે. વર્તમાન ઈરાન સંઘર્ષ પહેલા પણ આને અપૂરતું માનવામાં આવતું હતું. કંપની જાન્યુઆરીમાં જાહેર કરાયેલા કરાર હેઠળ વાર્ષિક ૨,૦૦૦ યુનિટ સુધી સ્કેલ કરવા સંમત થઈ હતી, પરંતુ તેમાં સમય લાગશે.

### અબુ ધાબીમાં

પહોંચ્યો છે. જોકે મિસાઈલ ક્યાંથી છોડવામાં આવ્યું હતું એ અંગેની જાણકારી નહોતી મળી શકી. અમેરિકાના ઍરબેઝને ઈરાન દ્વારા નિશાન બનાવવામાં આવી રહેલા દેશમાં યુએઈનો હિસ્સો ગણાતા અબુ ધાબીનો પણ સમાવેશ થાય છે. ઈરાનનું કહેવું છે કે ૨૮ ફેબ્રુઆરીથી અમારા પર કરવામાં આવી રહેલા હુમલાની જ અમે પ્રતિક્રિયા આપી રહ્યા છીએ. હુમલામાં માર્યા ગયેલા ઉત્તર પ્રદેશના ૨૬ વર્ષના રવિ ગોપાલના પરિવારજનોનું માનવું છે કે ગુરુવારે રિયાધ પર કરવામાં આવેલા સંભવિત હુમલામાં જ તેનું મોત થયું હતું. પરિવારજનોએ વળતર અને યુવકની પત્નીને સરકારી નોકરી આપવાની માગણી કરી છે.

વિદેશ ખાતા અને જિલ્લા વહીવટીતંત્રની મદદથી રવિનો મૃતદેહ બુધવારે સઉદીથી સીતાપુરના બાઘેન ગામે લાવવામાં આવ્યા બાદ સાંજે તેનાં અંતિમસંસ્કાર કરવામાં આવ્યા હતા. (એજન્સી)

### નાયરા એનર્જીએ

અનુસાર નાયરાએ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર પાંચ રૂપિયા અને ડીઝલમાં ત્રણ રૂપિયાનો વધારો કર્યો છે. જો કે સ્થાનિક કર(જેમ કે વેટ)ની અસરને કારણે આ વધારો રાજ્ય પ્રમાણે અલગ અલગ હોઇ શકે છે. કેટલીક જગ્યાએ આ વધારો પ્રતિ લિટર ૫.૩૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે.

પેટ્રોલના ભાવ હૈદરાબાદમાં સૌથી વધુ નોંધાયા છે. જ્યાં ગુરૂવારે એક લિટર પેટ્રોલનો ભાવ ૧૦૭.૪૬ રૂપિયા હતો. મુંબઇ અને કોલકાતા જેવા અન્ય શહેરોમાં પણ ભાવ પ્રતિ લિટર ૧૦૦ રૂપિયાથી વધુ રહ્યા હતા. ડીઝલના ભાવની વાત કરીએ તો હૈદરાબાદ ૯૫.૭૦ રૂપિયા પ્રતિ લિટર સાથે ટિઅર-વન શહેરોની યાદીમાં ટોચ પર છે. ઈંધણની અછતની આશંકાઓ વચ્ચે ભારતના ઘણા રાજ્યોમાં લોકો તેમના વાહનોમાં ઈંધણ ભરાવવા માટે પેટ્રોલ પંપો પર ઊમટી રહ્યા છે. વળી એલપીજી સંકટને કારણે પણ ફિલિંગ સ્ટેશનો અને ડેપોની બહાર લાંબી કતારો જોવા મળી રહી છે.

### ભારત સહિતના

નથી. જોકે તે બીજાઓ માટે ખુલ્લો છે. છ સાથીદેશો હોર્મુઝ સામુદ્રધુનીમાંથી સલામત પરિવહન માટેના પ્રયાસમાં મદદ કરવા તૈયાર છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ઈરાનને ચેતવણી આપી છે કે જો હોર્મુઝને નહીં ખોલવામાં આવશે તો આના ગંભીર પરિણામો તેને ભોગવવા પડશે. હોર્મુઝ બંધ થવાથી કમર્શિયલ શિપિંગમાં વિક્ષેપ પડ્યો છે. છેલ્લા બે અઠવાડિયાથી ભારતે પશ્ચિમ એશિયાનું યુદ્ધ અટકાવવા અને હોર્મુઝને ખોલવા રાજદ્વારી પ્રયાસો ચાલુ કર્યા છે.

જો આ જળમાર્ગને નહીં ખોલવામાં આવે તો ભારત સહિત અનેક દેશોની એનર્જી અને ફૂડ સિક્યોરિટી પર ગંભીર પરિણામો આવશે. (પીટીઆઈ)

### ૨૦૨૪-૨૫માં

(એનપીઈપી)ના એ જ સમયગાળાના કુલ ડોનેશન કરતાં પણ દસ ગણું વધારે છે. દરમિયાન બહુજન સમાજ પાર્ટી (બીએસપી)એ છેલ્લાં ૧૯ વર્ષથી જાહેર કર્યું હતું એમ ફરી જાહેર કર્યું છે કે તેને ૨૦,૦૦૦થી વધારે રૂપિયાનું કોઈ ડોનેશન મળ્યું નથી.

રાષ્ટ્રીય પક્ષોને મળેલું એકંદર ડોનેશન ૨૦૨૩-૨૪ની સરખામણીમાં ૨૦૨૪-૨૫માં ૪,૧૦૪.૨૮૫ કરોડ રૂપિયા વધ્યું હતું. ભાજપનું કલેકશન અગાઉના નાણાકીય વર્ષના ૨,૨૪૩.૯૪૭ કરોડ રૂપિયાની તુલનામાં ૧૭૧ ટકા વધ્યું હતું. કૉંગ્રેસનું ડોનેશન ૨૦૨૩-૨૪ના ૨૮૧.૪૮ કરોડ રૂપિયાની તુલનામાં ૮૪ ટકા વધીને ૫૧૭.૩૯૪ કરોડ રૂપિયા થયું હતું. આપનું ડોનેશન ૨૪૪ ટકા વધીને ૨૭.૦૪૪ કરોડ રૂપિયા થયું હતું. (એજન્સી)

### મોદીને બદનામ

શાખાએ જણાવ્યું હતું કે અમે 'એક્સ' (ટ્વિટર) અકાઉન્ટ ધરાવનારા લક્ષ્મી એન. રાજુ અને 'એક્સ કોર્પ' સહિતના અન્ય લોકોની સામે તિરુવનંતપુરમ શહેરના સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે બુધવારે રાતે કેસ નોંધ્યો હતો અને કાયદાના ભંગના સંદર્ભે તપાસ હાથ ધરાઇ રહી છે. ભારતીય ન્યાયસંહિતાની કલમ ૩૫૨, ૩૩૬, ૩૫૩. ૩(૫) અને ૧૭૪ હેઠળ તેમ જ ઇન્ફોર્મેશન ટૅક્નોલૉજી ઍક્ટની કલમ ૬૬સી હેઠળ પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધાયો હતો. એફઆઇઆરમાં જણાવાયું હતું કે સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ પર મુકાયેલા ૧ મિનિટ ૧૭ સેકંડના આ વીડિયોનો હેતુ રમખાણ કરાવવાનો હતો. પોલીસે જણાવ્યું હતું કે આ કિસ્સામાં સંબંધિત આરોપીઓને કાયદેસર નોટિસ પાઠવાઇ હતી. (એજન્સી)

### પ્રત્યર્પણનો કેસ

દૂર થયો હતો, તેવું સીબીઆઈના પ્રવક્તાએ અહીં એક નિવેદનમાં જણાવ્યું હતું. પ્રવક્તાએ જણાવ્યું હતું કે મોદીની અરજીને ફગાવી દેતા કોર્ટે અવલોકન કર્યું હતું કે અરજી અને તેની આસપાસના સંજોગો કેસ ફરીથી ખોલવા માટે યોગ્ય નથી. જાહેર ક્ષેત્રની બેંક સાથે નોંધપાત્ર નાણાકીય ગેરરીતિઓ સાથે સંકળાયેલા પીએનબી કૌભાંડના સંદર્ભમાં સીબીઆઈ નીરવ મોદીના પ્રત્યાર્પણની માંગ કરી રહી છે, જેની કાર્યવાહી ૨૦૧૮થી ચાલી રહી છે, એવું તેમણે જણાવ્યું હતું.

યુકેની અદાલતોએ ૧૦૧૯માં મોદીની ધરપકડ બાદ તેના પ્રત્યાર્પણને મંજૂરી આપી હતી અને તેની અગાઉની અપીલોને ફગાવી દીધી હતી, કોઈ કાનૂની અવરોધો ન મળ્યા અને ભારતમાં તેની સારવાર અંગે ખાતરીઓ સ્વીકારી હતી, એમ તેમણે ઉમેર્યું હતું.

જોકે કામચલાઉ કાનૂની અવરોધને કારણે પ્રક્રિયામાં વિલંબ થયો હતો, તે ઓગસ્ટ ૨૦૨૫માં દૂર કરવામાં આવ્યો હતો.

નીરવ મોદીએ સંભવિત દુર્વ્યવહાર (ભંડારીના ચુકાદાના આધારે) અંગે ચિંતાઓ અને ભારતીય અધિકારીઓ દ્વારા આપવામાં આવેલ ખાતરીઓ તેના અધિકારોનું રક્ષણ કરવા માટે પૂરતી હતી કે કેમ તે અંગે ચિંતા વ્યક્ત કરીને તેની અપીલ ફરીથી ખોલવા માટે અરજી કરી હતી, તેવું અધિકારીએ જણાવ્યું હતું. પ્રવક્તાએ જણાવ્યું હતું કે, નીરવ ૧૯ માર્ચ, ૨૦૧૯થી યુકેની જેલમાં છે. તે એક ભાગેડુ આર્થિક ગુનેગાર છે. એકલા નીરવે જ ૬,૪૯૮.૨૦ કરોડ રૂપિયાની ઉચાપત કરી હતી.

તેમણે કહ્યું કે આ સકારાત્મક પરિણામ આ સફળતા પ્રાપ્ત કરવા માટે ભારત સરકારના સતત પ્રયાસો અને મજબૂત પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

### આંધ્ર પ્રદેશમાં

શોકની લાગણી વ્યક્ત કરી હતી અને અસરગ્રસ્ત પરિવારના લોકો પરત્વે સહાનુભૂતિ વ્યક્ત કરી હતી. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી રિલીફ ફંડમાંથી મૃતકના પરિવારજનોને બે લાખ રૂપિયાની અને ઘાયલોને રૂ. ૫૦,૦૦૦ની સહાય આપવાની જાહેરાત કરી હતી.

આ અકસ્માત રાયાવરમ ગામ નજીક પોડિલી જતા રોડ પર ગુરુવારે વહેલી સવારે ૫.૩૦થી ૬.૦૦ વાગ્યા દરમિયાન થયો હતો.

અકસ્માતના સમયે બસમાં ૪૧ પ્રવાસી હતા જેમાંથી ૧૩ જણ આગમાં ભડથું થઈ ગયા હતા, એમ રાજ્ય ગૃહ ખાતાના પ્રધાન વાન્ગાલાપૂડી અનિતાએ કહ્યું હતું. આ ખાનગી બસ તેલંગણાના જગ્તિયાલથી નેલોરે જિલ્લાના કાલિગિરિ જઈ રહી હોવાનું જણાવતાં તેમણે કહ્યું હતું કે હરિક્રિષ્ણા ટ્રાવેલ્સની આ બસનો માલિક કાનિગિરીનો વતની છે.

મરકાપુરમના ઈન્ચાર્જ એસપી વી. હર્ષવર્ધન રાજુએ કહ્યું હતું કે પ્રાથમિક તપાસના અહેવાલ મુજબ બસ ખોટી લેનમાં પ્રવેશી હતી અને ડમ્પર ટ્રક સાથે અથડાઈ હતી. આ દુર્ઘટનામાં ડમ્પર ટ્રકમાં બેસેલા લોકો પણ ઘાયલ થયા હતા. બસ ટ્રક સાથે અથડાયા બાદ ડમ્પર ટ્રકની ડીઝલની ટાંકી અને બસની બેટરીમાં આગ લાગી હતી. (એજન્સી)

### મહારાષ્ટ્રનું બજેટ સત્ર સમાપ્ત

# ૨૨ જૂનથી ચોમાસું અધિવેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્ર ગવર્નર જિષ્ણુ દેવ વર્માએ બુધવારે મહારાષ્ટ્ર વિધાનસભાનું છ અઠવાડિયા સુધી ચાલેલા બજેટ અધિવેશન પૂર્ણ થયું હોવાની જાહેરાત કરી હતી. લાંબુ ચાલેલા મહારાષ્ટ્ર વિધાનસભાના અધિવેશનમાં આ વખતે મહત્ત્વનું ગણાતું મહારાષ્ટ્ર ફ્રીડમ ઓફ રિલિજીયન બિલ મંજૂર થયું હતું. ૨૩ ફેબ્રુઆરીએ શરૂ થયેલું અધિવેશન પૂરું થયા બાદ હવે ચોમાસું અધિવેશન ૨૨ જૂનથી શરૂ થશે એવી જાહેરાત પણ કરવામાં આવી હતી.

## વિધાનપરિષદના સભ્ય સામે ખોટા ન્યૂઝ પ્રકાશિત કરનારા યુવકને પાંચ દિવસની જેલ

મુંબઈઃ મહારાષ્ટ્ર વિધાનપરિષદે યુટ્યુબ ચેનલ પર રાષ્ટ્રવાદી કૉંગ્રેસના વિધાનસભ્ય અમોલ મિટકરી વિરુદ્ધ ખોટા સમાચાર પ્રકાશિત કરવા બદલ અકોલાના એક યુવકને પાંચ દિવસની જેલની સજાની ભલામણ કરતી દરખાસ્તનો અમલ કરવાનો આદેશ આપ્યો છે.

અકોલાના અંકુશ ગાવંડેને ખોટા સમાચારના સંદર્ભમાં માફી માગવા માટે બુધવારે ગૃહ સમક્ષ હાજર રહેવાનું કહેવામાં આવ્યું હતું. ગાવંડેની સાથે અન્ય ત્રણ પત્રકારોએ યુટ્યુબ ચેનલ પર મિટકરી વિરુદ્ધ ખોટા સમાચાર પ્રકાશિત કર્યા હતા. અંકુશ ગાવંડે ગૃહ સમક્ષ હાજર રહ્યો નહોતો પણ અન્ય ત્રણેય પત્રકારોએ ગૃહમાં માફી માગી લેતા તેમને ચેતવણી આપીને છોડી મૂકવામાં આવ્યા હતા.

વિધાનપરિષદના અધ્યક્ષ રામ શિંદેએ કહ્યું હતું કે અંકુશ ગૃહ સમક્ષ હાજર રહ્યો નહોતો. તેથી ઉપલા હાઉસે પ્રસ્તાવ રજૂ કરીને તેને પાંચ દિવસની જેલની સજાનો નિર્દેશ પાસ કર્યો હતો. તેથી હવે તેણે જેલની ભોગવવાની રહેશે.

## સાતારાના એસપીના સસ્પેન્શનના આદેશ પર કાયદા નિષ્ણાતોનો અભિપ્રાય માગવામાં આવશે

મુંબઈઃ સાતારાના એસપીના સસ્પેન્શન અંગેના વિધાન પરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોર્હેના આદેશને કાયદા અને બંધારણીય નિષ્ણાત પાસે તેમના મંતવ્યો માટે મોકલવામાં આવશે અને ત્યારબાદ જ ચુકાદો આપવામાં આવશે એવી જાહેરાત બુધવારે બજેટ અધિવેશનના છેલ્લાં દિવસે વિધાન પરિષદના અધ્યક્ષ રામ શિંદેએ કરી હતી.

રામ શિંદેએ બુધવારે ઉપલા ગૃહમાં આ ટિપ્પણી કરી હતી, જેમાં ગયા અઠવાડિયે સાતારા જિલ્લા પરિષદ પ્રમુખની ચૂંટણી દરમ્યાન થયેલી હોબાળા બાબતે આઈપીએસ ઓફિસર તુષાર દોશી અને અન્ય અધિકારીઓના સસ્પેન્શનને વર્ચ્યુઅલ રીતે સ્થગિત કરવામાં આવ્યું હતું. તેમ જ તેમણે કહ્યું હતું કે એસપી અને અન્ય અધિકારીઓના સસ્પેન્ડ કરવાનો નિર્ણય કાયદા અને બંધારણીય નિષ્ણાતોને મોકલવામાં આવશે અને એ પછી જ ચુકાદો આપવામાં આવશે.

વિધાનપરિષદના ઉપાધ્યક્ષ નીલમ ગોર્હેએ રાજ્ય સરકારને સાતારા સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ તુષાર દોશીને સસ્પેન્ડ કરવાનો નિર્દેશ આપ્યો હતો, જેની સામે ભાજપે નારાજગી વ્યક્ત કરી હતી.

ઉપાધ્યક્ષ દ્વારા લેવામાં આવેલા નિર્ણય પર વિચાર કર્યા પછી સરકારે ઘટનાની તપાસ કરવી જોઈએ અને કાયદા અનુસાર પગલા લેવા જોઈએ એવું રામ શિંદેએ કહ્યું હતું, જેના પર મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પણ સંમતિ વ્યક્ત કરી હતી.

આ અગાઉ મંગળવારે મુખ્ય પ્રધાને કહ્યું હતું કે કારોબારી, ન્યાયતંત્ર અને વિધાનસભાની સત્તાઓ બંધારણમાં સારી રીતે વ્યાખ્યાયિત છે. કારોબારીની સત્તા કારોબારી પાસે રહે છે અને તે વિધાનસભાને જવાબદાર છે. સરકાર અધ્યક્ષ દ્વારા આપવામાં આવેલા નિર્દેશનો અમલ કરવાનો પ્રયાસ કરે છે પણ વિધાનસભા અધ્યક્ષ અને વિધાનપરિષદના અધ્યક્ષે કારોબારીમાં માથુ મારવું ના જોઈએ. ■

### ગૃહિણીઓનું બજેટ ખોરવાશે

# લાલ મરચાંના ભાવ વધ્યા, મરી-મસાલા પણ મોંઘા

થાણે / નવી મુંબઈઃ ગયા વર્ષે થયેલા ભારે વરસાદની અસર આ વર્ષે લાલ મરચાના ઉત્પાદન પર જોવા મળી રહી છે. વરસાદને કારણે પાકને થયેલા મોટા નુકસાનને લીધે નવી મુંબઈના વાશી સ્થિત એપીએમસી માર્કેટમાં લાલ મરચાની આવકમાં ઘટાડો થયો છે. તેની સીધી અસર છૂટક બજાર પર પડી રહી છે. લાલ મરચાનો પુરવઠોઓછો હોવાને કારણે ભાવમાં ૧૫૦ થી ૨૦૦ રૂપિયાનો વધારો થયો છે.

ઉનાળાની શરૂઆત સાથે જ ઘરે ઘરે મસાલા બનાવવાનું શરૂ થઇ જાય છે. આ કારણે માર્ચથી મે મહિના દરમિયાન સૂકા લાલ મરચાં મોટા પ્રમાણમાં વેચાય છે. સાથે ધાણા, જીરું, હળદર, કાળા મરી જેવા મસાલાની માગ પણ વધે છે. આ વર્ષે વાશી સ્થિત એપીએમસી મસાલા બજારમાં મરચાંના આગમનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. વેપારીઓનું કહેવું છે કે હવામાનની અનિશ્ચિતતા, પાક પર થયેલી અસર અને ગયા વર્ષે ઓછા ભાવ મળવાને કારણે ખેડૂતોએ મરચાનું ઉત્પાદન ઓછું લીધું છે. પરિણામે બજારમાં તેની ઉપલબ્ધતા ઘટી છે અને તેની અસર થાણેના છૂટક બજારમાં પણ જોવા મળી રહી છે. હાલમાં કર્ણાટક, ઓડિશા, હૈદરાબાદ અને બેંગલુરુથી છૂટક બજારમાં લાલ મરચાં સપ્લાય કરવામાં આવી રહ્યા છે. જોકે, ઓછી આવકને કારણે ભાવમાં ૧૫૦ થી ૨૦૦ રૂપિયાનો વધારો થયો છે. ■






## આદિ ઘંટાકરણ ચેરિટેબલ ટ્રસ્ટઃ સેવા, કરુણા અને સમર્પણનું પ્રેરણાદાયક ઉદાહરણ



મહારાષ્ટ્રમાં સામાજિક અને પશુ કલ્યાણ ક્ષેત્રે કાર્યરત, આદિ ઘંટાકરણ ચેરિટેબલ ટ્રસ્ટ આજે સેવા, કરુણા અને સમર્પણનો એક મજબૂત સ્તંભ બની ગયો છે. સંસ્થાના પ્રમુખ શ્રી મનોજ શાહના નેતૃત્વ હેઠળ, ટ્રસ્ટ નિઃસ્વાર્થપણે સમાજ અને જીવોના કલ્યાણ માટે કાર્ય કરે છે.

સંસ્થાનું મુખ્ય કાર્યક્ષેત્ર ગાય સેવા અને ગાય સંવર્ધન છે. ટ્રસ્ટ મહારાષ્ટ્રના વિવિધ પ્રદેશોમાં સ્થિત અસંખ્ય ગૌશાળાઓને ઘાસચારો, પાણી, શેડ બાંધકામ, પાણીની ટાંકીઓ અને અન્ય જરૂરી સુવિધાઓ પૂરી પાડે છે. આ બધી પ્રવૃત્તિઓ દાતાઓના સહયોગથી યોજનાબદ્ધ રીતે હાથ ધરવામાં આવે છે, જેમાં દરેક ગૌશાળાની જરૂરિયાતોનો અભ્યાસ કર્યા પછી યોગ્ય માળખાગત સુવિધાઓ વિકસાવવામાં આવે છે. સંગમનેરમાં ટ્રસ્ટની પોતાની ગૌશાળા છે, જ્યાં ૨,૦૦૦થી વધુ ગૌવંશની દરરોજ સેવા, સંભાળ અને ખોરાક આપવામાં આવે છે. વધુમાં, સંગમનેરમાં એક આધુનિક પશુચિકિત્સા હોસ્પિટલનું બાંધકામ ચાલી રહ્યું છે, જે આગામી ત્રણ મહિનામાં કાર્યરત થવાની અપેક્ષા છે. આ હોસ્પિટલ આ વિસ્તારના પશુઓ માટે મોટી રાહત સાબિત થશે. આ સંસ્થા નાગપુર અને ગઢ ક્ષેત્રમાં વિવિધ પ્રોજેક્ટ્સ દ્વારા ૧૦,૦૦૦થી વધુ ગૌવંશની સેવા પણ કરે છે. આ સંસ્થા આર્થિક રીતે નબળા દર્દીઓ માટે માત્ર રૂ.૧૦૦માં ડાયાલિસિસ સેવાઓ પૂરી પાડે છે. વધુમાં, ટ્રાન્સજેન્ડર સમુદાયને સશક્ત બનાવવા માટે, તેમને સીવણમાં તાલીમ આપવામાં આવે છે અને તાલીમ પછી સીવણ મશીનો આપવામાં આવે છે, જેનાથી તેઓ આત્મનિર્ભર બને છે અને સન્માનજનક જીવન જીવી શકે છે. પશુ કલ્યાણના ભાગ રૂપે ટ્રસ્ટ ઘાયલ અને ઘાયલ શેરી કૂતરાઓ માટે એમ્બ્યુલન્સ સેવા પણ ચલાવે છે, જે સ્થળ પર પ્રાથમિક સારવાર પૂરી પાડે છે.

ટ્રસ્ટ હંમેશાં કુદરતી આફતો દરમિયાન પણ અગ્રણી ભૂમિકા ભજવે છે. મહાડ, સાંગલી, કેરળ અને અન્ય વિસ્તારોમાં પૂર દરમિયાન, સંસ્થાની ટીમે રાશન, પાણી, કપડાં અને અન્ય આવશ્યક વસ્તુઓની વ્યવસ્થા કરીને અસરગ્રસ્ત લોકોને રાહત પહોંચાડી છે. આદિ ઘંટાકરણ ચેરિટેબલ ટ્રસ્ટનું આ બહુપક્ષીય સેવા કાર્ય સમાજમાં કરુણા અને સહયોગની ભાવનાને મજબૂત બનાવે છે. સંસ્થાનો ઉદ્દેશ્ય ફક્ત સેવા કરવાનો જ નથી, પરંતુ આ ઉમદા કાર્યમાં સમાજને સામેલ કરવાનો પણ છે. જેથી શક્ય તેટલા જરૂરિયાતમંદ લોકો અને જીવો સુધી સહાય પહોંચી શકે. ''સેવા એ જ સાચો ધર્મ છે'' - આ ભાવના સાથે, ટ્રસ્ટ સમાજની સેવા માટે સતત સમર્પિત છે.

# બધી લાંબા અંતરની ટ્રેનોમાં સેફ્ટી અનાઉન્સમેન્ટ જરૂરીઃ બોમ્બે હાઈ કોર્ટે રેલવેને સૂચના આપી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે સૂચન કર્યું છે કે વંદે ભારત ટ્રેનોની જેમ રેલવેએ તમામ લાંબા અંતરની ટ્રેનોમાં જાહેર સલામતીની જાહેરાતો દાખલ કરવી જોઈએ, જેમાં તે કયા સ્ટેશનો પર રોકાશે તે સ્પષ્ટ કરવું જોઈએ.

મંગળવારે ન્યાયાધીશ જિતેન્દ્ર જૈનની સિંગલ બેન્ચે ચુકાદો આપતી વખતે મુસાફરોને ચેતવણી આપી હતી કે, ચાલતી ટ્રેનોમાંથી ઉતરવાનો કે ચઢવાનો પ્રયાસ કરતી વખતે પોતાનો જીવ જોખમમાં ન મૂકે. આગામી સ્ટેશન પર ટ્રેન ઉભી રહે ત્યાં સુધી રાહ જોવાની અને જરૂરી દંડ ભરવો સલાહભર્યું છે

લગભગ એક દાયકા પહેલા જલગાંવ રેલવે સ્ટેશન પર ચાલતી ટ્રેનમાંથી ઉતરવાનો પ્રયાસ કરતી વખતે ઘાયલ થયેલા એક વ્યક્તિને કોર્ટે ૮૦,૦૦૦ રૂપિયાનું વળતર આપવાનો આદેશ આપ્યો હતો.

કોર્ટે નોંધ્યું હતું કે લોકલ ટ્રેનોમાં એક ડિસ્પ્લે બોર્ડ અથવા જાહેરાતમાં કહેવામાં આવે છે કે ટ્રેન કયા રેલવે સ્ટેશનો પર રોકાશે નહીં. જોકે, લાંબા અંતરની ટ્રેનોમાં પ્લેટફોર્મ પર આવા ડિસ્પ્લે બોર્ડ અથવા જાહેરાત જોવા મળતી નથી. મુસાફરો લાંબા અંતરની ટ્રેનોનો ઉપયોગ ટૂંકા અંતરની મુસાફરી કરવા માટે પણ કરતા હોય છે એમ હાઈ કોર્ટે જણાવ્યું હતું. જ્યારે ટ્રેન કયા સ્ટેશનો પર નહીં ઉભી રહે તે જણાવતી કોઈ જાહેરાત કરવામાં ન આવે, ત્યારે મુસાફર એવા સ્ટેશન પર ઉતરવા માટે ટ્રેનમાં ચઢે છે જ્યાં ટ્રેન ઉભી નથી રહેતી, તો મુસાફરને કોઈ દોષ આપી શકાય નહીં, એમ ઉમેર્યું હતું.

કોર્ટ રોહિદાસ કુમાવત દ્વારા દાખલ કરાયેલી અપીલની સુનાવણી કરી રહી હતી, જેમાં રેલવે ક્લેમ્સ ટ્રિબ્યુનલના જાન્યુઆરી ૨૦૧૮ના આદેશને પડકારવામાં આવ્યો હતો. જેમાં વળતર માટેના તેમના દાવાને એ આધાર પર નકારી કાઢવામાં આવ્યો હતો કે તેમની ઈજા કોઈ અનિચ્છનીય ઘટનાને કારણે નહીં પરંતુ પોતે દાખવેલી બેદરકારીનું પરિણામ છે. ■

### એલપીજીની અછત પર સરકારનો મોટો નિર્ણય

# રેશનની દુકાન પર ફરી મળશે કેરોસીન

મુંબઈઃ તાજેતરમાં યુદ્ધને કારણે સર્જાયેલી એલપીજીની અછતને ધ્યાનમાં રાખીને મહારાષ્ટ્ર સરકારે એક અત્યંત મહત્વનો નિર્ણય લીધો છે. સરકારે રાજ્યમાં કામચલાઉ ધોરણે ફરી એકવાર 'કેરોસીન' વિતરણ કરવાનો નિર્ણય લીધો છે.

રાજ્ય સરકારે કેન્દ્ર સરકાર દ્વારા મંજૂર કરાયેલા ૩૭ લાખ ૪૪ હજાર લિટર કેરોસીનના તાત્કાલિક વિતરણ માટે લીલીઝંડી આપી દીધી છે. આ વિતરણ માર્ચ અને એપ્રિલ ૨૦૨૬ એમ બે મહિના માટે કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે આ વિતરણ રાજ્યની ત્રણ સરકારી તેલ કંપનીઓ દ્વારા કરવામાં આવશે. દરેક પરિવાર અથવા રેશનકાર્ડ ધરાવતા લોકોને ત્રણ લિટર કેરોસીન મળશે. આ ઉપરાંત જે પરિવારો પાસે રેશનકાર્ડ નથી તેમને પણ ઉપલબ્ધતા મુજબ કેરોસીન આપવામાં આવશે. યુદ્ધની પૃષ્ઠભૂમિમાં ઇંધણની અછત ટાળવા માટે, રાજ્ય સરકારે જિલ્લાવાર ક્વોટા નક્કી કર્યા છે. સરકારે પહેલા પખવાડિયામાં જ કુલ ફાળવણીના ૮૫ ટકા કેરોસીનનું વિતરણ કરવાના કડક આદેશો આપ્યા છે. ■

# હવે ઊભી થશે દારૂની અછત

### રાજયમાં ફકત થોડા દિવસનો જ દારૂનો જથ્થો બાકી

નાગપુરઃ ઘણા દિવસોથી ચાલી રહેલા ઈરાન અને અમેરિકા વચ્ચેના યુદ્ધને કારણે હવે દારૂ ઉદ્યોગમાં પણ કટોકટી ઉભી થઈ છે. કાચની બોટલો આવવાનું બંધ થઈ ગયું હોવાથી, દારૂનું ઉત્પાદન કરવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. હવે ફક્ત પંદર દિવસનો સ્ટોક બાકી હોવાની માહિતી મળી રહી છે. જેના કારણે પીવાના શોખીનો મુશ્કેલીમાં મુકાય તેવી શક્યતા છે. બિયર, સલાઇન તેમજ વિવિધ ક્ષેત્રોમાં વપરાતી કાચની બોટલો બનાવતી 'કેનપેક' કંપનીને જો 'એલપીજી' ગેસ નહીં મળે તો સુરક્ષાના પ્રશ્નો ઊભા થશે. આ કંપનીમાં કાચ ગરમ કરવા માટે જરૂરી ભટ્ટી બંધ કરવાની પ્રક્રિયા સ્વીચ દબાવવા જેટલી સરળ નથી; જો તેમ કરવામાં આવે તો અંદાજે ૬૦૦ કરોડનું નુકસાન થઈ શકે છે. રાજ્યના અનેક જિલ્લાઓમાં મદ્ય ઉત્પાદન એકમો આવેલા છે, જ્યાં દારૂ અને બિયરની બોટલો ભરવામાં અડચણ ઊભી થવાની ભીતિ સેવાઈ રહી છે. પરિણામે રાજ્યની મહેસૂલી આવકમાં પણ મોટો ઘટાડો થઈ શકે છે.કાચની બોટલો તૈયાર કરવા માટે તાપમાન ૧૭૦૦ ડિગ્રી સુધી વધારવું પડે છે. તેથી તાપમાન ઘટાડવા માટે એક મહિનાનો સમય લાગે છે અને ફરીથી તેટલું તાપમાન વધારવા માટે છ મહિના જેટલો સમય લાગી શકે છે. આ કંપનીમાં એક હજાર કામદારો કામ કરે છે, જો કંપની બંધ થાય તો તેમની સામે નવા પ્રશ્નો ઊભા થશે. તાપમાન વધારવા માટે આ કંપનીને દરરોજ ૧૨ મેટ્રિક ટન 'એલપીજી' ગેસની જરૂર હોય છે. તાપમાન ઘટાડવાના કેટલાક પ્રયોગો હાથ ધરવામાં આવ્યા છે, પરંતુ અત્યારે હાથમાં માત્ર ચાર દિવસ ચાલે તેટલો જ ગેસનો પુરવઠો ઉપલબ્ધ છે. ■

# ૧૫ કોચની લોકલ માટે થાણે અને ડોંબિવલી તૈયાર

### ૫૦૦ કર્મચારીઓએ રાત-દિવસ એક કરી પૂરું કર્યું મિશન

ડોંબિવલીઃ ૫૦૦ કામદારો અને ૧૪ વરિષ્ઠ રેલવે અધિકારીઓ મળી અત્યંત ટૂંકા સમયમાં ડોંબિવલી અને થાણે ખાતે પ્લેટફોર્મ વિસ્તરણ અને રેલવે ટ્રેક બદલવાનું કામ હાથ ધર્યું હતું. ડોંબિવલી અને થાણે ખાતે શનિવાર-રવિવાર દરમિયાન લેવામાં આવેલા મેગાબ્લોક ગાળામાં પ્લેટફોર્મના વિસ્તરણના કામ માટે ૫૦૦ કામદારો અને ૧૪ વરિષ્ઠ રેલવે અધિકારીઓ મધ્યરાતથી બીજા દિવસે સવાર સુધી રેલવે ટ્રેક પર કામ કર્યું હતું. અત્યંત ટૂંકા સમયમાં આ કામ કરવાનું હોવાથી અહીં અત્યાધુનિક સામગ્રીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ડોંબિવલી સ્ટેશન પર અપ અને ડાઉન રેલવે માર્ગ પર પ્લેટફોર્મ નંબર ૧ અને ૧-એ તથા બે પર અને થાણે સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર ૧, ૨ અને ૩ પર આ મેગાબ્લોક લેવામાં આવ્યો હતો. ૫૦૦ કામદારો દ્વારા પ્લેટફોર્મ વિસ્તરણ અને રેલવે ટ્રેક બદલવાનું કામ નિર્ધારિત સમયમાં પૂર્ણ કરવાનું હતું. રેલવેના વરિષ્ઠ અધિકારીઓએ આ બંને કાર્યોનું યોગ્ય આયોજન કરીને નિર્ધારિત સમયમાં આ કામો પૂર્ણ કર્યા. ડોંબિવલી રેલવે સ્ટેશન નજીક કોપર રેલવે સ્ટેશન તરફ આવતા ડોંબિવલી રેલવે સ્ટેશનના પ્રવેશદ્વાર પાસેનો વળાંક દૂર કરવો રેલવે પ્રશાસન સામે મોટો પડકાર હતો. આ જગ્યાએ એક તરફ ૧૫ ફૂટ ઊંચો માટી અને પથ્થરોનો ઢગલો હતો, જેના પર રેલ્વેનું પાર્કિંગ આવેલું હતું. આ જગ્યાએ જમીન સમાંતર હોય તેવી એક ઇંચ પણ જગ્યા નહોતી. તેથી ૧૫ ફૂટ ઊંચા ઢગલા પર કપચી, જેસીબી અને પોકલેન ઊભા રાખીને, જરૂરી સામગ્રી ત્યાં લાવીને તે સામાન રેલ્વે ટ્રેક પર ઉતારી આ કામો કરવામાં આવ્યા.

મેગા બ્લોક દરમિયાન ડોંબિવલી રેલવે સ્ટેશન પર મહત્વપૂર્ણ માળખાકીય સુવિધાઓ પૂરી પાડવામાં આવી હતી. ઉપરાંત ડાઉન લોકલ લાઇન સાથે મહત્વપૂર્ણ કેબલ નાખવાનું કામ પૂર્ણ પણ થયું.

આમ ૧૫ કોચવાળી લોકલ ટ્રેનોના સંચાલન માટે રેલવેએ પ્લેટફોર્મ વિસ્તરણનું કામ હાથ ધર્યું. મધ્ય રેલવેના એક અધિકારીએ જણાવ્યું હતું કે ક્ષમતા વધારવા અને ઉપનગરીય સેવાઓ વધારવા માટે આ કામો જરૂરી છે. ■

## સંસ્થા સમાચાર

### ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત અર્હમ યુવા સેવા ગ્રુપ રાજકોટ દ્વારા રાષ્ટ્રધર્મ નિભાવવાનો એક અનોખો પ્રકલ્પ




રાજકોટ રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે તા.૨૪/૦૩ થી ૦૮/૦૪ ૧૬ દિવસ માટે યોજાઈ રહેલ આર્મી ભરતી રેલી જેમાં સમગ્ર ગુજરાતમાંથી આવતા ઉમેદવારો આખી રાત રનિંગ કરી ફિઝિકલ ફિટનેશ, પુલ અપ આવા અનેક પ્રકારના ટેસ્ટ આપીને આગળ વધતા હોય છે દરરોજ રાત્રે ૪૦૦ જેટલાં ઉમેદવારો આવીને પરીક્ષા આપે મેડિકલ ચેકઅપ થાય ત્યાર બાદ જયારે તેમાંથી પાસ થાય ત્યારે બોર્ડર ઉપર જઈ શકે, ત્રણ વર્ષ સુધી આ ઉમેદવારોને આ ટ્રેનિંગ આપવામાં આવે છે જે ટ્રેનિંગ નું નામ છે અગ્નિવીર જે સતત ૧૬ દિવસ સુધી ચાલશે.

એવા જ સૈનિકોના સન્માન માટે રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી ચાલતું 'અર્હમ યુવા સેવા ગ્રુપ' રાજકોટ દ્વારાઆ વિશેષ પ્રકલ્પ જેમાં આ ૧૬ દિવસ દરમિયાન દરરોજ બપોરે આ દરેક જવાનોને તેઓને અનુકૂળ સુયોગ્ય પ્યોર જૈન ભોજન -રોટી, દાળ, ભાત, એક કઠોળ, એક સબ્જી, ફરસાણ, સ્વીટ સાથે જમાડવાનો તેમજ આખી રાત રનિંગ કરતાં દરેક ઉમેદવારોને તેમજ આર્મી ઓફિસરોને દરરોજ ડ્રાયફ્રૂટ અર્પણ કરી રાષ્ટ્રધર્મ નિભાવવાનો એક પ્રયત્ન થઈ રહ્યો છે.

**લેઉવા પટેલ**



દામનગર નિવાસી હાલ બોરીવલી સ્થિત

**યોગેશ ભૂપતભાઈ પટેલ (નારોલા) (ઉ.વ. ૬૬)**

ગુરુવાર તા.૨૬/૦૩/૨૦૨૬ ના રોજ શ્રીજીચરણ પામેલ છે.

સ્વ. ભૂપતભાઈ દેવજીભાઈ નારોલા (પટેલ) તથા ગં.સ્વ. કાન્તાબેન ભૂપતભાઈ નારોલાના **સુપુત્ર**, તે ભાવનાબેનના **પતિ**, તે નિશાબેન હેમાંગકુમાર મેવાડા તથા બીનાબેન અર્પણકુમાર પટેલના **પિતા**, તે રાજેશભાઈ ભૂપતભાઈ નારોલા, પ્રકાશભાઈ ભૂપતભાઈ નારોલા તથા રૂપલબેન વિનોદકુમાર ત્રાપાસિયાના **મોટાભાઈ**, તે ગીતાબેન રાજેશભાઈ નારોલા, વર્ષાબેન પ્રકાશભાઈ નારોલાના **જેઠ**.

**પ્રાર્થનાસભા**

**તા. ૨૭/૦૩/૨૦૨૬ શુક્રવારના રોજ બપોરે ૪.૦૦ થી ૬.૦૦ રાખેલ છે. સ્થળ: પરજીયા સોની વાડી, શીંપોલી રોડ, બોરીવલી (વેસ્ટ)**

## દારૂ પીતી વખતે થયેલા વિવાદમાં ચાકુના ઘા ઝીંકી મિત્રની હત્યા

મુંબઈઃ દારૂ પીતી વખતે થયેલા વિવાદમાં યુવાને ચાકુના ઘા ઝીંકી મિત્રની હત્યા કરી હોવાની ઘટના નાલાસોપારામાં બનતાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી.તુલિંજ પોલીસના જણાવ્યા અનુસાર ઘટના મંગળવારની રાતે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ મોરેગાંવ પરિસરના જિજાઈ નગરમાં બની હતી. આ કેસમાં ધરપકડ કરાયેલા આરોપીની ઓળખ પિંટુ ઠાકુર તરીકે થઈ હતી.

આરોપી ઠાકુર તેના મિત્ર શુભમ તિવારી સાથે ઘટનાસ્થળે દારૂ પીવા બેઠો હતો. દારૂ પીતી વખતે કોઈક વાતે તેમની વચ્ચે વિવાદ થયો હતો. ઉગ્ર બોલાચાલી દરમિયાન આરોપીએ ચાકુ જેવા તીક્ષ્ણ હથિયારથી તિવારી પર ઘા ઝીંક્યા હતા.

માથા અને ગરદન પર ગંભીર ઇજાને કારણે તિવારી લોહીલુહાણ હાલતમાં જમીન પર ફસડાઈ પડ્યો હતો. સારવાર માટે તેને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો, એવું પોલીસ અધિકારીએ જણાવ્યું હતું.ઘટના બાદ આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસે સર્ચ ઑપરેશન હાથ ધરી બુધવારની સાંજે નાલાસોપારામાંથી જ તેને પકડી પાડ્યો હતો. આરોપી વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી હતી. ■

### ઈંધણ બચાવ

# સ્ટેટ ટ્રાન્સપોર્ટની તમામ બસ ૨૦૩૫ સુધીમાં ઈલેક્ટ્રિકમાં કન્વર્ટ થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વધતા પ્રદૂષણ અને ઈંધણના દિવસેને દિવસે વધી રહેલા ભાવને પગલે સ્ટેટ ટ્રાન્સપોર્ટની તમામ બસોને ૨૦૩૫ની સાલ સુધીમાં ઈલેક્ટ્રિક બસમાં કન્વર્ટ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે.

સ્ટેટ ટ્રાન્સપોર્ટના કાફલામાં રહેલી ૧૪,૦૦૦ બસને સંપૂર્ણપણે ઈલેક્ટ્રિકમાં રૂપાંતર કરવામાં આવવાની છે. પર્યાવરણપૂરક બસથી પ્રદૂષણમાં પણ ઘટાડો થશે અને ઈંધણના આસમાને આંબી રહેલા ભાવને અને તેની ભવિષ્યમાં સર્જાનારી અછત અને તેના દેખરેખના ખર્ચમાં ઘટાડો કરવાના ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું રાજ્યના પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે કહ્યું હતું.આ દરમ્યાન વધુમાં વધુ નાગરિકો પણ ઈલેક્ટ્રિક વાહનની ખરીદી કરે તે માટે સરકાર તરફથી કરમાં વિશેષ છૂટ આપવાની સાથે જ ટોલમાં પણ માફી આપવામાં આવવાની છે. સ્ટેટ અને નેશનલ હાઈવે પર દર ૨૫ કિલોમીટરના અંતર પર ચાર્જિંગ સ્ટેશન ઊભા કરવામાં આવવાના છે અને આ ચાર્જિંગ સ્ટેશન સૌર ઊર્જા પર ચલાવવામાં આવવાના હોવાનું પરિવહન પ્રધાને કહ્યું હતું. ■

# પ્રભાદેવીમાં બસ ડિવાઈડર પર ચઢી ગઈ!



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પ્રભાદેવીમાં બૃહનમુંબઈ ઈલેક્ટ્રિસિટી સપ્લાય એન્ડ ટ્રાન્સપોર્ટ (બેસ્ટ)બસનો વિચિત્ર અકસ્માત થયો હતો, જેમાં કારની ટક્કરથી બચવા ડ્રાઈવરે ઈમરજન્સી બ્રેક મારતા બસ ડિવાઈડર પર ચઢી ગઈ હતી. સદ્નસીબે આ ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

બેસ્ટના પ્રવક્તાના જણાવ્યા મુજબ વેટ લીઝ પર લીધેલી બસનો એક્સિડન્ટ થયો હતો, જેમા ગુરુવારે સવારના ૭.૪૯ વાગ્યાની આસપાસ વરલી ડેપોના પી.કે. કુર્ણે ચોક બસ સ્ટોપથી બસ પ્રભાદેવી સ્ટેશન પાસે આવી રહી હતી ત્યારે બોમ્બે ડાઈંગ બસ સ્ટોપ નજીક વિરુદ્ધ દિશાથી આવી રહેલી એક કારે અચાનક યુ-ટર્ન લીધો હતો. કારની ટક્કરથી બચવા માટે બેસ્ટના ડ્રાઈવરે ઈમરજન્સી બ્રેક માર્યો હતો. તેથી બસ રોડ પરથી ડિવાઈડર પર ચઢી ગઈ હતી અને ત્યાં જ અટકી પડી હતી. સદ્નસીબે આ દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું. ■


**अवाना लॉजिस्टेक लिमिटेड**

**जहाजाच्या नावातील बदल**

आम्ही, **अवाना लॉजिस्टेक लिमिटेड**, ज्यांचे नोंदणीकृत कार्यालयाचा पत्ता अहुरा सेंटर, ए विंग, 5वा मजला, महाकाली केव्हस रोड, अंधेरी (पूर्व), चाकाला एमआईडीसी, मुंबई, महाराष्ट्र, भारत - ४०००९३ येथे आहे, ईमेल आयडी: SHS-COMPLIANCE.ISC@DPWORLD.COM,

"**सीयूएल जकार्ता**" नावाचे जहाज (IMO क्रमांक ९५७१३२५), मोन्रोव्हिया, लाइबेरिया येथील, खरेदी करण्याचा आमचा मानस आहे.

आम्ही या जहाजाचे नाव बदलून **"डीपी वर्ल्ड इंडस"** असे ठेवण्याचा उद्देश बाळगतो. जर कुणालाही काही आक्षेप असल्यास, तो हा जाहिरातीच्या तारखेपासून १० दिवसांच्या आत पुढील पत्त्यावर कळवावा:

द रजिस्ट्रार ऑफ इंडियन शिप्स
मर्कंटाइल मरीन विभाग
प्रतिष्ठा भवन, P.B. क्र. ११०९६, १०१, एम. के. रोड, मुंबई - ४०००२०
दूरध्वनी: ०२२-२२०३ ९८ ८१ फॅक्स: ०२२-२२०१ ३३ ०७

**स्थळ : मुंबई**
**दिनांक : २७ मार्च २०२६**

**एसडी/-**
**कंपनी सेक्रेटरी**

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મીરા રોડના ફ્લૅટમાંથી નોકરાણીનો મૃતદેહ મળ્યોઃ ગુમ માલિકે હત્યા કર્યાની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મીરા રોડાના ફ્લૅટમાંથી રહસ્યમય સંજોગોમાં ૪૦ વર્ષની નોકરાણીનો મૃતદેહ મળી આવ્યો હતો. નોકરાણીના શરીર પર ઇજાનાં નિશાન હોવાથી ફ્લૅટમાં ભાડેથી રહેતા યુવાને હત્યા કર્યાની શંકા પોલીસે વ્યક્ત કરી હતી. ઘટના બાદથી ગુમ યુવાનની પોલીસ શોધ ચલાવી રહી છે.

મીરા રોડ પોલીસના જણાવ્યા મુજબ હત્યા કરાયેલી મહિલાની ઓળખ સુમન તરીકે થઈ હતી. મહિલા મીરા રોડના સિલ્વર પાર્ક નજીકના એક કૉમ્પ્લેક્સમાંના અમુક ફ્લૅટમાં કામ કરતી હતી, જેમાંથી એક ફ્લૅટમાંથી બુધવારની સાંજે તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે એ ફ્લૅટમાં બે યુવાન ભાડેથી રહેતા હતા. બન્ને યુવાન અને નોકરાણી પાસે ફ્લૅટની ચાવી રહેતી હતી. સાંજે એક યુવાન આવ્યો ત્યારે ઘટના પ્રકાશમાં આવી હતી.

મહિલા લોહીલુહાણ હાલતમાં મળી આવી હતી. ચાકુ જેવા તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી તેની હત્યા કરાઈ હોવાની શક્યતા પોલીસે વ્યક્ત કરી હતી. પોલીસે તેના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સરકારી હૉસ્પિટલમાં મોકલી આપ્યો હતો. આ પ્રકરણે પોલીસે અજાણ્યા શખસ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

દરમિયાન કેસની તપાસ ક્રાઈમ બ્રાન્ચે પણ હાથ ધરી હતી. કહેવાય છે કે ફ્લૅટમાં રહેતા બેમાંથી એક યુવાન ઘટના બાદથી ગુમ હોવાથી પોલીસ તેની શોધ ચલાવી રહી છે. જોકે હત્યા પાછળનો હેતુ સ્પષ્ટ થયો નથી. પોલીસ કૉમ્પ્લેક્સમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી રહી છે.

# ૫૦ કરોડના રોકાણની લાલચે ૩૪ લાખ પડાવ્યાઃ બેની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નવા પ્રોજેક્ટ માટે ૫૦ કરોડ રૂપિયાનું રોકાણ લાવી આપવાની લાલચે વેપારી પાસેથી ૩૪.૨૦ લાખ રૂપિયા પડાવી કથિત છેતરપિંડી કરનારા બે આરોપીની મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસે ધરપકડ કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૪ના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર પ્રમોદ બડાખની ટીમે પકડી પાડેલા બન્ને આરોપીની ઓળખ વિનોદકુમાર આસારામ યાદવ અને દિલીપ ઈંદુકુમાર મામતોરા તરીકે થઈ હતી. વધુ કાર્યવાહી માટે બન્નેને કાશિગાવ પોલીસના તાબામાં સોંપાયા હતા. પોલીસના જણાવ્યા મુજબ ફરિયાદીને તેમના વ્યવસાયમાં નવા પ્રોજેક્ટ શરૂ કરવા નાણાં રોકાણની જરૂર હતી. આ માટે તેમના દ્વારા અલગ અલગ ઠેકાણે પ્રયત્નો ચાલી રહ્યા હતા. આ દરમિયાન તેમની મુલાકાત આરોપી સાથે થઈ હતી. આરોપીએ ફરિયાદીની કંપની માટે ૫૦ કરોડ રૂપિયાનું રોકાણ લાવી આપવાની ખાતરી આપી હતી, પરંતુ તે માટે એક ટકા પ્રોસેસિંગ ફી ચૂકવવાનું ફરિયાદીને કહ્યું હતું.

રોકાણની અમુક રકમ આંગડિયાથી આવી રહી હોવાની ખોટી રસીદ આરોપીએ ફરિયાદીને દેખાડી હતી. એ સિવાય ૨૮ લાખ યુએસ ડૉલરની ચુકવણીની બનાવટી રસીદ પણ ફરિયાદીને બતાવવામાં આવી હતી. આની સામે ફરિયાદી પાસેથી ૩૪.૨૦ લાખ રૂપિયા આરોપીએ પડાવ્યા હતા. રૂપિયા આપ્યા પછી પણ ફરિયાદીને રોકાણની રકમ ન મળતાં તેમણે પૂછપરછ કરી હતી. ઉડાઉ જવાબ આપનારા આરોપીએ પછી સંપર્ક તોડી નાખ્યો હતો. પરિણામે ફરિયાદીએ ૧૨ માર્ચે કાશિગાવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પકડાયેલા આરોપી વિરુદ્ધ અગાઉ આવા જ પ્રકારના ગુના મુંબઈના સમતાનગર અને દાદર તેમ જ થાણેના કાસારવડવલી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા હોવાનું તપાસમાં જણાયું હતું.

## પારસી મરણ

યાસમીન અસ્પી માવજી તે મરહુમ અસ્પી મેરવાનજી માવજીના વિધવા. તે મરહુમો ફ્રેની ને રતન ભોમીશાના દીકરી. તે ફિરદોશ ને મેરવાનના માતાજી. તે ગંગા માવજી ને ઝીનોબિયા માવજીના સાસુ. તે દાદી ભોમીશાના બહેન. તે પરઝાન ને ઝાઇશા માવજીના બપયજી. (ઉં. વ.. ૭૦) રે. ઠે. બી/૨૪, સહયોગ કો. હા. સોસાયટી, દાદાભાઇ ક્રોસ રોડ, નં-૨, ભવન્સ કોલેજ આગળ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૮. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૩-૨૬ના દિને બપોરે ૩.૪૦ વાગે અંધેરી પટેલ અગિયારીમાં છે.

અદી પીરુશા કાપડીયા તે મરહુમો પીરો પીરુશા કાપડીયાના દીકરા. તે દાલી, ધનજી, ડેઝી તથા મરહુમો જહાંગીર, કાવસ, ખુશરુ, બચુના ભાઇ. તે દીનયાર, સાઇરસ, હોરમઝના મામા. તે નવાઝ, યાસમીન, શેરીયાર, ફરહાદ, પોરસ, અદીલના કાકા. તે શીરીનના દેર. તે જોલીના જેઠ. (ઉં. વ. ૮૨) રે. ઠે. એફ. એસ. પારેખ ધરમશાલા, હ્યુજીસ રોડ, જૂની ખરેઘાટ કોલોની, ગ્રાન્ટ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૨૭-૩-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે નવસારીની અગિયારીમાં છેજી.

કાવસી રુસ્તમ પટેલ તે મરહુમો શેરુ રુસ્તમ પટેલના દીકરા. તે કેરસી ને વીલુંના ભાઇ. તે દેલફી તે પરસીના મામા. તે ઝીનોબીયાના કાકા. તે રુસ્તમ ઇરાનીના સાલા. તે બખતાવર પટેલના દેર. (ઉં. વ. ૭૫) રે. ઠે. જી-૨, શાપુરબાગ, વી. પી. રોડ, ગીરગામ-મુંબઇ-૪૦૦૦૦૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૭-૩-૨૬ના દીને બપોરે ૩.૪૦ વાગે, અસલાજી અગિયારીમા છેજી.

## હિન્દુ મરણ

### શ્રીમાળી સોની

ગં.સ્વ. જ્યોતિબેન (ઉં.વ. ૭૭) તે સ્વ. લલિતકુમાર ઝવેરીના પત્ની. ત્રિવેણીબેન ઓધવજીભાઈ વેડિઆના પુત્રી. તે મિલન તથા વંદનાના માતુશ્રી. મેઘના તથા નિલેષકુમારના સાસુ. પુરવ તથા દુર્વાના દાદી અને તન્વીના નાની. તે સ્વ. સરલાબેન, કુમુદબેન, વિજયભાઈ તથા શીલાબેનના બેન. તા. ૨૩-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૭-૩-૨૬ના ૫થી ૭. સ્થળઃ શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ હોલ, હાલાઈ લોહાણા મહાજવાડીની સામે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ). લૌક્કિ વ્યવહાર બંધ છે.

### કચ્છી દશા મોઢ માંડલિયા વણિક

મૂળ માંડવી, હાલ મુંબઈ નલીન (બકુલ) ઝવેરીલાલ મહેતા (ઉં.વ. ૭૦) તે સ્વ. નિર્મળાબેન ઝવેરીલાલ મહેતાના પુત્ર. ઉષાના પતિ. સ્વ. ધ્રુવલ, ચિ. બિનલના પિતા. સ્વ. હરસુખભાઈ, સ્વ. લક્ષ્મીકાંતભાઈ, સ્વ. પ્રિયવદનભાઈ, સ્વ. પ્રભાબેન, સ્વ. તારાબેન, ગં.સ્વ. જયાબેનના ભત્રિજા. સ્વ. હર્ષદભાઈ, સ્વ. નરેશભાઈ, અ.સૌ. ચંદ્રલેખાના ભાઈ. સ્વ. ભીમજીભાઈ લાખાણીના જમાઈ તા. ૨૫-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

### લેઉવા પટેલ

મૂળગામ મહુધા હાલ સાંતાક્રુઝ ગં.સ્વ. શાંતાબેન ઈશ્વરભાઈ પટેલ (ઉં.વ. ૯૪) તે સ્વ. ઈશ્વરભાઈ છોટાભાઈ પટેલનાં પત્ની. સ્વ. પ્રશાંતભાઈ, સ્વ. શારદાબેન, સ્વ. વૃંદાબેન, સ્વ. ઉર્મિલાબેન, સ્વ. મનુભાઈ, સ્વ. રમેશભાઈનાં ભાભી. ગં.સ્વ. પ્રવિણાબેન, ગં.સ્વ. પુષ્પાબેનનાં જેઠાણી. સ્વ. વિજયભાઈ તથા સ્વ. જયશ્રીબેન ગૌતમભાઈ પટેલનાં માતુશ્રી. યોજનાનાં સાસુજી. વિરાજ, વિરલ, અર્પિતા આશુતોષ ચુરીનાં મોટી મમ્મી. ધરિતા, આયુષ-રિદ્ધિ, સુચના સાગર દમાણીનાં દાદીમા. ૨૬-૩-૨૬નાં રોજ દેવલોક પામ્યા છે.

### કપોળ

વાવેરાવાળા હાલ કાંદિવલી, સ્વ. પુષ્પાબેન બાલુભાઈ દોશીના જયેષ્ઠ પુત્ર શરદ (ઉં.વ. ૭૮) મંગળવાર, ૨૪-૩-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે વાસંતીબેનના પતિ. નીલેશ-પ્રશાંતના પિતા. ભાવના-ભારતીના સસરા. નલીન, વિજય, સ્વ. હંસાબેન શાંતિલાલ, સ્વ. કંચનબેન દીલિપ કુમાર, અ.સૌ. જ્યોત્સના (જયશ્રી) હરેન્દ્ર કુમારના ભાઈ. ઝરણા, પ્રજ્ઞાના જેઠ. સ્વ. લલીતાબેન શાંતિલાલ હરીલાલ સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા રવિવાર, તા. ૨૯-૩-૨૬ના ૫થી ૭. સ્થળઃ લોહાણા બાળાશ્રમ, મથુરાદાસ એક્સટેંશન રોડ, આનંદ નગર, કાંદિવલી (૫.) સર્વ લૌકિક પ્રથા બંધ છે.

### કચ્છી ભાટીયા

દિનેશ ગોરધનદાસ રામૈયા (ઉં. વ. ૮૧) તે સ્વ. દેહુતિબેન (માઘીબેન)ના પતિ. સ્વ. ઝવેરબેન અને ગોરધનદાસ રામૈયાના પુત્ર. તે સ્વ. રોમેશ તથા ઇલેશના પિતા. કૃપા ઇલેશ રામૈયાના સસરા. ક્રીતી અને પાર્થના દાદા. તે સ્વ. શાંતિબેન, સ્વ. સાવિત્રીબેન, સ્વ. બહાદુરસિંહ, બિપીન, સ્વ. શ્વેતનાબેન તથા સ્વ. બેબીબેનના ભાઇ. તા. ૨૫-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૮-૩-૨૬ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. જલારામ હોલ, જુહુ જોગર્સ પાર્કની સામે, એન. એસ. રોડ-૬, વિલેપાર્લે (વે).

### હાલાઇ લોહાણા

મૂળગામ જૂનાગઢ હાલ વસઈ, હરિદાસ (ભીખુમામા) શામજીભાઈ ઠક્કર (ઉં.વ. ૭૬) તે સ્વ. ચંદ્રિકાબેનના પતિ. જય મિહિર તથા મીનલ કમલેશ રાયઠઠ્ઠાના પિતા. સુજાતા તથા જીજ્ઞાના સસરા. સ્વ. ભગવાનદાસ (કાકુભાઇ) અનડાના ભાણેજ. સ્વ. કનૈયાલાલ હરગોવિંદદાસ ઠક્કરના જમાઈ. ૨૫/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૨૭/૩/૨૬ના ૪ થી ૬. ન્યુ સ્વામિનારાયણ મંદિર, પહેલે માળે, પાર્વતી ટોકીઝ પાછળ, સાઈનગર, વસઈ વેસ્ટ.

### કપડવંજ દશા પોરવાડ

ઉમરેઠવાળા હાલ મુંબઈ, શૈલેશ કાંતિલાલ પરીખ (ઉં.વ. ૮૦) બુધવાર, તા. ૨૫/૩/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. ગં.સ્વ. અમિતાબેનના પતિ. જીગ્નેશ અને ખ્યાતિના પિતા. કવિતા અને રોનકભાઈના સસરા. મહિનના દાદા અને મંથનના નાના. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૮/૩/૨૬ના સાંજે ૫ થી ૭. શ્રી લુહારસુતાર જ્ઞાતિ હિતેચ્છક મંડળ વેલ્ફેર સેન્ટર, અંબાજીમાતાના મંદિર પાસે, કસ્તુરબા રોડ નં.૩, બોરીવલી પૂર્વ.

### ઘોઘારી લોહાણા

વરસડા નિવાસી હાલ નાલાસોપારા, સ્વ. નાથાલાલ મેઘજી આયાના પુત્ર ધીરજલાલ આયા (ઉં.વ. ૮૨) ૨૬/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે હીનાબેનના પતિ. યોગેશ, પારૂલ નિલેશ ખોખાણી, વર્ષા દેવાંગ શાહના પિતા. સ્વ. જયંતીલાલ, સ્વ. ભુપેન્દ્રભાઈ, ગં.સ્વ. રેખાબેન કિશોરભાઈ મણિયારના ભાઈ. સાસરાપક્ષે જામખંભાળિયા નિવાસી સ્વ. કાંતિલાલ નાનાલાલ વસંતના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ચોરાસી મેવાડા બ્રાહ્મણ

સ્વ. અનંતરાય કાલિદાસ જોષીના પુત્રવધૂ તથા જયેન્દ્રભાઈના ધર્મપત્ની બીનાબેન (ઉં.વ. ૬૪) ૨૫/૩/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સ્વ. બિપીનભાઈ, મહેશભાઈ, ભરતભાઈ, ઉમેશભાઈ, સ્વ. ઇલાબેન જગદીશભાઈ, અરુણાબેન અરુણકુમાર, કિરણ પ્રકાશકુમાર, ગીતા પ્રબોધકુમારના ભાઈના પત્ની. મહાલક્ષ્મી નિવાસી અરવિંદભાઈ પંડ્યાના દીકરી. રાજેશ, ઈલા, કીર્તિભાઇ, સંગીતાના બહેન. બન્ને પક્ષની પ્રાર્થનાસભા ૨૮/૩/૨૬ના ૪ થી ૬. સ્વસ્તિક પાર્ક, બી વિંગ, ફ્લેટ નં ૩૦૪, જવાહર નગર, ગોરેગાવ વેસ્ટ.

### લેઉવા પટેલ

દામનગર નિવાસી હાલ બોરીવલી, સ્વ. ભૂપતભાઈ દેવજીભાઈ નારોલા તથા ગં.સ્વ. કાન્તાબેન નારોલાના સુપુત્ર યોગેશ ભૂપતભાઈ પટેલ (નારોલા) (ઉં.વ. ૬૬) ગુરુવાર, તા.૨૬-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે રાજેશભાઇ ભૂપતભાઈ નારોલા, પ્રકાશભાઇ ભૂપતભાઈ નારોલા તથા રૂપલબેન વિનોદકુમાર ત્રાપાસિયાના મોટાભાઇ. ગીતાબેન રાજેશભાઇ નારોલા, વર્ષાબેન પ્રકાશભાઇ નારોલાના જેઠ. નિશાબેન હેમાંગકુમાર મેવાડા તથા બીનાબેન અર્પણકુમાર પટેલના પિતા. ભાવનાબેનના પતિ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૭-૩-૨૬ના બપોરના ૪ થી ૬. પરજિયા સોનીવાડી, શીંપોલી રોડ, બોરીવલી વેસ્ટ.

### જનોડ એકડા વિશા ખડાયતા, મુંબઈ

બોરીવલી નિવાસી, અ.સૌ. અનિતાબેન વિજયકુમાર શાહ (ઉં.વ. ૫૯) તે વિજયકુમાર ત્રિભોવનદાસ શાહના ધર્મપત્ની. તે જયના માતુશ્રી. સ્વ. ત્રિભુવનદાસ અને સ્વ. મધુકાંતાની પુત્રવધૂ. પ્રફુલ્લાબેન, સ્વ. કુસુમબેન, દિપ્તીબેન અને હર્નિશાબેનના દેરાણી. મલાડ નિવાસી, સ્વ. રજનીકાંત રવચંદદાસ શાહની સુપુત્રી. ગોપાલભાઈ, અલકાબેન, જાગૃતિબેન, વિહારીકાના બહેન. તા. ૧૬-૩-૨૬ને સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮-૩-૨૬ને શનિવારે, સવારે ૯.૦૦ થી ૧૧.૦૦. શ્રી ઠક્કાઈ ભાટીયા સેવા ફંડ હોલ નં.૪, એસ.વી. રોડ, કાંદીવલી વે.

### કચ્છી ભાટીયા

મુન્દ્રા-મુંબઈ, ગં.સ્વ. લીલાવંતીબેન (ઉં.વ. ૯૭) લક્ષ્મીદાસ ઈબજી આશરના ધર્મપત્ની. સ્વ. સુરેશભાઈ, સ્વ. જયાબેન - ભરતકુમાર સંપટ, નલીનીબેન-રાજેનભાઈ બજરીયા, યશવંત (યશુ), કલ્પનાબેન - અશોકભાઈ ઠક્કર (ગાજરીયા), સ્વ. કાનાબેનના માતુશ્રી. સ્વ. હર્ષાબેન તથા નિશાબેનના સાસુમા. અશ્વિન-ડિમ્પલ, જીગ્નેશ-કાજલ, ફોરા-હાર્દીક જૈન, ધર્મેશ-ઉર્વશી, ચૈતાલી-અભીષેક, ધવલ- પૂજા, ખ્યાતિના બા. લક્ષ્મીબેન લાલજી પાલેજાના સુપુત્રી. સોમવાર, તા. ૨૩-૩-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા શનિવાર, તા. ૨૮-૩-૨૬ના સાંજે ૫ થી ૭. કલબ હાઉસ, ઉતોપીયા ગાર્ડન ગ્રો, ફેસ-૨, ચીકુવાડી, સિમ્પોલી મેટ્રો સ્ટેશન પાસે, બોરીવલી વેસ્ટ.

### દશા ઝારોળા વણિક

ભાવનગર નિવાસી હાલ થાણે, હર્ષદ જસવંતરાય બક્ષી (ઉં.વ. ૭૯) તા. ૨૩-૩-૨૬ સોમવારના શ્રીજીચરણ પામેલ છે. માતુશ્રી સ્વ. ચંદ્રકાંતાબેન, દક્ષાબેનના પતિ. ધવલના પિતા-અંજલિના સસરા. તનિષી-ટ્વિશાના દાદા. સ્વ. રંજનબેન, સ્વ. બિપીનચંદ્ર તથા સ્વ. પ્રદીપભાઈના નાનાભાઈ. આશિષ-હિરલ, મિહિર-હેતલ અને વિજલ-હિમાંશુના કાકા. પ્રાર્થનાસભા તા. ૨૮-૩-૨૬ શનિવારના સાંજે ૪.૩૦ થી ૬.૩૦. સ્થળઃ કલબ હાઉસ, રુસ્તમજી અર્બેનિયા અકૂરા બિલ્ડિંગ, માજીવાડા, વૃંદાવન સોસાયટીની પાસે, થાણે વેસ્ટ.

### કુંભાર પ્રજાપતિ

મૂળ બાલંભા, હાલ મુંબઈ નિવાસી, સ્વ. વસંતભાઈ દામજીભાઇ મકવાણા (ઉં.વ. ૮૪) સ્વ. મુદ્રિકાબેન વસંતભાઈ મકવાણા (ઉં.વ. ૮૧) રવિવાર, તા. ૨૨-૩-૨૬ના સ્વર્ગવાસી થયા છે. તે આશેષ, મનિષના પિતાશ્રી-માતુશ્રી. નીમુબેન અને સ્વ. ગીતાબેનના કાકા-કાકી. એકતા અને રૂપાના સસરા અને સાસુ. પાર્થ, તીર્થ અને પ્રથમના દાદા-દાદી. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨૭-૩-૨૬ના બપોરે ૪ થી ૫:૩૦. લૌકીક પ્રથા બંધ છે. સ્થળઃ કરસન લધુ નિસાર હોલ, જ્ઞાનમંદિર રોડ, એસ. કે. ભોલે માર્ગ, દાદર વેસ્ટ.

### અનાવિલ બ્રાહ્મણ

ચિખલી નિવાસી હાલ કાંદિવલી, ઉમાબેન હર્ષદરાઈ દેસાઈ (ઉં.વ. ૮૯) સ્વ. મુકેશ હર્ષદરાઈ દેસાઈના બેન. સ્વ. તારા મુકેશ દેસાઈના નણંદ. રુપા મુકેશ દેસાઈ તથા જિનેશના ફોઈ. કિયાના જિનેશ શાહના દાદીફોઈ. તા. ૨૧/૩/૨૬ના અવસાન પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## જૈન મરણ

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

વંડા નિવાસી (હાલ વાલકેશ્વર) બિપીનભાઇ વનમાળીદાસ પટેલના ધર્મપત્ની અ. સૌ. તરૂબેન (ઉં. વ ૭૪) તા. ૨૫-૩-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ડો. રસીકભાઇ પટેલ, દીપાવલીબેન, જયોતિબહેન, અરુણાબહેન તથા વિલાસબેનના ભાભી. ડો. તેજસ-ડો. શીતલ, ડો. સૌમીલ , ડો. બીજલના કાકી. તે પિયર પક્ષે જેતપુર નિવાસી, શ્રી. કે. ડી. શેઠના દીકરી. તથા હસમુખભાઇ, ઉષાબેન અને નલીનીબેનના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### દશા શ્રીમાળી જૈન

જૂનાગઢ અગતરાઇ નિવાસી હાલ ઘાટકોપર ચંદ્રકાન્તભાઇ ગુલાબચંદ મિઠાણી (ઉં. વ. ૮૫) તા. ૨૫-૩-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. ગુલાબચંદ મિઠાણીના સુપુત્ર. તે સ્વ. અંદરજીભાઇ અને ભવાનભાઇના ભત્રીજા. તે સ્વ. દિવ્યાબેનના પતિ. હિતેશભાઇ અને સ્વ. જીજ્ઞેશભાઇના પિતાશ્રી. તે સુધાબેન ગાંધી, મધુબેન શેઠ, મીનાબેન ગાંધીના ભાઇ. તે મણીલાલ નાગરદાસ દાણી (પરવડી) ના જમાઇ. લૌકિક ક્રિયા બંધ રાખેલ છે.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

કાંડાગરાના ડો. હરેશ લાલજી રતનશી ગાલા (ઉં.વ. ૯૩) તા. ૨૫-૩-૨૬ના દેહપરિવર્તન કરેલ છે. મા. મઠાબાઈ લાલજીના પુત્ર. બિદડાના હાંસબાઈ ગાંગજી હિરજી વીરાના જમાઈ. સ્વ. લક્ષ્મીબેનના પતિ. ડો. નિતીન, પોનિલ, હશ્મીન, ડિલા, પ્રીનાના પિતા. સુર્યકાંત, અરૂણ, નેમચંદ (બબાશેઠ)ના ભાઈ. પ્રાર્થના શુક્રવાર, તા. ૨૭-૩-૨૬ સાંજે ૪ થી ૫.૩૦, શ્રી માટુંગા શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી વાડી (૧લે માળે) પ્રેમજી જેઠાભાઈ હોલ, ભાઉદાજી રોડ, માટુંગા (સે.રે) નિઃ ડો. નિતીન ગાલા, ૨/બી સીતારામ ભવન. શીવાજી પાર્ક, મું-૨૮.

### વિજાપુર સત્તાવીસ વીશા શ્રીમાળી જ્ઞાતિ જૈન

લીમ્બોદરા નિવાસી હાલ કાંદિવલી, સુધીરભાઈ શાહ (ઉં.વ. ૭૩) રસીકલાલ ડાહ્યાલાલ શાહના પુત્ર. તે કંચનબેન તથા આશાબેનના પુત્ર. શીતલ, રાહુલ, પ્રતિકના પિતાશ્રી. જપેનકુમાર, શીતલ, પાયલના સસરા. ગવાડા નિવાસી હાલ મુંબઈના નાથાલાલ મોતીલાલ શાહના જમાઈ. સિયા, પર્વ, ટીશા તથા રાશીના દાદા. મંગળવાર, તા. ૨૪/૩/૨૬ના અરિહંતશરણ પામ્યા છે. બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૨૮/૩/૨૬, શનિવારના સાંજે ૭:૦૦ થી ૦૮:૩૦. સ્થળઃ ઠાકુર ઇન્ટરનેશનલ સ્કૂલ, ૭મો માળ, છત્રપતિ શિવાજી રોડ, ઓફ એમ.જી. રોડ, કાંદિવલી વેસ્ટ.

### ઘોઘારી દશા શ્રીમાળી દેરાવાસી જૈન

ભાવનગર નિવાસી હાલ અંધેરી, સ્વ. વસંત જેઠાલાલ શાહના સુપુત્ર જયંતભાઈ (ઉં.વ. ૭૧) તા. ૨૫/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે હર્ષાબેનના પતિ. મિલન અને લિપ્સાના પિતાશ્રી. નેહા અને દીપેશભાઈના સસરા. કાયરા, અનેરી, ક્રિસાના દાદા. સ્વ. કમળાબેન શાંતિલાલ ખંધારના જમાઈ. સ્વ. અરુણભાઈ, કિરણભાઈ, પુષ્પાબેન, રેણુકાબેન અને સ્વ. અનીલાબેનના ભાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### ઘોઘારી વિશા શ્રીમાળી જૈન

ઘોઘા નિવાસી હાલ મુલુંડ, માતુશ્રી પુષ્પાબેન ભૂપતરાય પારેખના સુપુત્ર હરેશભાઈ ભુપતરાય પારેખ (ઉં.વ. ૭૨) બુધવાર, તા. ૨૫/૩/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે અજીતભાઈ, ભરતભાઈ, સ્વ. શૈલેષભાઈ તથા સ્વ. રાજુલબેન સતીષકુમાર શાહના ભાઈ. સ્વ. પ્રવિણાબેનના પતિ. પૂજા જતીનકુમાર શાહના પિતાશ્રી. ઘોઘા નિવાસી હર્ષદરાય ચુનીલાલ શાહ તથા પ.પૂ. નિરાગચંદ્ર વિજયજી મ.સાના સંસારી ભાણેજ. પાલિતાણા નિવાસી, હાલ દિલ્હી ભોગીલાલ પ્રેમચંદ શાહના જમાઈ. સાદડી તથા લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે. સ્થળઃ ડીર- ૨૬/૨૮, કર્મક્ષેત્ર, સન્મુખાનંદ હોલ પાસે, કિંગ્સ સર્કલ, મું. ૩૭

## છેલ્લા પાનાનું ચાલુ

### મહારાષ્ટ્ર વિધાન

રાજ્યસભામાં ચૂંટાયા. હવે ઉદ્ધવ જૂથ માગ કરી રહ્યું છે કે વિધાન પરિષદ માટે પણ આ જ ફોર્મ્યુલાનો ઉપયોગ કરવામાં આવે. અગાઉ સાંસદ સંજય રાઉતે માગ કરી હતી કે શરદ પવારને રાજ્યસભામાં મોકલવામાં આવે અને વિધાન પરિષદની બેઠક શિવસેના માટે છોડી દેવામાં આવે.

### વીડિયો વાઈરલ

વીડિયો સામે આવ્યા હતા. આમાંથી કેટલાક વીડિયો સોશ્યલ મીડિયા અને વૉટ્સઍપ ગ્રૂપ્સમાં નજરે પડ્યા હતા, જેને પગલે એસઆઈટીએ તેની તપાસ હાથ ધરી હતી, એમ અધિકારીએ જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે અહિલ્યાનગરના કોપરગાંવમાં રહેતા રાહુલ ગંગાધર શિંદેએ એક મહિલા સાથેનો ખરાતનો વાંધાજનક વીડિયો પચીસ માર્ચે વૉટ્સઍપના એક ગ્રૂપમાં શૅર કર્યો હતો. બાદમાં આ વીડિયો કોપરગાંવમાં જ રહેતા યોગેશ પંઢરીનાથ આઢાવે બીડના માજલગાંવમાં રહેતા તેના મિત્ર સંદીપ ગરજેને ફોરવર્ડ કર્યો હતો.

કોપરગાંવ પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને ઈન્ફર્મેશન ટેક્નાલૉજી ઍક્ટ હેઠળ ગુનો નોંધી શિંદે અને આઢાવની ધરપકડ કરી હતી. પોલીસ ગરજેની શોધ ચલાવી રહી છે, એવું અધિકારીએ જણાવ્યું હતું.

બન્ને આરોપીની ધરપકડના સમાચારને સમર્થન આપતાં અહિલ્યાનગરના પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ સોમનાથ ઘુધેએ ચેતવણી આપી હતી કે આવા વાંધાજનક વીડિયો વાયરલ કરનારા સહિત સોશ્યલ મીડિયા ઍડ્મિનિસ્ટ્રેટર્સની ધરપકડ કરવામાં આવશે અને વધુ કાનૂની પગલાં લેવામાં આવશે. (પીટીઆઈ)

### પુણેના ઉદ્યોગપતિની

મુજબ તેને મર્સિડીઝ કાર ભેટમાં આપી હતી, ઉપરાંત તેના ફાર્મહાઉસના બાંધકામ માટે ૨.૫ કરોડ રૂપિયા આપ્યા હતા. ખરાતે ફરિયાદીને,વિદેશમાં તેમના વ્યવસાયની સફળતા માટે યોજાનારી અવતારપૂજા માટે ઊર્જા મેળવવા માટે ત્રણ દેશોની મુલાકાત જરૂરી હોવાનું કહ્યું હતું. ખરાતે તેમની સમક્ષ પાંચ વર્ષમાં ૨૧ દેશોની મુલાકાત લેવાની માંગ પણ મૂકી હતી.

તેમની ફરિયાદના આધારે બુધવારે નાશિકના સરકારવાડા પોલીસ સ્ટેશનમાં ખરાત વિરુદ્ધ છેતરપિંડી અને મહારાષ્ટ્ર માનવ બલિદાન નિવારણ અને નાબૂદી અધિનિયમ, અન્ય અમાનવીય અને અઘોરી પ્રથાઓ અને કાળા જાદુ અધિનિયમ હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ખરાત વિરુદ્ધ નોંધાયેલો આ આઠમો કેસ છે.

પુણેના હડપસરના રહેવાસી ૫૧ વર્ષીય રાજેન્દ્ર જસુદે પોતાની ફરિયાદમાં જણાવ્યું હતું કે તે ૨૦૧૮ માં ખરાતના સંપર્કમાં આવ્યો હતો. તે વિદેશમાં લોજિસ્ટિક્સ બિઝનેસ શરૂ કરવા માગતો હતો અને તેના એક મિત્રએ તેને સલાહ અને સૂચનો માટે ખરાતને મળવાનું સૂચન કર્યું હતું. તે મુજબ તે જૂન ૨૦૧૮માં નાશિકમાં ખરાતને મળવા ગયો અને તેમના આશીર્વાદ માગ્યા હતા. જ્યારે જસુદને ખબર પડી કે તેની સાથે છેતરપિંડી થઈ રહી છે, ત્યારે તેણે ખરાતને મર્સિડીઝ કાર અને તેના પર ખર્ચાયેલા પૈસા પાછા આપવા કહ્યું. જોકે, ગોડમેન એ જિલ્લાના વાવી પોલીસ સ્ટેશનમાં જસુદ વિરુદ્ધ પાંચ કરોડ રૂપિયાની ખંડણીનો કેસ દાખલ કર્યો હતો.

દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ખરાત વિરુદ્ધના કેસોની તપાસ માટે રચાયેલી એક સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) એ ગુરુવારે શહેરના એક પોશ વિસ્તાર કેનેડા કોર્નર ખાતેની તેની ઓફિસમાં દરોડા પાડ્યા હતા. સર્ચ ઓપરેશન દરમિયાન એસઆઈટી સભ્યોની સાથે ફોરેન્સિક ટીમ પણ હતી.

### ખરાતના મંદિરને

૧.૦૫ કરોડના વિકાસ કાર્યો માટે વહીવટી મંજૂરી આપવામાં આવી હતી, જેમાં હોલનું બાંધકામ, પરિસરમાં પેવર બ્લોક્સ, પુરુષો અને સ્ત્રીઓ માટે શૌચાલય, ચેન્જિંગ રૂમ, પાર્કિંગ સુવિધાઓ, ભક્તો માટે રહેવાની વ્યવસ્થા, બગીચો અને ઇલેક્ટ્રિક કામોનો સમાવેશ થાય છે. મંજૂર રકમમાંથી, ૨૦૧૭-૧૮ નાણાકીય વર્ષ દરમિયાન ૨૫ લાખ રૂપિયા ફાળવવામાં આવ્યા હતા. આ મંજૂરી રાજ્યના અનેક જિલ્લાઓમાં ૫૮ ધાર્મિક સ્થળો, મંદિર પરિસર અને પ્રવાસન સુવિધાઓના વિકાસ માટે લગભગ ૧૧૨ કરોડ રૂપિયાના કામોને મંજૂરી આપવાના નિર્ણયનો એક ભાગ હતી.

અધિકારીઓએ સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે ધાર્મિક અને પર્યટન સ્થળોને ભંડોળ ફાળવવું એ વાર્ષિક ધોરણે હાથ ધરવામાં આવતી નિયમિત કવાયત છે અને ભંડોળ મંજૂર કરતી વખતે ખરાત સામે કોઈ આરોપો નહોતા.

ઈશાન્યેશ્વર મંદિરના કામો પીડબ્લ્યુડી દ્વારા હાથ ધરવામાં આવ્યા હતા. જિલ્લા વહીવટીતંત્રના સૂત્રોએ જણાવ્યું હતું કે યોજના હેઠળ નાસિક જિલ્લામાંથી સમાવિષ્ટ ચાર પ્રોજેક્ટ્સમાં મંદિરને સૌથી વધુ ફાળવણી થઈ હતી.

આઈપીએસ અધિકારી તેજસ્વી સાતપુતેના નેતૃત્વ હેઠળની એક સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (એસઆઈટી) ખરાત વિરુદ્ધ કેસની તપાસ કરી રહી છે. તેમાં કહેવામાં આવ્યું છે કે તેમની વિરુદ્ધ અત્યાર સુધીમાં છ ફોજદારી કેસ નોંધાયા છે, અને પીડિતોમાં એક ગર્ભવતી મહિલાનો પણ સમાવેશ થાય છે. મહારાષ્ટ્રના પોલીસ મહાનિર્દેશક (ડીજીપી) સદાનંદ દાતે અને રાજ્ય સરકાર ખરાત સામેના આરોપોની તપાસ પર નજર રાખી રહ્યા છે.

### કલ્યાણ, અંબરનાથ,

તરફ વળ્યા છે. જોકે, પેટ્રોલ પંપ સંચાલકો દ્વારા જણાવવામાં આવી રહ્યું છે કે ઇંધણનો પૂરતો પુરવઠો છે અને નાગરિકોએ ગભરાઈને બિનજરૂરી સંગ્રહખોરી ન કરવી જોઈએ તેવી અપીલ પણ કરવામાં આવી રહી છે. તેમ છતાં અનેક નાગરિકો સાવચેતી તરીકે વાહનોમાં પેટ્રોલ ભરાવી રાખવાને પ્રાથમિકતા આપી રહ્યા છે, જેના કારણે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પેટ્રોલ અને સીએનજી પંપો પર ભીડ જોવા મળી રહી છે.

### એકતરફી પ્રેમમાં

દીધું હતું. સગીરા ટાળતી હોવાનું જોઈ આરોપી ગિન્નાયો હતો. બુધવારે સવારે સગીરા મુલુંડની કૉલેજમાં પહોંચી ત્યારે આરોપી પણ તેની પાછળ પાછળ આવ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર સગીરા કૉલેજમાં તેની સાથે ભણતા મિત્ર સાથે વાત કરતી ઊભી હતી ત્યારે પાછળથી આવેલા આરોપીએ સગીરાના ગળા ફરતે હાથ ભેરવ્યો હતો. પછી 'તું મારી સાથે વાત શા માટે નથી કરતી' એવું કહીને કોયતાથી ધમકાવવા લાગ્યો હતો. સગીરા કંઈ સમજે તે પહેલાં આરોપીએ સગીરા તરફ કોયતો વીંઝ્યો હતો. જોકે સગીરાનો મિત્ર વચ્ચે પડતાં તેની ગરદન પર કોયતાનો ઘા થયો હતો.

કોયતાથી હુમલો થતાં જ વિદ્યાર્થીઓમાં બૂમાબૂમ મચી હતી, જેને પગલે આરોપી ફરાર થઈ ગયો હતો. જખમી વિદ્યાર્થીને લોહીલુહાણ હાલતમાં અન્ય વિદ્યાર્થીઓ હૉસ્પિટલે લઈ ગયા હતા. તેને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો.

દરમિયાન બનાવની જાણ થતાં મુલુંડ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. સગીરાની ફરિયાદને આધારે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પોલીસે ૨૪ કલાકમાં જ આરોપી બનસોડેને પકડી પાડ્યો હતો.

### કમલા મિલ

ટેક્સ નહીં ભરનારાઓએ ૩૧ માર્ચ, ૨૦૨૬ પહેલા ટેક્સ ચૂકવી દેવો આવશ્યક રહેશે. નાગરિકો ટેક્સ ભરી શકે તે માટે રજાના દિવસે પણ સવારના આઠથી રાતના ૧૦ વાગ્યા સુધી પાલિકાની ઓફિસમાં સેન્ટરો ખુલ્લા હશે. તેમ જ ઓનલાઈન પર ટેક્સ ભરી શકાશે.

### સગીરે બેફામ

પર બની હતી. આ માર્ગનું કામ હજુ અધૂરું હોવાથી વાહનો સંભાળીને ચલાવવાં પડે છે.

અનેક ગાર્મેન્ટ સ્ટોર્સનો માલિક શ્રીનિવાસ તાંડલે (૪૨)એ ફિટનેસ માટે સાઈકલિંગ શરૂ કર્યું હતું. સાઈકલિંગના પહેલા જ દિવસે આ ઘટના બની હતી. શ્રીનિવાસ સાઈકલ પર પસાર થતો હતો ત્યારે પુરપાટ વેગે આવેલી કારે તેને ટક્કર મારી હતી. ટક્કરને કારણે શ્રીનિવાસ હવામાં ફંગોળાઈને દૂર પટકાયો હતો. અકસ્માત બાદ સગીર કાર સાથે ઘટનાસ્થળેથી રવાના થઈ ગયો હતો.

ગંભીર રીતે ઘવાયેલા બિઝનેસમૅનને હૉસ્પિટલમાં લઈ જવામાં આવતાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. દરમિયાન પોલીસે ઘટનાસ્થળ આસપાસના પરિસરમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજને આધારે કારને ઓળખી કાઢી હતી. ટ્રેસ કરતાં કાર કલ્યાણની એક બિલ્ડિંગ નીચે પાર્ક હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસ કારના માલિક સુધી પહોંચી ત્યારે ઘટના સમયે સગીર કાર ચલાવતો હોવાનું જાણવા મળ્યું હતું.

પોલીસે સગીરને તાબામાં લઈ તેની વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો અને મોટર વેહિકલ ઍક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે ખડકપાડા પોલીસ વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

### મીઠી નદીના

માટે બાકી રહેલા ૧૪૦ કરોડમાંથી ૯૦ કરોડ રૂપિયા ફાળવવાનો પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં મંજૂરી માટે લાવી હતી. ભંડોળને ટ્રાન્સફર કરવાના પ્રસ્તાવ પર બુધવારે સ્થાયી સમિતિમાં ચર્ચા કરવામાં આવી હતી, જેના પર કૉંગ્રેસે છેલ્લા ત્રણ વષના ભંડોળ-ટ્રાન્સફરની માગ કરી હતી.

પાલિકાના એડિશનલ કમિશનર વિપીન શર્માએ આ બાબતે ખુલાસો આપતા કહ્યું હતું કે મીઠી નદીના કામમાં બ્લેક લિસ્ટ થયેલા કૉન્ટ્રેક્ટરોને કોઈ ચૂકવણી કરવામાં આવી નથી, તેને કારણે ભંડોળનો એક ભાગ વપરાયેલા વગરનો પડી રહ્યો છે. આ રકમ માર્ચ અંત સુધીમાં વાપરી નહીં તો તે લેપ્સ થઈ જશે. તેથી સ્થાયી સમિતિના અધ્યક્ષે આ ભંડોળને ટ્રાન્સફર કરવાની મંજૂરી આપી હતી. જોકે સ્થાયી સમિતિમાં સભ્યોએ ઊભા કરેલા સૂચનોને ધ્યાનમાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. નોંધનીય છે કે ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ ફ્લાયઓવર એક્સટેન્શનમાં બે ભાગનો સમાવેશ થાય છે. એક વાશી તરફ ૮.૫ મીટર પહોળો, ૧,૪૭૩ મીટરનો પટ્ટો અને ૧,૯૩૦ મીટરનો રિટર્ન પટ્ટો. આ પ્રોજેક્ટનો કુલ ખર્ચ લગભગ ૧,૦૫૧ કરોડ રૂપિયાનો છે અને તેનો હેતુ માનખુર્દમાં મહારાષ્ટ્ર નગર જંકશન પર ભીડ ઓછી કરવાનો છે, જ્યા ઘાટકોપર-મુલુંડ લિંક રોડ સાયન-પનવેલ હાઈવેને મળે છે. જોકે હાલમાં ફક્ત ૩૪૪ કરોડ રૂપિયા ઉપલબ્ધ હોવાથી પ્રોજેક્ટ પૂરો કરવામાં અડચણ આવી રહી છે. અપૂરતા ભંડોળને પગલે પાલિકા પ્રશાસને રીવર ઈમ્પ્રુમેન્ટ બજેટ (નદી સુધારણા પ્રોજેક્ટ)માંથી ભંડોળ મેળવવાની યોજના ધરાવે છે.

### હવે વ્યંડળ

ઝીરવળને મુંબઈના કુરાર પોલીસ સ્ટેશનમાં ઝીરવળના સાથે વીડિયોમાં દેખાતા ટ્રાન્સજેન્ડર વ્યક્તિ વિરુદ્ધ ખંડણીનો કેસ દાખલ કર્યો છે. ટ્રાન્સજેન્ડર પવન યાદવ અને નરહરિ ઝીરવળના વાયરલ વીડિયો અંગે મીડિયા સાથે વાત કરતા, પવન યાદવના ભાઈ રવિ યાદવે ખુલાસો કર્યો કે આ વીડિયો કોણે વાયરલ કર્યો છે.

રવિ યાદવે કહ્યું કે વાયરલ વીડિયોમાં પ્રધાન નરહરિ ઝીરવળ દેખાય છે અને સાથે મારો ભાઈ પવન યાદવ છે. આ વીડિયો મારા ભાઈ પવન યાદવે રેકોર્ડ કર્યો છે. રવિ યાદવે એવો પણ દાવો કર્યો છે કે નરહરિ ઝીરવળના ટ્રાન્સજેન્ડર પવન યાદવ સાથે અનૈતિક સંબંધો હતા. રવિ યાદવે કહ્યું કે પવન રાજ્ય સરકારના ટ્રાન્સજેન્ડર બોર્ડમાં મોટું પદ ઇચ્છતો હતો, જેના કારણે તેનો અને ઝીરવળ વચ્ચે સંબંધ હતો. રવિ યાદવે નરહરિ ઝીરવળ પર કેટલાક ગંભીર આરોપો પણ લગાવ્યા છે. આ કથિત વાયરલ વીડિયો પછી વિપક્ષ પ્રધાન નરહરિ ઝીરવળના રાજીનામાની માંગ કરી રહ્યો છે.

### વંદે ભારત પછી

પ્લેટફોર્મનું નિર્માણ છે. મુંબઈ ઉપનગરીય રેલવે હાલમાં વિરાર અને દહાણુ સુધી મર્યાદિત હોવા છતાં મોટી સંખ્યામાં દૈનિક મુસાફરો તેનાથી આગળ વાપી, વલસાડ, નવસારી અને સુરત સુધી મુસાફરી કરી રહ્યા છે. સુરતના હીરા ઉદ્યોગ, કાપડ બજાર, વાપી-વલસાડ ઔદ્યોગિક પટ્ટો અને મુંબઈમાં સેવા ક્ષેત્રને કારણે આ રૂટ પર મુસાફરોની સંખ્યા સતત વધી રહી છે. જોકે હાલમાં આ રૂટ પર કેટલીક મેમૂ અને ડેમૂ ટ્રેનો દોડી રહી છે, પરંતુ પૂર્ણપણે વિકસિત ઉપનગરીય નેટવર્ક જેવી કોઈ લોકલ સેવા ઉપલબ્ધ નથી.

આ વસ્તુસ્થિતિને ધ્યાનમાં રાખીને, સુરત સ્ટેશન પર બનતું અલગ ઉપનગરીય પ્લેટફોર્મ રેલવેનું ભવિષ્યનું આયોજન છે, જેમાં ૨૦૦ થી ૩૦૦ કિમીના અંતર માટે નમો ભારત અને વંદે મેટ્રો જેવી ઝડપી શહેરી રેલ સેવાઓ પર ભાર મૂકવામાં આવશે. તે મુજબ, વિરાર અને સુરત વચ્ચે આવી આધુનિક ઉપનગરીય સેવાઓ શરૂ કરવાની યોજના છે.

### ...પણ હવે

કિલોવોટ જેટલો હોય છે. હજારો ઘરોમાં એકસાથે આ ઉપકરણો શરૂ થવાને કારણે ટ્રાન્સફોર્મર પર લોડ વધી ગયો છે અને તેના લીધે ટેકનિકલ ખામી સર્જાવાના કિસ્સાઓ વધી રહ્યા છે. નાલાસોપારામાં તાજેતરમાં જ વીજળીના ભારને કારણે બે ટ્રાન્સફોર્મરમાં ખામી સર્જાઈ હતી. આના પરિણામે સંબંધિત વિસ્તારોનો વીજ પુરવઠો અમુક સમય માટે ખોરવાઈ ગયો હતો. આવા બનાવો વારંવાર ન બને અને તેના પર નિયંત્રણ રહે તે માટે ગ્રાહકોએ ઇન્ડક્શનના વપરાશ પહેલાં પોતાના ઘરનો મંજૂર લોડ કેટલો છે તે તપાસી લેવો જોઈએ અને વધારાના લોડ માટે મહાવિતરણ પાસેથી મંજૂરી લેવી જોઈએ, તેવી અપીલ કરાઇ છે.

અધિકારીઓએ માહિતી આપી હતી કે વધેલા ભારણ માટે મંજૂરી લીધા વિના વીજળીનો ઉપયોગ કરતા નાગરિકોની તપાસ કરવા માટે એક ખાસ ટીમ બનાવવામાં આવશે.

### ટૂ-વ્હીલરને

ભારે ભીડ એકઠી થઈ ગઈ હતી. થોડી જ વારમાં, પેટ્રોલપંપ પર લાંબી કતારો લાગી ગઈ અને ભીડ બેકાબૂ થઈ ગઈ હતી. જ્યારે વહીવટીતંત્રને આ વાતની જાણ થઈ, ત્યારે તેણે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સ્થળ પર પોલીસ દળ તહેનાત કર્યું. કતારોમાં વિવાદ ટાળવા માટે હવે દરેક વાહનમાં પોલીસની હાજરીમાં જ ઇંધણ ભરવામાં આવી રહ્યું છે. શહેરના અન્ય પંપ બંધ થવાથી આ પેટ્રોલ પંપ પર દબાણ વધ્યું છે. આ સમગ્ર ઘટના પછી જાલનાનો પુરવઠા વિભાગ પણ સફાળો જાગ્યો છે અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પેટ્રોલ અને ડીઝલ પર રેશનિંગ લાગુ કર્યું છે. નવી માર્ગદર્શિકા મુજબ કોઈપણ ટુ-વ્હીલર ચાલકને ૨૦૦ રૂપિયાથી વધુનું પેટ્રોલ નહીં મળે. તે જ પ્રમાણે ત્રણ પૈડાંવાળા અને ચાર પૈડાંવાળા વાહનો માટે આ મર્યાદા ૨૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે. પંપ સંચાલકોને પણ આદેશ આપવામાં આવ્યો છે કે તેઓ કોઈને પણ બોટલ કે કેનમાં તેલ ન આપે, જો તેઓ આમ કરતા પકડાશે તો તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. જિલ્લામાં ઇંધણ પુરવઠો સુચારું કરવા માટે યુદ્ધના ધોરણે પ્રયાસો ચાલી રહ્યા છે. વહીવટીતંત્રે પેટ્રોલ પંપ માલિકોને નિયમોનું કડક પાલન કરવાનો નિર્દેશ આપ્યો છે. અધિકારીઓએ લોકોને સંયમ જાળવવા અને કોઈપણ પ્રકારની અફવાઓ પર ધ્યાન ન આપવા અપીલ કરી છે. હાલમાં પરિસ્થિતિ તણાવપૂર્ણ છે, પરંતુ પોલીસની હાજરીને કારણે અંધાધૂંધી ઓછી થઈ છે.



" માનસિક સ્વાસ્થ્ય એ આપણા એકંદર સુખાકારીનો મૂળભૂત ભાગ છે. ચાલો આપણે બધા સાથે મળીને એવું વાતાવરણ બનાવીએ જ્યાં માનસિક સ્વાસ્થ્ય વિશે વાતચીત સામાન્ય અને સહજ થઈ શકે. "

**શ્રી. નરેન્દ્ર મોદી**
માનનીય પ્રધાનમંત્રી

स्वास्थ्य एवं परिवार कल्याण मंत्रालय
MINISTRY OF HEALTH AND FAMILY WELFARE

Tele MANAS 14416

# ટેલી માનસ

## ભારતનો રાષ્ટ્રીય ટેલી માનસિક સ્વાસ્થ્ય કાર્યક્રમ

સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, ભારત સરકારની પહેલ

## શું તમે કોઈ માનસિક સ્વાસ્થ્ય સમસ્યાનો સામનો કરી રહ્યા છો?

ટેલી માનસ દ્વારા ગમે ત્યારે, ગમે ત્યાં સહાયતા મેળવો.
૨૪/૭, ૨૦+ ભાષાઓમાં, સમગ્ર ભારતમાં ઉપલબ્ધ.

### આમાંની કોઈપણ ચિંતાઓ માટે અમને કૉલ કરો

- ઉદાસી, ચિંતા અથવા તણાવ
- ઊંઘની સમસ્યા
- પરીક્ષાનો તણાવ
- કૌટુંબિક સમસ્યાઓ
- આત્મહત્યાના વિચારો
- નશાથી સંબંધિત સમસ્યાઓ
- સંબંધોમાં સમસ્યાઓ
- યાદશક્તિ સમસ્યાઓ
- નાણાંકીય ચિંતા અથવા અન્ય માનસિક સ્વાસ્થ્ય ચિંતાઓ/મુદ્દાઓ

" છેલ્લાં ૩ વર્ષમાં, અમે ૩૦ લાખથી વધુ કોલ્સમાં મદદ કરી છે "

ટેલી માનસ એપ ડાઉનલોડ કરો અને સ્વ-સહાય સામગ્રી અને વેલનેસ અભ્યાસ મોડ્યૂલ જુઓ



## ટેલી માનસને કૉલ કરો

24/7

# 14416

**ટોલ-ફ્રી નંબર**

- ૧૦ પ્રાદેશિક ભાષાઓ + અંગ્રેજી અને હિન્દીમાં ઉપલબ્ધ
- દિવ્યાંગ વપરાશકર્તાઓ માટે એક્સેસિબિલિટી ફીચર્સ
- મળો 'અસ્મી'થી તમારા પ્રશ્નો, જાણકારી સંસાધનો અને સહાયતા માટે તમારા ચેટબોટ

અહીં સ્કેન કરો

ટેલી માનસ વિશે વધુ જાણવા અને એપ ડાઉનલોડ કરવા માટે!

CBC 17193/13/0010/2526

# ઊર્જા સંકટ વચ્ચે બનાસકાંઠાના બાયો-સીએનજી મોડલ દેશભરમાં ચર્ચાઃ ૧૫ રાજ્ય અપનાવશે આ મોડેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મધ્ય પૂર્વમાં યુદ્ધના કારણે સર્જાયેલા તણાવ વચ્ચે ઊર્જાના વિકલ્પો પર ચિંતનની જરૂર પેદા કરી છે, તેવા સમયે ગુજરાતના બનાસ બાયો-સીએનજી મોડલની ભારે ચર્ચા થઈ રહી છે. જેને ગુજરાત સરકારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના 'વેસ્ટ ટુ વેલ્થ' સૂત્ર હેઠળ વિકસાવ્યું છે. બનાસ બાયો-સીએનજી પ્લાન્ટ મોડલને કેન્દ્રીય જળશક્તિ મંત્રાલય અને કેન્દ્રીય સહકારિતા વિભાગના સંયુક્ત પ્રયાસો થકી દેશના લગભગ ૧૫ રાજ્યો પોતાને ત્યાં અમલી કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે. બનાસ ડેરી દ્વારા વિકસિત આ પ્રોજેક્ટ ગાયના છાણ જેવા જૈવિક કચરાને સ્વચ્છ બળતણ અને જૈવિક ખાતરમાં રૂપાંતરિત કરશે.

ગુજરાત સરકારે સહકારી દૂધ ઉત્પાદન મંડળીઓ દ્વારા નવા પ્લાન્ટ સ્થાપિત કરવા માટે રૂ. ૬૦ કરોડની વિશેષ જોગવાઈ કરી છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ રાજ્યમાં તબક્કાવાર રીતે લગભગ ૧૦ બાયો સીએનજી પ્લાન્ટ સ્થાપિત કરવાનો પ્લાન પ્રસ્તાવિત છે. બનાસકાંઠામાં દૈનિક ૪૦ મેટ્રિક ટન ગોબર પ્રોસેસિંગની ક્ષમતાવાળો બનાસ બાયો-સીએનજી પ્લાન્ટ છેલ્લા છ વર્ષોથી સફળતાપૂર્વક કાર્યરત છે. તેની સફળતાથી પ્રેરિત થઈને બનાસકાંઠામાં પાંચ મોટા બાયો-સીએનજી પ્લાન્ટ શરૂ કરવા માટે કામ ચાલી રહ્યું છે. હાલમાં, આયોજિત પાંચ પ્લાન્ટ્સમાંથી બે પ્લાન્ટ્સ કાર્યરત થઈ ગયા છે, જ્યારે ત્રીજો પ્લાન્ટ પૂરો થવાના અંતિમ તબક્કામાં છે

બનાસકાંઠામાં સ્થાપિત બાયો-સીએનજી પ્લાન્ટ્સ આશરે ૨૦ કિલોમીટરની ત્રિજ્યામાં આવેલા ૨૦-૨૫ ગામોના પશુપાલક પરિવારોને આવરી લે છે, જેઓ નિયમિતપણે છાણનો પુરવઠો પૂરો પાડે છે. ખેડૂતોને છાણ માટે પ્રતિ કિલોગ્રામ રૂ. એક ચૂકવવામાં આવે છે, જે અંદાજે ૪૦૦-૪૫૦ પશુપાલક પરિવારોને વધારાની આવક પણ પૂરી પાડે છે.

એટલું જ નહીં, પ્લાન્ટમાં ગેસ ઉપરાંત ખાતર કે અન્ય ઉત્પાદનો દ્વારા પણ આવક મેળવી શકાય છે. આ મોડલ હેઠળ દરરોજ આશરે ૧,૮૦૦ કિલોગ્રામ કોમ્પ્રેસ્ડ બાયોગેસનું ઉત્પન્ન થાય છે, જે આશરે રૂ. ૭૫ પ્રતિ કિલોગ્રામના ભાવે બજારમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. આ ઉપરાંત, લગભગ ૨૫ મેટ્રિક ટન ઘન જૈવિક ખાતર અને ૭૫ મેટ્રિક ટન પ્રવાહી જૈવિક ખાતરનું ઉત્પાદન થાય છે, જે અનુક્રમે આશરે રૂ. ૭ પ્રતિ કિલોગ્રામ અને રૂ. ૦.૫૦ પ્રતિ કિલોગ્રામના ભાવે વેચાય છે. આ ત્રણેય ઉત્પાદનો પ્લાન્ટ માટે દરરોજ રૂ. ત્રણ લાખથી વધુની આવક ઉત્પન્ન કરે છે, જે વાર્ષિક આશરે રૂ.૧૨ કરોડ સુધી પહોંચી શકે છે. ■

# વડા પ્રધાન ૩૧મી માર્ચે ગુજરાતમાં સાણંદની મુલાકાત લે તેવી સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી ફરી ૩૧મી માર્ચે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ સાણંદની મુલાકાત પણ લેશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

પીએમ મોદી સાણંદમાં આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરે તેવી માહિતી છે. જે કેન્સ ટેકનોલોજીની પેટાકંપની, કેન્સ સેમિકોન દ્વારા વિકસાવવામાં આવ્યો છે. આ પ્લાન્ટ સાણંદ જીઆઈડીસી એસ્ટેટમાં ૪૦ એકરથી વધુ જમીન પર ઊભો કરવામાં આવ્યો છે. ૩,૩૦૭ કરોડ રૂપિયાનો આ પ્રોજેક્ટ આઈએસએમ ૧.૦ હેઠળ મંજૂર કરાયેલા ૧૦ સેમિકન્ડક્ટર પ્લાન્ટનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે, જે ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ તરીકે સ્થાપિત કરવા તરફ એક મોટું પગલું રજૂ કરે છે. આ મુલાકાત સાણંદ જીઆઈડીસી ઔદ્યોગિક વિસ્તારના ઝડપી વિકાસને પણ દર્શાવી રહી છે. વર્ષ ૨૦૨૬ માં અહીં માઇક્રોન ટેકનોલોજી પ્રોજેક્ટના ઉદ્ઘાટન પછી, એઆઈ ડેટા સેન્ટર્સ અને કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ હાર્ડવેર માટે ઝડપથી ઉત્પાદન કેન્દ્ર બની રહ્યું છે. ■

# કંડલા સેઝની કંપનીના ગોદામમાં ભીષણ આગઃ ધુમાડાના ગોટેગોટા આદિપુર સુધી દેખાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કંડલા વિશેષ આર્થિક ક્ષેત્ર (કાસેઝ)માં આવેલી એક કંપનીના વેરહાઉસમાં ગત બુધવારે બપોરે અચાનક ભીષણ આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ એટલી વિકરાળ હતી કે તેના ધુમાડાના કાળા ડિબાંગ ગોટેગોટા છેક આદિપુર શહેર સુધી દેખાતા હતા, જેને પગલે આસપાસની કંપનીઓમાં કામ કરતા શ્રમિકો અને કર્મચારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

બપોરના સમયે લાગેલી આ આગની જાણ થતાં જ સૌ પ્રથમ કાસેઝનું અગ્નિશમન દળ ઘટનાસ્થળે પહોંચ્યું હતું. જોકે, આગની તીવ્રતા અત્યંત વધુ હોવાથી સ્થિતિ કાબૂ બહાર જણાતા તાત્કાલિક ધોરણે દીનદયાલ પોર્ટ ઓથોરિટી, ટિમ્બર એસોસિએશન અને ગાંધીધામ નગરપાલિકાના ફાયર ફાઇટરોની મદદ લેવામાં આવી હતી. અંદાજે ૧૦ જેટલા ફાયર ફાઈટરો દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગને અંકુશમાં લેવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા.

જે વેરહાઉસમાં આગ લાગી હતી તેમાં સ્ક્રેપ, લોખંડ, મશીનરી તેમજ વપરાયેલા જૂનાં કપડાંનો મોટો જથ્થો હોવાનું જાણવા મળ્યું છે. આ ઉપરાંત, કપડાં માટે વપરાતા કેમિકલના જથ્થાને કારણે આગે રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની પ્રચંડ ગરમી અને જ્વાળાઓને કારણે બાજુની કંપનીઓનાં વૃક્ષો પણ બળીને ખાખ થઈ ગયા હતા અને દીવાલો કાળી પડી ગઈ હતી.

આશ્ચર્યની બાબત એ છે કે, ઘટનામાં કઈ કંપનીમાં આગ લાગી છે તેને લઈને વિરોધાભાસી વિગતો સામે આવી રહી છે. કાસેઝના પી.આર.ઓ. સચિનસિંહના સત્તાવાર નિવેદન અનુસાર, આગ 'શ્રીજી કંપની'ના વેરહાઉસમાં લાગી હતી, જે લાંબા સમયથી બંધ હતું અને સાંજે જ આગ કાબૂમાં આવી ગઈ હતી. બીજી તરફ, ગ્રાઉન્ડ રિપોર્ટ મુજબ ઘટનાસ્થળે આગ બુઝાવી રહેલા ફાયર ફાઇટરના સભ્યોએ આગ 'બાબુ ઈન્ટરનેશનલ' નામની કંપનીમાં લાગી હોવાનું જણાવ્યું હતું.

હાલ તંત્ર દ્વારા આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા તપાસ હાથ ધરવામાં આવી છે. જોકે, વેરહાઉસમાં રહેલા જ્વલનશીલ જથ્થાને જોતા આગને સંપૂર્ણપણે શાંત કરતા ઘણો લાંબો સમય લાગી શકે તેમ હોવાનું અગ્નિશમન દળનાં સૂત્રોએ જણાવ્યું હતું. ■

# કંડલા અને મુન્દ્રા પોર્ટ ઉપર એક્સપોર્ટના કન્ટેનરો અટવાઈ પડતાં હવે ડેમરેજ ચાર્જનો બોજો પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હાલની પરિસ્થિતિએ અમેરિકા ઇઝરાયલ અને ઈરાન વચ્ચે જે યુદ્ધ ચાલી રહ્યું છે તેના કારણે ગુજરાતના કંડલા અને મુન્દ્રા બંદરેથી એક્સપોર્ટ થઈ રહેલા કન્ટેનરો પડ્યા રહ્યા છે, જેનો ડેમરેજ ચાર્જ લાખોમાં નહીં, પરંતુ કરોડોમાં ચૂકવવો પડે તેવી પરિસ્થિતિ ઊભી થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. સામાન્ય રીતે રોજના ૪૦૦ થી ૫૦૦ એક્સપોર્ટ અને ઈમ્પોર્ટના કન્ટેનરોની અવરજવર આ બંને પોર્ટ ઉપરથી થતી હોય છે, પરંતુ યુદ્ધના કારણે એક્સપોર્ટ અને ઈમ્પોર્ટની કામગીરી બંધ જેવી થઈ ગઈ છે. ગુજરાતના કંડલા અને મુન્દ્રા પોર્ટ પરથી એક્સપોર્ટ થઈ રહેલા કન્ટેનરો હાલ પોર્ટ ઉપર પડી રહ્યા છે અને વેરહાઉસમાં તમામ કન્ટેનરોનો ભરાવો થઈ ગયો છે અને પ્રતિદિન ૫૦૦ થી હજાર રૂપિયા અને તેનાથી પણ વધારે ડેમરેજ ચાર્જ દિવસે દિવસે વધતો જાય છે અને આ અંગે જ્યારે એક્સપોર્ટ કરવામાં આવે તે પહેલા ડેમરેજ ચાર્જ ભરવો પડશે તેવી ચિંતા એક્સપોર્ટરોને સતાવી રહી છે.

તો બીજી તરફ અખાતી દેશમાંથી આવતા મશીન પાર્ટ્સ, ડ્રાય ફ્રૂટ, ઓઇલ, પલ્સ, ઇન્ડસ્ટ્રિયલ ડીઝલ, કેરોસીનની પણ આયાત બંધ જેવી થઈ ગઈ છે. ખાસ કરીને ઇન્ડસ્ટ્રિયલ ડીઝલ કસ્ટમર ડિકલેર કરીને કેરોસીન અને ડીઝલની આયાત ગુજરાતના આ બે પોર્ટ ઉપર સૌથી વધારે કરવામાં આવે છે અને આ મિક્સિંગ કરેલું ડીઝલ ઇન્ડસ્ટ્રિયલ વપરાશ અને ટ્રાન્સપોર્ટરોને બારોબાર વેચી દેવામાં આવે છે. અગાઉ પણ ઇન્ડસ્ટ્રિયલ ડીઝલ ડિકલેર કરીને મિક્સિંગ કરેલું ડીઝલ લાવવાના કેસો નોંધાયેલા છે, પણ હાલ તેની આયાત ઉપર પણ બ્રેક લાગી ગઈ છે.

ટોચનાં સૂત્રોએ જણાવ્યું હતું કે કંડલા અને મુન્દ્રા બંદરેથી અખાતી દેશોમાં તેમજ યુકે, યુએસ અને રશિયામાં એગ્રો પ્રોડક્ટ વધારે એક્સપોર્ટ થતી હોય છે, પણ હાલ એક્સપોર્ટ પણ થઈ શકતું નથી જેની લાંબા ગાળાની અસરો એક્સપોર્ટરોને ભોગવવી પડશે સાથે સાથે ઓર્ડરો પણ કેન્સલ કરી દેવામાં આવે તેવી પણ શક્યતાઓ વધી ગઈ છે. મુંબઈના ન્હાવાસેવા પોર્ટ પછી ગુજરાતનું કંડલા અને મુન્દ્રા પોર્ટ એક્સપોર્ટ અને ઈમ્પોર્ટ માટે સૌથી મોટું પોર્ટ માનવામાં આવે છે, પરંતુ હાલ દરિયામાં જહાજની કોઈ ગતિવિધિઓ દેખાઈ રહી નથી અને મોટા પાયે નુકસાન થવાની ગણતરી એક્સપોર્ટરો અને ઈમ્પોર્ટરો કરીને બેસી રહ્યા છે, એટલું જ નહીં આયાત નિકાસની પ્રક્રિયા બંધ જેવી થઈ જવાને કારણે ટ્રાન્સપોર્ટરોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે તેવી પરિસ્થિતિ ઊભી થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ■

# અમદાવાદ અને સુરતમાં છ હજાર કરતાં વધુ લોકો પાસે હથિયારોનાં લાઇસન્સઃ આપે કર્યા સુરક્ષા સામે સવાલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વિધાનસભાના બજેટ સત્રના છેલ્લા દિવસે રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલા ડેટા મુજબ, અમદાવાદ શહેરમાં ૪,૩૩૨ અને સુરત શહેરમાં ૨,૪૮૧ લાઇસન્સ ધરાવતા હથિયાર ધારકો છે.

ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાના પ્રશ્નના જવાબમાં, સરકારે જણાવ્યું હતું કે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધીમાં, અમદાવાદ શહેરમાં ૪,૩૩૨ વ્યક્તિઓ અને અમદાવાદ જિલ્લાના અન્ય ભાગોમાં ૮૯૯ લોકો પાસે હથિયારોનાં લાઇસન્સ હતાં.

તેવી જ રીતે, સુરત શહેરમાં, લાઇસન્સ પ્રાપ્ત હથિયારો ધરાવતા વ્યક્તિઓની સંખ્યા ૨,૪૮૧ હતી, જ્યારે સુરત જિલ્લાના અન્ય ભાગોમાં આવા ૪૦૧ વ્યક્તિઓ હતા.

૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા છેલ્લા એક વર્ષમાં, અમદાવાદ શહેરમાં ૧૪૧ વ્યક્તિઓએ હથિયારોના લાઇસન્સ માટે અરજી કરી હતી, જેમાંથી ૪૧ને મંજૂરી આપવામાં આવી હતી, નવને નામંજૂર કરવામાં આવ્યા હતા અને ૭૪ પેન્ડિંગ છે.

સુરત શહેરમાં, ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ પૂરા થયેલા છેલ્લા એક વર્ષમાં, ૭૪ વ્યક્તિઓએ હથિયારોના લાઇસન્સ માટે અરજી કરી હતી, જેમાંથી સાતને મંજૂરી આપવામાં આવી હતી, કોઈની અરજી નામંજૂર થઈ ન હતી અને ૬૭ અરજી પેન્ડિંગ છે.

અરજદારોને હથિયાર લાઇસન્સ નકારવાના કારણો આપતાં સરકારે જણાવ્યું હતું કે મોટાભાગની અરજીઓમાં, વ્યક્તિની સલામતી માટે કાલ્પનિક ભય હોય છે. અન્ય કિસ્સાઓમાં, અરજદારો માન્ય સંસ્થામાંથી હથિયાર તાલીમ પ્રમાણપત્ર રજૂ કરવામાં નિષ્ફળ જાય છે. જવાબમાં એમ પણ કહેવામાં આવ્યું હતું કે જ્યાં અરજદારનો ગુનાહિત ઇતિહાસ હોય તેવા કિસ્સાઓમાં અરજીઓ નકારવામાં આવે છે.

સરકારના આ જવાબ બાદ ઈટાલિયાએ આક્ષેપો કરતા જણાવ્યું હતું કે આ આંકડા માત્ર બે જિલ્લાઓના છે. રાજકોટ, મોરબી, ભાવનગર, જામનગર વગેરેના આંકડા હજુ બાકી છે. આ પરથી એવું જણાય છે કે ગુજરાતના સુખી અને સમૃદ્ધ વર્ગને પોલીસ, કાયદો અને સરકાર પર વિશ્વાસ નથી. તેઓ પોતાનું રક્ષણ પોતે કરવા માટે હથિયાર રાખે છે. જો સરકાર લોકોને સુરક્ષા આપવાની જવાબદારી નિભાવતી હોત, તો આટલી મોટી સંખ્યામાં લાઇસન્સ આપવાની જરૂર પડે નહીં. તેમણે જણાવ્યું હતું કે સમગ્ર ગુજરાતમાં અંદાજે એક લાખ લોકો પાસે રિવોલ્વર લાઇસન્સ હોઈ શકે. આ પરિસ્થિતિ દર્શાવે છે કે ગુજરાતમાં પણ ગન કલ્ચર વધતું જઈ રહ્યું છે, જે યુપી અને બિહાર જેવાં રાજ્યોમાં જોવા મળે છે, તેમ તેમણે જણાવ્યું હતું. ■

# ચૈત્ર નવરાત્રીની આઠમે પાવાગઢમાં માઈભક્તો દર્શન માટે ઉમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ ખાતે ચૈત્ર નવરાત્રીના આઠમાં નોરતે માતાજીના દર્શન કરવા લાખો માઈભક્તો ઊમટી પડ્યા હતા. નવરાત્રીની આઠમનું વિશેષ મહત્ત્વ હોય, દર્શનની સાથે સાથે માતાજીના આઠમના હવન દર્શનનો પણ લાભ લીધો હતો.

મળતી વિગતો અનુસાર, ચૈત્ર નવરાત્રીના આઠમના દિવસે સવારના ચાર મંદિર ટ્રસ્ટ દ્વારા દ્વાર દર્શનાર્થે ખૂલ્લાં મૂકવામાં આવ્યાં હતાં. આઠમના દર્શન માટે માઈભક્તોનો પ્રવાહ ગત મોડી રાત્રીથી અવિરત ચાલુ રહ્યો હતો. આઠમના દિવસે મંદિર પરિષદમાં વિશેષ હવન કરવામાં આવ્યો હતો. ચૈત્ર નવરાત્રીને લઇ પાવાગઢ ખાતે ભક્તોનો પ્રવાહ વધારે હોવાથી પોલીસ તેમ જ વહીવટી તંત્ર દ્વારા સી.સી.ટીવી કેમેરા તેમજ પોલીસ વિભાગના ૮૦૦ પોલીસકર્મી દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી હતી. એસટી વિભાગ દ્વારા ગત રાત્રીના ૧૨ વાગ્યાથી અવિરત ૬૦ એસટી બસ દોડાવવામાં આવી હતી. ■

# ગુજરાતમાં સમાન નાગરિક સંહિતા વિધેયકને ગૃહ પ્રધાન અમિત શાહે આવકાર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (ટ્વિટર) પર એક પોસ્ટ દ્વારા ગુજરાત સરકારના સમાન નાગરિક સંહિતા વિધેયક લાવવાના નિર્ણયને ઐતિહાસિક ગણાવતા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને તમામ ધારાસભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, દેશના દરેક નાગરિક માટે સમાન કાયદો લાગુ કરવો એ ભારતીય જનતા પાર્ટીનો સ્થાપના કાળથી જ મક્કમ સંકલ્પ રહ્યો છે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ શાસિત રાજ્યો આ દિશામાં સતત આગળ વધી રહ્યા છે. અમિત શાહે વધુમાં ઉમેર્યું હતું કે, ઉત્તરાખંડ બાદ હવે ગુજરાતે પણ આ દિશામાં ડગ માંડ્યા છે, જે દર્શાવે છે કે આ દેશ તુષ્ટિકરણના આધારે નહીં પરંતુ તમામ નાગરિકોને સમાન કાયદાનો અધિકાર આપીને ચાલશે અને આ જ ભાજપની પ્રાથમિકતા તથા સંકલ્પ છે, તેમ ગૃહ પ્રધાને પોસ્ટમાં જણાવ્યું હતું. ■

# દહીંસરામાં ધમધમતા કતલખાના પર માનકૂવા પોલીસના દરોડાઃ બે સગા ભાઈઓની ધરપકડ, ૮૫ ગૌવંશનો બચાવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રણપ્રદેશ કચ્છમાં ગૌવંશ પ્રત્યેની ક્રૂરતા અટકાવવા માટે પોલીસ પ્રશાસન દ્વારા ચલાવવામાં આવી રહેલી કડક ઝુંબેશ અંતર્ગત માનકૂવા પોલીસે દહીંસરા ગામમાં ગેરકાયદે ચાલતા એક કતલખાના પર દરોડો પાડી, કતલ કરાયેલા એક વાછરડા સાથે બે સગા ભાઈઓની ધરપકડ કરી હતી. આ કાર્યવાહી દરમિયાન વાડામાં કતલ માટે કેદ રાખવામાં આવેલા અન્ય ૮૫ જેટલા નાના-મોટા ગૌવંશના જીવોને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા.

મળતી વિગતો મુજબ, ઉચ્ચ પોલીસ અધિકારીઓની સૂચના અને માર્ગદર્શન હેઠળ માનકૂવા પોલીસ ઇન્સ્પેક્ટર કે. એમ. ગઢવી અને તેમનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગ અને ગુનાખોરી ડામવા માટે કાર્યરત હતો. આ દરમિયાન પોલીસને સચોટ બાતમી મળી હતી કે, દહીંસરાના ક્રિકેટ ગ્રાઉન્ડ પાસે આવેલા એક વાડામાં ગૌવંશની કતલ કરવામાં આવી રહી છે. બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરતા તે સ્થળે દરોડો પાડ્યો હતો.

પોલીસના દરોડા દરમિયાન ઘટનાસ્થળેથી એક કતલ કરેલું વાછરડું મળી આવ્યું હતું. આ સાથે જ પોલીસે કતલ માટે વપરાતી છરી અને અન્ય સાધનો સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. પકડાયેલા આરોપીઓની ઓળખ મુસ્તાક જુસબ રાયમા અને ઇસ્માઇલ જુસબ રાયમા તરીકે થઈ હતી. આ બંને સગા ભાઈઓ વિરુદ્ધ પોલીસે પશુ સંરક્ષણ ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આ કાર્યવાહી દરમ્યાન માનકૂવા પોલીસે વાડામાં ક્રૂરતાપૂર્વક ગોંધી રાખેલા નાના-મોટા કુલ ૮૫ જેટલા ગૌવંશને ઉગારી લીધા હતા. બચાવવામાં આવેલા આ તમામ પશુઓને ભક્તિ ગૌરક્ષણ સેવા સમિતિ, વાડાસર (તા.ભુજ) ખાતે સુરક્ષિત ખસેડવામાં આવ્યા હોવાનું પી.આઈ. કે.એમ.ગઢવીએ ઉમેર્યું હતું. ■

# અમદાવાદના શેલાની બિલ્ડિંગમાં ભીષણ આગ, જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના શેલા વિસ્તારમાં ક્લબ ઓ સેવન રોડ પર આવેલી 'સ્કાયસિટી રિવેરા ઈલાઈટ' નામની બિલ્ડિંગમાં આગ લાગવાની ઘટના બની હતી. સવારે અંદાજે ૮ઃ૦૦ વાગ્યાની આસપાસ બિલ્ડિંગના 'સી' બ્લોકમાં ત્રીજા માળે આવેલા એક મકાનમાં અચાનક આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આ આગ ત્રીજા માળેથી ચોથા માળ સુધી પ્રસરી ગઈ હતી અને ધુમાડાના ગોટેગોટા ૧૫મા માળ સુધી પહોંચી ગયા હતા. આ અચાનક બનેલી ઘટનાને પગલે બિલ્ડિંગમાં રહેતા રહીશોમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો. ઘટનાની જાણ થતાંની સાથે જ ફાયર બ્રિગેડની ટુકડી તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. કુલ ૧૨ જેટલી ફાયરની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર ફાઈટરોએ ભારે જહેમત ઉઠાવીને પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબૂ મેળવ્યો હતો. સદનસીબે આ દુર્ઘટનામાં ફાયર વિભાગની સમયસૂચકતાને કારણે મોટી જાનહાનિ ટળી હતી અને પરિસ્થિતિ પર નિયંત્રણ મેળવી લેવામાં આવ્યું હોવાનું તંત્રએ જણાવ્યું હતું. ■

# અમદાવાદમાં અખાડા, સાંસ્કૃતિક ઝાંખીઓ અને ટેબ્લો સાથે નીકળી રામનવમીની ભવ્ય શોભાયાત્રા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રામનવમીના પવિત્ર પર્વની સમગ્ર ગુજરાતમાં ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. અમદાવાદ શહેરમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળ દ્વારા ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના પ્રેમ દરવાજા સ્થિત સરયુ મંદિરથી આ યાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.

આશરે ૭ કિલોમીટર લાંબા નિર્ધારિત રૂટ પર નીકળેલી આ શોભાયાત્રામાં ૭ અખાડા, ૧૫ ટ્રેક્ટર, ૧૨ ઊંટ લારી તેમજ વિવિધ સાંસ્કૃતિક ઝાંખીઓ અને મનમોહક ટેબ્લો મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. વિશેષ રૂપે, આ વર્ષે શોભાયાત્રામાં સમાન નાગરિક સંહિતા કાયદાનો સંદેશ આપતો ટેબ્લો પણ સામેલ કરવામાં આવ્યો હતો, જેણે લોકોનું ખાસ ધ્યાન ખેંચ્યું હતું.

આ શોભાયાત્રા સરયુ મંદિરથી શરૂ થઈ ઈદગાહ સર્કલ, દરિયાપુર દરવાજા, વાડીગામ, કડિયાનાકા અને દિલ્હી ચકલા જેવા વિસ્તારોમાંથી પસાર થઈ હતી. માર્ગમાં પિત્તળિયા બંબા, ઘી કાંટા પોલીસ ચોકી, દૂધવાળી પોળ અને શાહપુર દરવાજા સહિતના અનેક વિસ્તારોમાં ભકતો દ્વારા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. શાહપુર, લાલાકાકા હોલ અને માધુપુરા પોલીસ સ્ટેશન થઈને આ શોભાયાત્રા અંતે બીજી ટાવર અડવાણી માર્કેટ પાસે આવેલા શ્રી રામજી મંદિરે પૂર્ણાહુતિ પામી હતી. સમગ્ર રૂટ દરમિયાન જય શ્રી રામના નાદ સાથે વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ■

# ડ્રગ્સની હેરાફેરી કે સોનાની દાણચોરી પકડવા કસ્ટમ્સ વિભાગે પ્રોફાઈલ તૈયાર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બેંગકોક અને થાઈલેન્ડ થી આવતા પેસેન્જર અને ખાસ કરીને અખાતી દેશમાંથી આવતા પેસેન્જરોના કસ્ટમ વિભાગે અલગ પ્રોફાઈલ તૈયાર કર્યા છે. ખાસ કરીને ગુજરાતમાં આવતા પેસેન્જર સિવાય બીજા રાજ્યોમાંથી ગુજરાતમાં સુરત અને અમદાવાદમાં પ્રથમવાર કે બીજીવાર આવતા પેસેન્જર ઉપર કસ્ટમ વિભાગ નજર રાખી રહ્યું છે, જેના કારણે ગાંજાની હેરાફેરી, ગોલ્ડ સ્મગલિંગ અને ઇલેક્ટ્રોનિક સામાનની દાણચોરી કરતા પેસેન્જર હવે પકડાઈ રહ્યા છે. ઘણા પેસેન્જર વિદેશમાં અવારનવાર મુસાફરી કરીને દેશના અન્ય એરપોર્ટ ઉપર ઊતરી, બહાર નીકળી જાય છે, પરંતુ હવે તેઓ ગુજરાતના અમદાવાદ અને સુરતના એરપોર્ટ ઉપર આવતા હોવાથી પ્રોફાઈલના આધારે કસ્ટમનાં અધિકારીઓ તેમને પકડી લેશે. આવા કિસ્સા પણ પ્રકાશમાં આવી રહ્યા છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. કસ્ટમના સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાત બહારના એટલે કે દિલ્હી, પંજાબ, ઉત્તર પ્રદેશ, કેરળ અને કર્ણાટકના સિન્ડિકેટના સભ્યો ગુજરાતનો ઉપયોગ કરી રહ્યા છે.

અગાઉ પણ ૧૫ થી ૨૦ જેટલા કેરિયર બીજાં રાજ્યોના હોવાનું બહાર આવતા ધરપકડ થઈ ચૂકી છે અને તાજેતરમાં સુરત એરપોર્ટ પરથી ઝડપાયેલા દિલ્હી અને ઉત્તર પ્રદેશના પેસેન્જરની ધરપકડ કરાઈ હતી.

કસ્ટમના ટોચનાં સૂત્રોએ જણાવ્યું હતું કે છેલ્લા એક વર્ષમાં રૂ. ૨૫ કરોડથી વધારેનો ગાંજો અને પ્રતિબંધિત ડ્રગ્સ પકડવામાં આવ્યું છે. આ ઉપરાંત ઇલેક્ટ્રોનિક્સ સામાન્યની દાણચોરી કરતા પેસેન્જરને પણ પકડી લેવામાં આવ્યા છે. ૨૫ માર્ચ સુધીમાં અમદાવાદના એરપોર્ટ ઉપરથી બેંગકોક અને અખાતી દેશમાં જઈ રહેલા ૧૫ જેટલા પેસેન્જરો પાસેથી અંદાજે રૂ. ૮ થી ૧૦ કરોડની ફોરેન કરન્સી પણ પકડી લેવામાં આવી છે. કસ્ટમને આશંકા છે કે આ કરન્સી હવાલા મારફત ગોલ્ડની હેરાફેરી કરવા અને ગાંજાની હેરાફેરી કરવા માટે એડવાન્સ પેમેન્ટના ભાગરૂપે અમદાવાદ એરપોર્ટ ઉપરથી લઈ જવામાં આવતી હોય છે. કસ્ટમ વિભાગે ધરપકડ કરેલા પેસેન્જરોના મોબાઈલના વોટ્સ એપ ડેટાની તપાસ કરતા દુબઈ અને બેંગકોકના હોવાનું બહાર આવ્યું છે અને તેના આધારે વિદેશમાં રહેતા આવા ડ્રગ્સ માફિયાઓના નામના પ્રોફાઈલ તૈયાર કરીને દેશના તમામ એરપોર્ટ પર મોકલી દીધા છે. ■

# ગુજરાત પોલીસના કોન્સ્ટેબલ પરિવારો માટે બનશે ૨૦ હજારથી વધુ નવાં મકાનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત ખાતે રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી અને કેન્દ્રીય પ્રધાન સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્ય પોલીસ હાઉસિંગ કોર્પોરેશન લિમિટેડ દ્વારા રૂ. ૧૧૬ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત પીપલોદ પોલીસ લાઇન ખાતે ૧૯૨ આવાસો, રાંદેર પોલીસ લાઇન ખાતે ૪૦ આવાસો, ભેસ્તાન પોલીસ સ્ટેશન અને હજીરા ખાતે મરીન ટાસ્ક ફોર્સના રહેણાંક તથા બિન-રહેણાક મકાનોનું ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, લાજપોર મધ્યસ્થ જેલ ખાતે કોમ્યુનિટી હોલનું લોકાર્પણ અને કિચનર્સ બેરેકનું ઇ-ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, દેશના ઇતિહાસમાં પ્રથમવાર ગુજરાત સરકારે પોલીસ વિભાગના માધ્યમથી રાજ્યના કોન્સ્ટેબલ પરિવારો માટે એકસાથે ૨૦ હજારથી વધુ મકાનો બનાવવાનો ઐતિહાસિક નિર્ણય લીધો છે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે કે, રાજ્ય સરકાર પોલીસ આવાસો માટે સમગ્ર રાજ્યમાં એકસમાન 'ફ્લેટ એલોટમેન્ટ સ્કીમ' અમલમાં મૂકવા જઈ રહી છે.


આ કાર્યક્રમ દરમિયાન કેન્દ્રીય પ્રધાને સી.આર. પાટીલે એક મહત્વની વાત કરી હતી. તેમણે હર્ષ સંઘવીને ઉદ્દેશીને જણાવ્યું હતું કે, પોલીસકર્મીઓ અત્યારે આઠ કલાકથી વધુ સમય સુધી નોકરી કરે છે, જેના કારણે તેમના સ્વાસ્થ્ય અને કૌટુંબિક જીવન પર માઠી અસર પડે છે. જો યોગ્ય આયોજન કરવામાં આવે તો ૭૦થી ૮૦ ટકા કર્મચારીઓને આઠ કલાકની ફિક્સ ડ્યુટી આપી શકાય તેમ છે, તેમ તેમણે જણાવ્યું હતું. ■

# રાજકોટ રેલવેએ કરી ૪૦ લાખની કમાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળે જામનગરના વિન્ડમિલથી તેની પ્રથમ લોન્ગ-હોલ મેગા માલગાડીનું સફળ સંચાલન કરીને એક નવો વિક્રમ સ્થાપિત કર્યો હતો.

કુલ ૮૭ વેગન ધરાવતી આ ટ્રેને ૩૦૬ કિમીનું અંતર કાપીને માલસામાન વહન કરવાની ક્ષમતા, કાર્યક્ષમતા અને સંસાધનોના શ્રેષ્ઠ ઉપયોગનું ઉદાહરણ પૂરું પાડ્યું હતું, જેમાં માત્ર એક જ ક્રૂ દ્વારા સંચાલન કરીને આશરે રૂ.૪૦ લાખની આવક મેળવવામાં આવી હતી. ■


ARKTRAVELGROUP
Since 1981.
DREAM CRUISES
Ready For The First-Ever
Bhajan Jamming At Sea ?
Exclusively on Genting Dream
The Divine Voyage
Foam Party & DJ Night Included
Departure Ex Singapore
3N
INR 38,999 /-
Departure Dates:
26th May & 9th June 2026
*Port Charges & Gratuity Apply
*T&C Apply
Limited Edition Sailing

# શું શૅરબજારમાં તેજીનો ખેલ ખતમ? આજે ફરી મોટો કડાકો?

ફોર કાસ્ટ
**નિલેશ વાઘેલા**

મુંબઇઃ એકાદ મહિનાથી ચાલી રહેલા અખાતી યુદ્ધમાં રોકાણકારોની સંપત્તિમાં ભારેભરખમ નુકસાન થયું છે અને તેમાં અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સીઝફાયરની જાહેરાત કરીને શેરબજારને રાહત આપી હતી. ટ્રમ્પની ધડમાથા વગરની વાતનો ખુલાસો ઇરાનના જવાબ દ્વારા લગભગ તરત જ તઇ ગયો હોવા છતાં છતાં તર્કથી વિપરીત શેરબજારમાં બે દિવસ સારો સુધારો જોવા મળ્યો અને બે સત્રમાં ૨૬૦૦ પોઇન્ટનો સુધારો જોવા મળ્યો. જોકે હવે બે દિવસની તેજીની પાર્ટીનો શુક્રવારે અંત આવી જાય તેમ જ નિફ્ટી ૧૦૦થી ૧૨૦ પોઇન્ટના નીચા ગેપ સાથે શરૂઆત કરે એવી સંભાવના નિષ્ણાતો વ્યક્ત કરી રહ્યા છે. રામ નવમીના નિમિત્તે ગુરુવારે એનએસઇ અને બીએસઇ બંને એક્સચેન્જ બંધ રહ્યા હતા, જોકે, ગુરુવારે ગિફ્ટ નિફ્ટી ફ્યુચર્સમાં જોવા મળેલા ૧૦૦ પોઈન્ટથી મોટા કડાકાને આધારે અમુક ચાર્ટિસ્ટ એવી આગાહી કરી રહ્યા છે કે, નિફ્ટી ૧૧૦ પોઈન્ટ અથવા લગભગ ૦.૫૦ ટકાના કડાકા સાથે ૨૩,૧૭૦ની સપાટીએ શુક્રવારે ટ્રેડિંગ ફરી શરૂ કરે એવી સંભાવના છે. એકંદરે ગુરુવારે ભારતીય બજારો માટે નબળા ઓપનિંગનો સંકેત આપે છે. શેરબજાર સાથે શુક્રવારે સોનાચાંદીના ભાવમાં પણ મોટા કડાકાની સંભાવના છે. પશ્ચિમ એશિયાનું યુદ્ધ શાંત થવાની આશા વચ્ચે ક્રૂડના ભાવમાં ઝડપી ઘટાડો આવતા બુધવારે સતત બીજા દિવસે આગેકૂચ રહી હતી. અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ દ્વારા ઈરાનના એનર્જી સ્ટ્રક્ચર પરના હુમલા પાંચ દિવસ સુધી બંધ રાખવા કરવામાં આવેલી જાહેરાત બાદ વિશ્વભરના શેરબજારમાં આવેલો સુધારો આગળ વધ્યો હતો, જેમાં સેન્સેક્સ ૧૨૦૦ પોઇન્ટ વધ્યો હતો અને નિફ્ટી ૨૩,૩૦૦ની ઉપર પહોંચ્યો હતો. પાછલા સત્રમાં મંગળવારે સેન્સેક્સ ૧,૩૭૨.૦૬ પોઈન્ટ અને નિફ્ટી ૩૯૯.૭૫ પોઈન્ટ ઊછળ્યો હતો.

અખાતી દેશોમાં યુદ્ધને બ્રેક લાગવાની આશા વચ્ચે બ્રેન્ટ ક્રૂડ ૫.૨ ટકાના ઝડપી કડાકા સાથે ૧૦૦ ડોલરની અંદર ઉતરીને બેરલદીઠ ૮૪.૯૭ બોલાયું હોવાથી સેન્ટિમેન્ટમાં પણ ઝડપી સુધારો જોવા મળ્યો હતો. જોકે હવે તેમાં ઉછાળો આવ્યો છે અને તે ફરી ૧૧૦ ડોલરની ઉપર પહોંચી ગયું છે. ક્રૂડ ઓઇલના ભાવમાં ફરી આવેલા ઉછાળાને કારણે આ ઇક્વિટી માર્કેટ્સમાં પણ ફરી ઘટાડો થયો છે. ઇક્વિટી બજારોએ મધ્ય પૂર્વમાં તણાવ ઓછો થવાની શક્યતાઓનું ફરીથી મૂલ્યાંકન કર્યું હતું. ઈરાને કહ્યું છે કે તે હજુ પણ વૈશ્વિક ઊર્જા પ્રવાહને વિક્ષેપિત કરનારા સંઘર્ષને સમાપ્ત કરવાના હેતુથી યુએસ દરખાસ્તની સમીક્ષા કરી રહ્યું છે. વાસ્તવમાં તો અમેરિકાની નવા વધુ આક્રમક હુમલાઓની તૈયારી જોતાં એવી ધમકી આપી છે કે જો અમેરિકા ઠેકાણે ના રહ્યું તો તે હાર્મુઝ સાથે બાબલમંડલનો રૂટ પણ બ્લોક કરી દેશે!

દરખાસ્તની સમીક્ષા કરવા છતાં, ઈરાનના વિદેશ પ્રધાને બુધવારે સ્પષ્ટ કર્યું કે દેશ વધતા જતા સંઘર્ષને સમાપ્ત કરવા માટે વાટાઘાટોમાં પ્રવેશવાનો ઇરાદો ધરાવતો નથી. તે જ સમયે, વ્હાઇટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લીવિટના જણાવ્યા અનુસાર યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચેતવણી આપી છે કે જો તેહરાન લશ્કરી મોરચે પરાજિત થયું છે એવું સ્વીકારવામાં નિષ્ફળ રહેશે, તો વોશિંગ્ટન દબાણ વધારશે. આમ સંઘર્ષ વધવાની ધારણા છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે મોડી સાંજે જાહેર કર્યું હતું કે તેમણે વોર ડિપાર્ટમેન્ટને ઈરાની પાવર પ્લાન્ટ અને એનર્જી ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરના તમામ લશ્કરી હુમલાઓને પાંચ દિવસ માટે મુલતવી રાખવાનો નિર્દેશ આપ્યો છે અને યુદ્ધવિરામ વાટાઘાટોનો સંકેત આપ્યો છે. ઇઝરાયલના મિડિયા તરફથી ઇરાનના નેતા મોઝતબાએ સીઝફાયરની તૈયારી બતાવી હોવાના અહેવાલોને કારણે સેન્ટિમેન્ટમાં આશાવાદ જોવા મળ્યો છે. અમેરિકાએ ઇરાન સમક્ષ ૧૫ મુદ્દા અથવા શરતો સાથેનો શાંતિ પ્રસ્તાવ મૂક્યો હોવાનો પણ દાવો કર્યો છે. જોકે, ઇઝરાયલે હજુ સીઝફાયરનો સંકેત આપ્યો નથી અને ઇરાને પણ આ પ્રકારની કોઇ વાટાઘાટો ચાલી રહી હોવાનો સ્પષ્ટ ઇનકાર કર્યો છે. ઇરાને હોર્મુઝની અખાત ઓપન કરવા માટે કેટલીક આકરી શરતો મૂકી છે અને અત્યારે અમેરિકા નબળું પડી રહ્યું હોવાનું ચિત્ર ઉપસી રહ્યું છે.ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા જાહેરાત કરવામાં આવી હતી કે યુનાઇટેડ સ્ટેટ્સ ઇરાની ઊર્જા સુવિધાઓ પરના હુમલા અસ્થાયી રૂપે સ્થગિત કરશે અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ સ્ટ્રેટ ઓફ હોર્મુઝને ફરીથી ખોલવાની સમયમર્યાદા પાંચ દિવસ લંબાવશે, ત્યારબાદ તેજી આવી હતી. બજારના નિષ્ણાતોએ ભૂરાજકીય ચિંતાઓને હળવી કરવાને કારણે આ સુધારો થયો છે.

વિશ્લેષકોએ નોંધ્યું હતું કે યુએસ અને ઇરાન વચ્ચેના તણાવમાં ઘટાડો થવાના પ્રારંભિક સંકેતોએ પાછલા સત્રમાં થયેલા તીવ્ર નુકસાન પછી રોકાણકારોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવામાં મદદ કરી હતી.નિષ્ણાતોએ ચેતવણી આપી હતી કે ખાસ કરીને ક્રૂડ ઓઇલ માટે મહત્વપૂર્ણ ગ્લોબલ શિપિંગ માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટની આસપાસ અનિશ્ચિતતા યથાવત છે. ઇરાનનો હોર્મુઝ ઓપન કરવાનો હાલ તો કોઇ ઇરાદો નથી.

પાકિસ્તાન મધ્યસ્થી કરશે એવા અમેરિકા પ્રેરિત અહેવાલો વચ્ચે ઇરાને પાકિસ્તાનની કરાચી જઇ રહેલા જહાજને અટકાવ્યું હોવાના પણ અહેવાલ છે. ઇરાને અલબત્ત ભારતને પરવાનગી આપી છે, પરંતુ તેની સામે અમુક શરત મૂકી છે.

## આઈપીએલના લીગ રાઉન્ડનું સંપૂર્ણ ટાઈમટેબલ

| તારીખ | વાર | હરીફ ટીમો | સ્થળ | સમય |
|---|---|---|---|---|
| ૨૮ માર્ચ | શનિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ | બેંગ્લૂરુ | સાંજે ૭.૩૦ |
| ૨૯ માર્ચ | રવિવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિરુદ્ધ કોલકાતા નાઈટ રાઇડર્સ | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| ૩૦ માર્ચ | સોમવાર | રાજસ્થાન રોયલ્સ વિરુદ્ધ ચેન્નઈ સુપર કિંગ્સ | ગુવાહાટી | સાંજે ૭.૩૦ |
| ૩૧ માર્ચ | મંગળવાર | પંજાબ કિંગ્સ વિરુદ્ધ ગુજરાત ટાઇટન્સ | મુલ્લાનપુર | સાંજે ૭.૩૦ |
| ૧ એપ્રિલ | બુધવાર | લખનઊ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ દિલ્હી કેપિટલ્સ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| ૨ એપ્રિલ | ગુરુવાર | કોલકાતા નાઈટ રાઇડર્સ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| ૩ એપ્રિલ | શુક્રવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિરુદ્ધ પંજાબ કિંગ્સ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| ૪ એપ્રિલ | શનિવાર | દિલ્હી કેપિટલ્સ વિરુદ્ધ મુંબઈ ઈન્ડિયન્સ | દિલ્હી | બપોરે ૩.૩૦ |
| ૪ એપ્રિલ | શનિવાર | ગુજરાત ટાઇટન્સ વિરુદ્ધ રાજસ્થાન રોયલ્સ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| ૫ એપ્રિલ | રવિવાર | સનરાઇઝર્સ હૈદરાબાદ વિરુદ્ધ લખનઉ સુપર જાયન્ટ્સ | હૈદરાબાદ | બપોરે ૩.૩૦ |
| ૫ એપ્રિલ | રવિવાર | રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ વિરુદ્ધ ચેન્નઈ સુપર કિંગ્સ | બેંગ્લૂરુ | સાંજે ૭.૩૦ |
| ૬ એપ્રિલ | સોમવાર | કોલકાતા નાઈટ રાઈડર્સ વિરુદ્ધ પંજાબ કિંગ્સ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| ૭ એપ્રિલ | મંગળવાર | રાજસ્થાન રોયલ્સ વિરુદ્ધ મુંબઈ ઈન્ડિયન્સ | ગુવાહાટી | સાંજે ૭.૩૦ |
| ૮ એપ્રિલ | બુધવાર | દિલ્હી કેપિટલ્સ વિરુદ્ધ ગુજરાત ટાઇટન્સ | દિલ્હી | સાંજે ૭.૩૦ |
| ૯ એપ્રિલ | ગુરુવાર | કોલકાતા નાઈટ રાઈડર્સ વિરુદ્ધ લખનઉ સુપર જાયન્ટ્સ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| ૧૦એપ્રિલ | શુક્રવાર | રાજસ્થાન રોયલ્સ વિરુદ્ધ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ | ગુવાહાટી | સાંજે ૭.૩૦ |
| ૧૧ એપ્રિલ | શનિવાર | પંજાબ કિંગ્સ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ | મુલ્લાનપુર | બપોરે ૩.૩૦ |
| ૧૧ એપ્રિલ | શનિવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિરુદ્ધ દિલ્હી કેપિટલ્સ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| ૧૨ એપ્રિલ | રવિવાર | લખનઊ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ ગુજરાત ટાઇટન્સ | લખનઊ | બપોરે ૩.૩૦ |
| ૧૨ એપ્રિલ | રવિવાર | મુંબઈ ઈન્ડિયન્સ વિરુદ્ધ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| ૧૩ એપ્રિલ | સોમવાર | સનરાઇઝર્સ હૈદરાબાદ વિરુદ્ધ રાજસ્થાન રૉયલ્સ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| ૧૪ એપ્રિલ | મંગળવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિરુદ્ધ કોલકાતા નાઇટ રાઇડર્સ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| ૧૫ એપ્રિલ | બુધવાર | રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ વિરુદ્ધ લખનઊ સુપર જાયન્ટ્સ | બેંગ્લૂરુ | સાંજે ૭.૩૦ |
| ૧૬ એપ્રિલ | ગુરુવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિરુદ્ધ પંજાબ કિંગ્સ | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| ૧૭ એપ્રિલ | શુક્રવાર | ગુજરાત ટાઇટન્સ વિરુદ્ધ કોલકાતા નાઇટ રાઇડર્સ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| ૧૮ એપ્રિલ | શનિવાર | રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ વિરુદ્ધ દિલ્હી કૅપિટલ્સ | બેંગ્લૂરુ | બપોરે ૩.૩૦ |
| ૧૮ એપ્રિલ | શનિવાર | સનરાઇઝર્સ હૈદરાબાદ વિરુદ્ધ ચેન્નઈ સુપર કિંગ્સ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| ૧૯ એપ્રિલ | રવિવાર | કોલકાતા નાઇટ રાઇડર્સ વિરુદ્ધ રાજસ્થાન રૉયલ્સ | કોલકાતા | બપોરે ૩.૩૦ |
| ૧૯ એપ્રિલ | રવિવાર | પંજાબ કિંગ્સ વિરુદ્ધ લખનઊ સુપર જાયન્ટ્સ | ન્યૂ ચંડીગઢ | સાંજે ૭.૩૦ |
| ૨૦ એપ્રિલ | સોમવાર | ગુજરાત ટાઇટન્સ વિરુદ્ધ મુંબઈ ઇન્ડિયન્સ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| ૨૧ એપ્રિલ | મંગળવાર | સનરાઇઝર્સ હૈદરાબાદ વિરુદ્ધ દિલ્હી કૅપિટલ્સ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| ૨૨ એપ્રિલ | બુધવાર | લખનઊ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ રાજસ્થાન રૉયલ્સ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| ૨૩ એપ્રિલ | ગુરુવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિરુદ્ધ ચેન્નઈ સુપર કિંગ્સ | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| ૨૪ એપ્રિલ | શુક્રવાર | રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ વિરુદ્ધ ગુજરાત ટાઇટન્સ | બેંગ્લૂરુ | સાંજે ૭.૩૦ |
| ૨૫ એપ્રિલ | શનિવાર | દિલ્હી કૅપિટલ્સ વિરુદ્ધ પંજાબ કિંગ્સ | દિલ્હી | બપોરે ૩.૩૦ |
| ૨૫ એપ્રિલ | શનિવાર | રાજસ્થાન રૉયલ્સ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ | જયપુર | સાંજે ૭.૩૦ |
| ૨૬ એપ્રિલ | રવિવાર | ગુજરાત ટાઇટન્સ વિરુદ્ધ ચેન્નઈ સુપર કિંગ્સ | અમદાવાદ | બપોરે ૩.૩૦ |
| ૨૬ એપ્રિલ | રવિવાર | લખનઊ સુપર કિંગ્સ વિરુદ્ધ કોલકાતા નાઇટ રાઇટર્સ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| ૨૭ એપ્રિલ | સોમવાર | દિલ્હી કૅપિટલ્સ વિરુદ્ધ રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ | દિલ્હી | સાંજે ૭.૩૦ |
| ૨૮ એપ્રિલ | મંગળવાર | પંજાબ કિંગ્સ વિરુદ્ધ રાજસ્થાન રૉયલ્સ | ન્યૂ ચંડીગઢ | સાંજે ૭.૩૦ |
| ૨૯ એપ્રિલ | બુધવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| ૩૦ એપ્રિલ | ગુરુવાર | ગુજરાત ટાઇટન્સ વિરુદ્ધ રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| ૧ મે | શુક્રવાર | રાજસ્થાન રૉયલ્સ વિરુદ્ધ દિલ્હી કૅપિટલ્સ | જયપુર | સાંજે ૭.૩૦ |
| ૨ મે | શનિવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિરુદ્ધ મુંબઈ ઇન્ડિયન્સ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| ૩ મે | રવિવાર | સનરાઇઝર્સ હૈદરાબાદ વિરુદ્ધ કોલકાતા નાઇટ રાઇડર્સ | હૈદરાબાદ | બપોરે ૩.૩૦ |
| ૩ મે | રવિવાર | ગુજરાત ટાઇટન્સ વિરુદ્ધ પંજાબ કિંગ્સ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| ૪ મે | સોમવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિરુદ્ધ લખનઊ સુપર જાયન્ટ્સ | મુંબઈ | સાંજે ૭.૩૦ |
| ૫ મે | મંગળવાર | દિલ્હી કૅપિટલ્સ વિરુદ્ધ ચેન્નઈ સુપર કિંગ્સ | દિલ્હી | સાંજે ૭.૩૦ |
| ૬ મે | બુધવાર | સનરાઇઝર્સ હૈદરાબાદ વિરુદ્ધ પંજાબ કિંગ્સ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| ૭ મે | ગુરુવાર | લખનઊ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| ૮ મે | શુક્રવાર | દિલ્હી કૅપિટલ્સ વિરુદ્ધ કોલકાતા નાઇટ રાઇડર્સ | દિલ્હી | સાંજે ૭.૩૦ |
| ૯ મે | શનિવાર | રાજસ્થાન રૉયલ્સ વિરુદ્ધ ગુજરાત જાયન્ટ્સ | જયપુર | સાંજે ૭.૩૦ |
| ૧૦ મે | રવિવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિરુદ્ધ લખનઊ સુપર જાયન્ટ્સ | ચેન્નઈ | બપોરે ૩.૩૦ |
| ૧૦ મે | રવિવાર | રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ વિરુદ્ધ મુંબઈ ઇન્ડિયન્સ | રાયપુર | સાંજે ૭.૩૦ |
| ૧૧ મે | સોમવાર | પંજાબ કિંગ્સ વિરુદ્ધ દિલ્હી કૅપિટલ્સ | ધરમશાલા | સાંજે ૭.૩૦ |
| ૧૨ મે | મંગળવાર | ગુજરાત ટાઇટન્સ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ | અમદાવાદ | સાંજે ૭.૩૦ |
| ૧૩ મે | બુધવાર | રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ વિરુદ્ધ કોલકાતા નાઇટ રાઇડર્સ | રાયપુર | સાંજે ૭.૩૦ |
| ૧૪ મે | ગુરુવાર | પંજાબ કિંગ્સ વિરુદ્ધ મુંબઈ ઇન્ડિયન્સ | ધરમશાલા | સાંજે ૭.૩૦ |
| ૧૫ મે | શુક્રવાર | લખનઊ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ ચેન્નઈ સુપર કિંગ્સ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| ૧૬ મે | શનિવાર | કોલકાતા નાઇટ રાઇડર્સ વિરુદ્ધ ગુજરાત ટાઇટન્સ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| ૧૭ મે | રવિવાર | પંજાબ કિંગ્સ વિરુદ્ધ રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લરુ | ધરમશાલા | બપોરે ૩.૩૦ |
| ૧૭ મે | રવિવાર | દિલ્હી કૅપિટલ્સ વિરુદ્ધ રાજસ્થાન રૉયલ્સ | દિલ્હી | સાંજે ૭.૩૦ |
| ૧૮ મે | સોમવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિરુદ્ધ સનરાઇઝર્સ હૈદરાબાદ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| ૧૯ મે | મંગળવાર | રાજસ્થાન રૉયલ્સ વિરુદ્ધ લખનઊ સુપર જાયન્ટ્સ | જયપુર | સાંજે ૭.૩૦ |
| ૨૦ મે | બુધવાર | કોલકાતા નાઇટ રાઇટર્સ વિરુદ્ધ મુંબઈ ઇન્ડિયન્સ | કોલકાતા | સાંજે ૭.૩૦ |
| ૨૧ મે | ગુરુવાર | ચેન્નઈ સુપર કિંગ્સ વિરુદ્ધ ગુજરાત ટાઇટન્સ | ચેન્નઈ | સાંજે ૭.૩૦ |
| ૨૨ મે | શુક્રવાર | સનરાઇઝર્સ હૈદરાબાદ વિરુદ્ધ રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ | હૈદરાબાદ | સાંજે ૭.૩૦ |
| ૨૩ મે | શનિવાર | લખનઊ સુપર જાયન્ટ્સ વિરુદ્ધ પંજાબ કિંગ્સ | લખનઊ | સાંજે ૭.૩૦ |
| ૨૪ મે | રવિવાર | મુંબઈ ઇન્ડિયન્સ વિરુદ્ધ રાજસ્થાન રૉયલ્સ | મુંબઈ | બપોરે ૩.૩૦ |
| ૨૪ મે | રવિવાર | કોલકાતા નાઇટ રાઇડર્સ વિરુદ્ધ દિલ્હી કૅપિટલ્સ | દિલ્હી | સાંજે ૭.૩૦ |

**નોંધઃ** (૧) રવિવાર, ૧૨મી એપ્રિલનો દિવસ ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)માં બહુ મહત્ત્વ અને રોમાંચક બનશે, કારણકે એ દિવસે વાનખેડે સ્ટેડિયમમાં જે મૅચ રમાશે એમાં એવા બે દિગ્ગજ રમશે જેઓ દોઢ દાયકાથી કરોડો ક્રિકેટપ્રેમીઓના દિલોદિમાગમાં વસ્યા છે. એ દિવસે મુંબઈ ઇન્ડિયન્સ વતી રોહિત શર્મા અને રૉયલ ચૅલેન્જર્સ બેંગ્લૂરુ વતી વિરાટ કોહલી સામસામે રમતા જોવા મળશે. આ જ બે દિગ્ગજવાળી બીજી મૅચ રવિવાર, ૧૦મી મેએ રાયપુરમાં રમાશે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. Dy.Ch.E.M&E/૩૯૨૦/E.S., તા. ૨૫/૦૩/૨૦૨૬

**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ઈ-ટેન્ડર નં. | ૨૦૨૬_MCGM_૧૨૮૯૯૩૨_૧ |
| વિષય | M/E વોર્ડમાં ટ્રોમ્બે હિન્દુ સ્મશાનભૂમિ ખાતે ઓપરેશન અને જાળવણી (CSMC) સાથે બે ચિત્તા માટે એર પોલ્યુશન કન્ટ્રોલ સિસ્ટમનું SITC. |
| ટેન્ડર વેચાણ | બીડ પ્રારંભ તારીખઃ ૨૭.૦૩.૨૦૨૬ સમયઃ ૧૧.૦૦ ક.<br>બીડ અંતિમ તારીખઃ ૦૨.૦૪.૨૦૨૬ સમયઃ ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | www.mahatenders.gov.in |
| A) સંપર્ક અધિકારી નામ | શ્રી. આશિષ આર. પેરેકર |
| B) મોબાઈલ નં. | ૯૯૨૦૨૯૫૦૦૭ |
| C) ઈ-મેલ સરનામું | Se05es.me@mcgm.gov.in |

સહી/-
(શ્રીમતી આર. એસ. કદમ)
એક્ષિ. એન્જિ.(M&E)E.S.I

PRO/3396/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


## કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હૉસ્પિટલને સતત સાતમા વર્ષે ન્યૂઝવીકની વિશ્વની શ્રેષ્ઠ હૉસ્પિટલ્સની યાદીમાં પ્રતિષ્ઠિત સ્થાન

### ક્લિનિકલ શ્રેષ્ઠતા અને દર્દી કેન્દ્રિત અભિગમને મજબૂત બનાવતું પ્રતિષ્ઠિત વૈશ્વિક સન્માન

મુંબઈ: સતત શ્રેષ્ઠતા અને આરોગ્ય ક્ષેત્રમાં નેતૃત્વનું ઉદાહરણ સ્થાપતા, કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હૉસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ, મુંબઈને ફરી એકવાર સ્ટેટિસ્ટાની સાથે મળીને પ્રતિષ્ઠિત મેગેઝિન ન્યૂઝવીક દ્વારા જાહેર કરાયેલી વિશ્વની શ્રેષ્ઠ હૉસ્પિટલ્સની ૨૦૨૬ની યાદીમાં સ્થાન મળ્યું છે. આ પ્રતિષ્ઠિત માન્યતા સાથે સંસ્થાએ સતત સાતમા વર્ષે વિશ્વની અગ્રણી આરોગ્ય સંસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે. આ દુર્લભ સિદ્ધિ હૉસ્પિટલની ક્લિનિકલ શ્રેષ્ઠતા પ્રત્યેની અડગ પ્રતિબદ્ધતા અને દર્દી કેન્દ્રિત આરોગ્ય સેવાઓ તથા મેડિકલ નવીનતામાં વૈશ્વિક આગેવાન તરીકેની તેની ભૂમિકા દર્શાવે છે. ન્યૂઝવીક અને સ્ટેટિસ્ટા દ્વારા કરવામાં આવેલા વૈશ્વિક મૂલ્યાંકનમાં ૩૨ દેશોની ૨,૫૦૦થી વધુ હૉસ્પિટલ્સનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. તેમાં કોકિલાબેન ધીરૂભાઈ અંબાણી હૉસ્પિટલ એન્ડ મેડિકલ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટને ભારતની અગ્રણી સંસ્થાઓમાં સ્થાન મળ્યું છે અને



આંતરરાષ્ટ્રીય આરોગ્ય ક્ષેત્રમાં તેની વધતી પ્રતિષ્ઠાને વધુ મજબૂત બનાવી છે. વિશ્વની શ્રેષ્ઠ હૉસ્પિટલ્સનું રેન્કિંગ આરોગ્ય સેવાની ગુણવત્તા માટે વિશ્વસનીય માપદંડ તરીકે માનવામાં આવે છે, જેમાં ક્લિનિકલ પરફોર્મન્સ, દર્દી અનુભવ, સેફ્ટી પ્રોટોકોલ્સ અને વિશ્વભરના મેડિકલ પ્રોફેશનલ્સની ભલામણો જેવાં મુખ્ય પરિમાણો પર હૉસ્પિટલ્સનું મૂલ્યાંકન કરવામાં આવે છે. કોકિલાબેન હૉસ્પિટલે આ યાદીમાં સતત સ્થાન મેળવ્યું છે તે તેના સર્વોચ્ચ ધોરણોનું પાલન અને વિશ્વસ્તરીય સારવાર પૂરી પાડવાની ક્ષમતાને દર્શાવે છે. ■

## પ્લાસ્ટિક ક્ષેત્રે ભારત અને ન્યૂ ઝીલેન્ડ વચ્ચે સમજૂતી કરાર

મુંબઈ: પ્લાસ્ટિક નિકાસ ક્ષેત્રે ભારત અને ન્યૂ ઝીલેન્ડના ઊચ્ચ સ્તરીય વ્યાપારી સંગઠનો વચ્ચે પ્લાસ્ટિવર્લ્ડ ૨૦૨૬ દરમિયાન સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. ઈન્ડિયા ન્યૂ ઝીલેન્ડ બિઝનેસ કાઉન્સિલ અને ફેડરેશન ઓફ ઈન્ડિયન એક્સપોર્ટ ઓર્ગેનાઈઝેશન વચ્ચે તેમ જ આ કાઉન્સિલ અને ઓલ ઈન્ડિયા પ્લાસ્ટિક્સ મેન્યુફેક્ચરર્સ વચ્ચે આંતરરાષ્ટ્રીય વેપાર જોડાણ મજબૂત બનાવવા વ્યૂહાત્મક કરાર થયા હતા, તે સમયે આઈએનઝેડબીસીના ચેર એડવિન પોલ, એફઆઈઈઓના ડીજી અને સીઈઓ ડો. અજય સહાય, એઆઈપીએમએના પ્રેસિડેન્ટ સુનિલ શાહ, તેની ગવર્નિંગ કાઉન્સિલના ચેરમેન અરવિંદ મહેતા હાજર હતા. પ્લાસ્ટિવર્લ્ડમાં ૪૭ દેશના બાયર્સ આવ્યા હતા, જેમાં ૧૬૦ આંતરરાષ્ટ્રીય બાયર્સ, ૫૦થી વધુ સોર્સિંગ એજન્ટ્સ અને સંસ્થાકીય બાયર્સનો સમાવેશ થાય છે. ૧૦૦થી વધુ એક્ઝિબિટર્સે પ્લાસ્ટિક પ્રોડક્ટ્સની વિવિધ શ્રેણી રજૂ કરી હતી અને ૪૦૦૦ પૂર્વનિર્ધારિત બીટુબી મિટિંગોનું આયોજન થયું હતું. પ્લાસ્ટિવર્લ્ડ ઉદ્યોગ સંગઠનોને નજીક લાવવા અને વ્યૂહાત્મક જોડાણો અભિમુખ બનાવવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ફિઓ દ્વારા યોજિત સત્રોમાં વેપાર કરાર, ક્વોલિટી સર્ટિફિકેશન, પેકેજિંગ ધોરણો, ઈએસજી વ્યવહારો અને એમએસએમઈ યોજનાઓ સહિત મુખ્ય પાસાંઓને આવરી લેવામાં આવ્યાં હતાં.


**મધ્ય રેલવે**

**સ્ક્રેપનું વેચાણ**

દેશના રાષ્ટ્રપ્રમુખ માટે અને વતી પ્રિન્સિપલ ચીફ મટિરિયલ્સ મેનેજર નીચે જણાવેલી તારીખે સ્ક્રેપના વેચાણ માટેનું એપ્રિલ-૨૦૨૬નું ઈ-ઓકશન્સ યોજશે. **મહત્ત્વની નોટિસઃ** નજીકના ભવિષ્યમાં અખબારોમાં ઈ-ઓકશન પ્રોગ્રામનું પ્રકાશન બંધ કરાશે. ખરીદનારા લોકોને માત્ર સેન્ટ્રલ રેલવે આઈઆરઈપીએસ વેબસાઈટઃ **www.ireps.gov.in** જોવા સલાહ અપાય છે.

| લિલામ યોજનાર અધિકારીઓ | લિલામની તારીખ અને દિવસ | | | સંપર્ક ક્રમાંક |
|---|---|---|---|---|
| સિ.ડીએમએમ/એનજીપી | ૦૬.૦૪.૨૦૨૬ સોમવાર | ૧૬.૦૪.૨૦૨૬ ગુરુવાર | ૨૩.૦૪.૨૦૨૬ ગુરુવાર | ૭૨૧૯૬૧૨૭૫૦ |
| સિ.ડીએમએમ/બીએસએલ સાથે એમએમઆર ડેપો | ૦૭.૦૪.૨૦૨૬ મંગળવાર | ૨૦.૦૪.૨૦૨૬ સોમવાર | ૨૭.૦૪.૨૦૨૬ સોમવાર | ૭૨૧૯૬૧૧૭૫૧ |
| સિ.ડીએમએમ/પીએ | ૦૮.૦૪.૨૦૨૬ બુધવાર | ૨૧.૦૪.૨૦૨૬ મંગળવાર | ૨૮.૦૪.૨૦૨૬ મંગળવાર | ૭૨૧૯૬૧૩૭૫૦ |
| સિ.ડીએમએમ/બીબી | ૦૯.૦૪.૨૦૨૬ ગુરુવાર | ૨૨.૦૪.૨૦૨૬ બુધવાર | ૨૯.૦૪.૨૦૨૬ બુધવાર | ૮૮૨૮૧૧૯૭૫૦ |
| સિ.ડીએમએમ/એસયુઆર | ૧૦.૦૪.૨૦૨૬ શુક્રવાર | ૨૩.૦૪.૨૦૨૬ ગુરુવાર | ૩૦.૦૪.૨૦૨૬ ગુરુવાર | ૭૨૧૯૬૧૪૭૫૦ |
| ડે.સીએમએમ (M) પીઆર એસએમએમ(G)સીઆરડી માટે | ૦૮.૦૪.૨૦૨૬ બુધવાર | ૨૧.૦૪.૨૦૨૬ મંગળવાર | ૨૮.૦૪.૨૦૨૬ મંગળવાર | ૮૮૨૮૧૧૯૭૫૫ |
| ડીવાય.સીએમએમ (M) પીઆર | ૦૮.૦૪.૨૦૨૬ બુધવાર | ૨૧.૦૪.૨૦૨૬ મંગળવાર | ૨૮.૦૪.૨૦૨૬ મંગળવાર | ૮૮૨૮૧૧૯૭૫૫ |
| ડે.સીએમએમ (સીડબ્લ્યૂઈ) એમટીએન | ૦૭.૦૪.૨૦૨૬ મંગળવાર | ૨૦.૦૪.૨૦૨૬ સોમવાર | ૨૭.૦૪.૨૦૨૬ સોમવાર | ૮૮૨૮૧૧૯૭૭૦ |
| સિ.ડીએમએમ/બીબી એએમએમ/એચબીએચઆર માટે | ૦૯.૦૪.૨૦૨૬ ગુરુવાર | ૨૨.૦૪.૨૦૨૬ બુધવાર | ૨૯.૦૪.૨૦૨૬ બુધવાર | ૮૮૨૮૧૧૯૭૫૦ |
| ડે.સીએમએમ (એસીએલ) બીએસએલ | ૧૦.૦૪.૨૦૨૬ શુક્રવાર | ૨૩.૦૪.૨૦૨૬ ગુરુવાર | ૩૦.૦૪.૨૦૨૬ ગુરુવાર | ૭૨૧૯૬૧૧૭૫૦ |

નોંધઃ જો જરૂર પડશે તો લાયક લોટ માટે મૂળ ઓકશનની તારીખ અને સમય પછીના આગામી કામના દિવસે પૂરક ઓકશન કરાશે રેલવે વહીવટીતંત્ર પોતાની મુનસફી પ્રમાણે પૂરક ઓકશન રદ કરવાનો અધિકાર અનામત રાખે છે. નોંધ : એ) રેલવે ઈ-ઓકશનમાંથી કોઈ પણ લોટને પાછો ખેંચવાતો અધિકાર અનામત રાખે છે. રેલવે કોઈ પણ ડેપો/ડિવિઝનના લોટને પછીના ઓકશનમાં અનુકૂળ રીતે હરાજી કરવાનો અધિકાર અનામત રાખે છે. કોઈ પણ ડેપો/ડિવિઝનના ન વેચાયેલા લોટને સેન્ટ્રલ રેલવેના ડેપો/ડિવિઝનના પછીના ઓકશનમાં વેચી શકાશે. બી) સરકારી નીતિ પ્રમાણે ભંગારના મટિરિયલને રીસાઈકલિંગ કરવામાં પર્યાવરણ અને પ્રદૂષણનો મુદ્દો હશે તો આવા લોટ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી) સ્ટેટ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (એસપીસીબી)એ આપેલા કાનૂની પરવાના ધરાવતા બિડરને વેચવામાં આવશે. સી) ઈ-ઓકશનને કેટલોગ વેબસાઈટ **www.ireps.gov.in** પર ઉપલબ્ધ છે. ડી) ઈ-ઓકશન ડિજિટલ સિગ્નેચર, રજિસ્ટ્રેશન પ્રોસિજર અને સહભાગ વગેરે માટે મદદની જરૂર હોય તો મહેરબાની કરીને ઉપરના લાગતાવળગતા ઓકશન કન્ડક્ટિંગ ઑફિસરને સંપર્ક કરો અથવો તો **DY.CMM/Sales/HQ**, મોબાઈલ નંબર ૮૮૨૮૧૧૦૭૬૧ પર સંપર્ક કરવો. ઈ-મેલઃ **dycmm.s.cstm@gmail.com/dycmms@cr.railnet.gov.in**

તમારા પ્રાણીઓને રેલવેના પાટાથી દૂર રાખો 1030



**પશ્ચિમ રેલવે**
**રાજકોટ મંડળ**

**શુદ્ધિપત્ર**

**ટેન્ડર સૂચના નં.: DRM/RJT/E-TENDER/2025-26/49 તા. 23/03/2026 ટેન્ડર નં. DRM-RJT-2025-26-E-99** માં અર્નેસ્ટ મની રૂપિયા 6,25,300.00 ના બદલે રૂ. 19,01,300/- તરીકે વાંચવામાં આવવી જોઈએ. **1. કાર્યનું નામ:** રાજકોટ મંડળ : દ્વારકા (DWK)-બેલેન્સ વર્ક સ્ટેશનોમાં અમૃત ભારત યોજના સંબંધિત સુધારણા કાર્ય. **2. કાર્યનો ખર્ચ:** ₹ 9,50,64,823.95 **3. અર્નેસ્ટ મની:** ₹ 19,01,300.00 **4. ખોલવાની તારીખ:** 15/04/2026 પ્રમાણિત કરવામાં આવે છે કે ઈ-ટેન્ડર સૂચના 23/03/2026 ના રોજ વેબસાઇટ "**www.ireps.gov.in**" પર અપલોડ કરવામાં આવી છે. **RJT 224**

અમને લાઇક કરો: facebook.com/WesternRly


## ખાતર ઉત્પાદનમાં તોળાતો ૧૫ ટકાનો ઘટાડો

મુંબઈઃ ક્રિસિલ રેટિંગ્સના અહેવાલ મુજબ, જો મધ્ય પૂર્વમાં સમસ્યાઓ ચાલુ રહેશે તો ખાતરનું ઉત્પાદન ૧૦-૧૫ ટકા ઘટશે. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે સપ્લાય ચેઇન વિક્ષેપોને કારણે ભારતના યુરિયા અને કોમ્પ્લેક્સ ફર્ટિલાઇઝર્સના વાર્ષિક સ્થાનિક ઉત્પાદનમાં દસથી પંદર ટકાનો ઘટાડો થવાની સંભાવના છે.


BRIHANMUMBAI MAHANAGARPALIKA

એન્જિનિયરિંગ હબ બિલ્ડીંગ, ભોંયતળીયે, વરલી નાકા નજીક, ડૉ. ઈ. મોસેસ રોડ, વરલી, મુંબઈ-૪૦૦૦૧૮.

નંબર ડે. ચીફ એન્જિ./૧૦૩૯૪/ટ્રાફિક ૨૪.૦૩.૨૦૨૬ના

ઈ-ટેન્ડર નોટીસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર નીચે દર્શાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| ક્ર. નં. | કામનું નામ | વોર્ડ | રૂ.માં અંદાજિત કિંમત | ટેન્ડર ID | કરાર સમયગાળો | બારડી રૂ. | રૂ.માં સ્ક્રુટીની ફી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સંયુક્ત મહારાષ્ટ્ર કેટેગરીના શહિદોના સુશિક્ષિત બેરોજગાર સંસ્થા / કાનૂની વારસદારો તરફથી 'A' વોર્ડ કેટેગરી-'B' માં બાબુભાઈ ચિનોય માર્ગ ખાતે ઓન સ્ટ્રીટ પે એન્ડ પાર્ક સ્કીમ માટે ટેન્ડરો. | A | રૂ. ૨૬,૬૯,૩૨૮/- | ૨૦૨૬_MCGM_ ૧૨૮૯૫૬૪_૧ | ૨ વર્ષ | રૂ. ૫૩,૩૮૭/- | રૂ. ૭,૨૬૦/- + ૧૮% GST |

ઉપરોક્ત બિડ માટે, બિડ પ્રારંભ તારીખઃ- ૨૭.૦૩.૨૦૨૬

વધુ વિગતો માટે મહાટેન્ડર પોર્ટલ (https://mahatenders.gov.in) પર લોગ ઓન કરો.

સહી/-
ડે. ચીફ એન્જી.(ટ્રાફિક)

PRO/3390/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.


## સરકારે શૅરબજારમાં સટ્ટાબાજી રોકવા ટ્રેડિંગ ચાર્જ વધાર્યા

મુંબઇઃ સરકારે શેરબજારમાં સટ્ટાબાજી રોકવાના નવા પગલાં હેઠળ ટ્રેડિંગ ચાર્જમાં વધારો જાહેર કર્યો છે જે પહેલી એપ્રિલથી લાગુ થઇ રહ્યો છે. નવા ફેરફાર હેઠળ ફ્યુચર્સ એન્ડ ઓપ્શન (એફએન્ડઓ)માં ટ્રેડિંગ કરતા લોકોને વધુ ચાર્જ આપવો પડશે. આ સંદર્ભની જાહેરાત કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭માં જ કરી દેવામાં આવી હતી. આ ચાર્જ સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી) છે.

સરકારે બજેટ દરમિયાન એસટીટી વધારવાનું કારણ આપતા કહ્યું હતું કે, રિટેલ અને નાના રોકાણકારો ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં વધુ ફસાઈ રહ્યા છે અને તેમને મોટું નુકસાન ઉઠાવવું પડી રહ્યું છે. આવી સ્થિતિમાં તેમને રોકવા માટે આ ચાર્જ વધારવામાં આવી રહ્યો છે. આ ટેક્સનો હેતુ રિટેલર્સને સટ્ટાબાજી કરતા રોકવાનો છે.

ફ્યૂચર અને ઓપ્શન હેઠળ સિક્યોરિટી ટ્રાન્ઝેક્શન ટેક્સને ૦.૦૨ ટકાથી વધારીને ૦.૦૫ ટકા કરી દેવામાં આવ્યો છે. જ્યારે ઓપ્શન પ્રીમિયમ પર ટેક્સ અને ઓપ્શન પર એક્સસાઈઝ ૦.૦૧ ટકા અને ૦.૧૨૫ ટકાથી વધીને ૦.૧૫ ટકા થઈ જશે. દરેક ટ્રેડ પર આ ટેક્સ લાગુ થશે. આ પગલાં પાછળના તર્કને સમજાવતા રેવેન્યૂ સેક્રેટરી અરવિંદ શ્રીવાસ્તવે કહ્યું કે, આ વધારો ફક્ત એફએન્ડઓ પર લાગુ થાય છે અને એ વાત પર ભાર મૂક્યો કે, અન્ય સેક્ટર્સમાં એસટીટી રેટ્સને યથાવત્ રાખવામાં આવ્યા છે. શ્રીવાસ્તવે ઉમેર્યું હતું કે આ પગલાનો હેતુ ડેરિવેટિવ્ઝ માર્કેટમાં અતિશય સટ્ટાબાજી પર અંકુશ લગાવવાનો છે. તેમણે કહ્યું કે, જ્યારે તમે ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં ટ્રાન્ઝેક્શનની માત્રા જુઓ છે, ત્યારે તે મોટાપાયે સટ્ટાબાજી હોય છે. જેના કારણે નાના અને રિટેલ રોકાણકારોને મોટું નુકસાન થાય છે. સરકારનો ઉદ્દેશ્ય સટ્ટાબાજીને રોકવાનો અને ડેરિવેટિવ્ઝ સેક્ટરમાં હાજર સિસ્ટમ રિસ્કનું સમાધાન કરવાનો છે.

# મુંબઈ સમાચાર

આયોજિત

# માતૃભાષા ભાગવત સપ્તાહ

૨ એપ્રિલથી ૮ એપ્રિલ



અનંત શ્રી વિભૂષિત પશ્ચિમામ્નાય દ્વારકાશારદાપીઠાધીશ્વર જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજ | વૈષ્ણવ હૃદયસમ્રાટ વૈષ્ણવાચાર્યશ્રી ૧૦૮ યદુનાથજી મહોદયશ્રી (કડી–અમદાવાદ) | શ્રી વલ્લભકુલભૂષણ વૈષ્ણવાચાર્ય પૂજ્ય પાદ ગોસ્વામી ૧૦૮ શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીનું | રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજસાહેબનું

મહાનગરમાં વ્રજનો લય
સંપૂર્ણ મુંબઈ કૃષ્ણમય
તમામ માતૃભાષાનો જય

**માર્ગદર્શન**



## પરમપૂજ્ય રમેશભાઈ ઓઝા ભાઈશ્રી

**સનાતન નગરીઃ**
સ્વ. શ્રી બાળાસાહેબ ઠાકરે ક્રીડાસંકુલ,
(ચીકુવાડી પ્લેગ્રાઉન્ડ) બોરીવલી (પશ્ચિમ)

**ભાગવત કથાઃ** બપોરે ૩.૩૦થી ૬.૩૦
**પ્રસાદઃ** સાંજે ૬.૩૦ વાગ્યાથી ૭.૩૦ વાગ્યા સુધી
**માતૃભાષા મહોત્સવ અને સાંસ્કૃતિક કાર્યક્રમોઃ**
રાત્રે ૭.૩૦થી ૧૦.૦૦

૨૦૪ વર્ષની યુવાવયના એશિયાના સૌથી જૂના અખબાર 'મુંબઈ સમાચાર'ની અલૌકિક-અદ્‌ભુત પહેલ

Supported by:
adani



SKYLINE
INFRA FORGE
**શ્રી સૌરભ મહેતા**
(મુખ્ય મનોરથી)



gandhar
Group of Companies
**શ્રી રમેશભાઈ પારેખ**
(સહ મનોરથી)

- તમામ દર્શનાર્થીઓ માટે પ્રસાદની વ્યવસ્થા
- ૨ લાખ સ્કે. ફૂટના એરકન્ડિશન્ડ ડોમમાં ભાગવત કથા
- પોથીના મનોરથીઓને વિશેષ પ્રસાદ અને ભાગવત શ્રવણની વ્યવસ્થા

## જીવંત પ્રસારણ

મુંબઈ સમાચાર
YouTube
ગુજરાતી

आस्था
धर्म संदेश
आस्था भजन

वसुधैव कुटुंबकम्
॥ Sandipani ॥

DANUBE PROPERTIES
DUBAI
Real Estate Partners:

**દરરોજના કાર્યક્રમ**



સંજીવની ભેલાંડે
પલ્લવી કેળકર
નચિકેત દેસાઈ
હેમંત બર્વે
અજિત પરબ
અને દીપ્તિ ભાગવત

**તા. ૨** માતૃભાષા માનવંદનાઃ મરાઠી સંગીત સંધ્યા



**તા. ૩** પદ્મશ્રી કૈલાસ ખેરનો 'કૈલાસા' કોન્સર્ટ અને કૈલાસા લાઈવ



**તા. ૪** ગીતા રબારીનો સંગીત જલસો



**તા. ૭** કીર્તિદાન ગઢવીનો ડાયરો

માતૃભાષાનો આ મહાયજ્ઞ માતૃભાષાના એ સૈનિકો માટે છે જેમણે સમગ્ર જીવન દરમિયાન ભારતની વિવિધ માતૃભાષાની સેવા કરી છે અને હવે આપણી જવાબદારી છે કે એ સૈનિકોની પાછલી જિંદગીની તકેદારી આપણે રાખીએ - સથવારો પૂરો પાડીએ. આ સમગ્ર મહાકુંભનું જે ઉપાર્જન થશે એ ભારતની માતૃભાષાઓના વીર સાહિત્યકારો માનભેર જીવન જીવી શકે એ માટે વપરાશે.

માતૃભાષાના સેનાનીઓના ઋણ-સ્વીકારનો આ અવસર છે, પછી એ ગુજરાતી હોય, મરાઠી હોય, બંગાળી હોય કે પછી હોય અન્ય કોઈ માતૃભાષાનો સૈનિક. ભાષાકર્મી છે આપણી ભાષાને સમૃદ્ધ કરવાનો પાયો. ભાષા અને સંસ્કૃતિના એ પાયા સાથે આપણે ઊભા છીએ એ દાખવવાનો આ પ્રયત્ન છે. સૌના સહકારની અપેક્ષા સાથે.

**આયોજક**

## મુંબઈ સમાચાર પ્રેરિત માતૃભાષા પ્રતિષ્ઠાન

★ શ્રી નીલેશ દવે

★ શ્રી પરાગ શાહ ★ શ્રી સંતોષ સિંહ ★ શ્રી મુકેશ પટેલ ★ શ્રી રાજુ સાવલા ★ શ્રી અરવિંદ શાહ
★ શ્રી જિજ્ઞેશ ભુતા ★ શ્રી જસ્મીન શાહ ★ શ્રી જિતેન્દ્ર મહેતા ★ શ્રી જગદીશ ઓઝા ★ શ્રી ભાર્ગવ પટેલ
★ શ્રી નિરવ મહેતા ★ શ્રી જિજ્ઞેશ હિરાણી ★ શ્રી શોભિત દેસાઈ ★ શ્રી મિલન ત્રિવેદી (રાજકોટ) ★ શ્રી દુષ્યંત સોની (દુબઈ)

વિશેષ આભારઃ ★ શ્રી સંજય ઉપાધ્યાય ★ શ્રી અસીત કુમાર મોદી ★ શ્રી જે. ડી. મજેઠિયા ★ શ્રી સંજય છેલ ★ શ્રી મુકેશ મહેતા ★ શ્રી ભૂપેન્દ્ર મહેતા ★ શ્રી વિપુલ પારેખ ★ શ્રી વિરલ ચિતલિયા ★ શ્રીમતી માધવી ભુતા

AJMERA BUILT ON TRUST
MICL LIVE BETTER
Showglitz Events & Entertainment Private Limited
HEM AGARBATTI
MUNJAL
hitech events & exhibition
मातृभाषा वंदना
dks ARVINDBHAI KHATRI SONS
BRIGHT OUTDOOR MEDIA LIMITED
Neela Film Productions
NATUREPURE Wellness Pvt. Ltd.
WellPure | Keshasvi
APAR ADVERTISERS PRIVATE LIMITED
NEELKANTH Building Trust Since 1938
Formerly known as: Velji Harkha Patel & Sons.
SURBHI GROUP Redefining Urban Lifestyle
Contact - +91 98218 85998/
SILVER BUILDING LANDMARKS SINCE 1986

# ઇમ્પૅક્ટ પ્લેયર બે વર્ષ સુધી રહેશે જ

## કૅચના નિયમ વિશે આઈપીએલના તમામ કૅપ્ટનોને ચેતવણી

મુંબઈ: શનિવાર, ૨૮મી માર્ચે શરૂ થતી આઇપીએલની ૧૯મી સીઝન પહેલાં આ ટૂર્નામેન્ટના સંચાલક બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)એ તમામ ૧૦ ટીમના કૅપ્ટનોને કેટલીક બાબતો વિશે વાકેફ કરી દીધા છે તેમ જ જણાવ્યું છે કે ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ હજી બે વર્ષ (૨૦૨૭ની સીઝન સુધી) અસ્તિત્વમાં રહેશે.

આઇપીએલ દરમ્યાન મૅચ પછીની પ્રેઝન્ટેશન સેરેમનીમાં ખેલાડીઓ ફ્લૉપી (હૅટ) કે સ્લીવલેસ જર્સી પહેરીને હાજરી નહીં આપી શકે તેમ જ દરેક ટીમના ખેલાડીઓએ ટીમની બસમાં જ પ્રવાસ કરવો પડશે એવા લાગુ કરાયેલા કેટલાક નિયમોના અહેવાલો વચ્ચે એક અહેવાલ એવો પણ મળ્યો છે કે બીસીસીઆઇએ તમામ ટીમોના સુકાનીઓને કૅચ વખતે પોતાના ખેલાડીઓ દ્વારા કરવામાં આવતા સેલિબ્રેશન બાબતમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું છે કે 'કૅચ ઝીલતી વખતે જો ફીલ્ડરે બૉલ પર પૂર્ણપણે અંકુશ મેળવ્યો હશે (કૅચ કમ્પ્લીટ કર્યો હશે) અને પોતાના શરીર પર (મૂવમેન્ટ પર) તેનો સંપૂર્ણ અંકુશ હશે તો જ એ કૅચ ગણાશે.'

### ૩૩.૩ નંબરનો નિયમ શું કહે છે?

ક્રિકેટરો માટેની પ્લેઇંગ કન્ડિશન્સની ૩૩.૩ નંબરની કલમ મુજબ 'ફીલ્ડર શારીરિક રીતે સૌથી પહેલાં બૉલના સંપર્કમાં આવે ત્યારે તેણે કૅચ ઝીલવાની શરૂઆત કરી કહેવાશે અને તેણે બૉલ પર તેમ જ પોતાના શરીરની મૂવમેન્ટ પર સંપૂર્ણપણે કાબૂ મેળવ્યો હશે તો જ એ કૅચ ઝીલાયો કહેવાશે.'

### વર્લ્ડ કપ પરથી લીધો બોધ

આ નિયમ નવો નથી, પરંતુ બીસીસીઆઇએ બુધવારે કૅપ્ટનોની મીટિંગમાં કૅચને લગતી આ બાબત પર ભાર મૂક્યો હતો. અમ્પાયરો સહિતના કેટલાક અધિકારીઓએ અમુક વીડિયો ક્લિપ બતાવી હતી જેમાં તેમણે તાજેતરના ટી-૨૦ વર્લ્ડ કપને લગતા કેટલાક ઉદાહરણ આપ્યા હતા. એ વિશ્વકપમાં અમ્પાયરોએ અમુક કૅચ કમ્પ્લીટ ન હોવાથી એ કૅચ ન હોવાનો નિર્ણય આપ્યો હતો.

### ગાંગુલીની આગાહી સાચી પડી

ઇમ્પૅક્ટ પ્લેયરને લગતો નિયમ જાળવી રાખવામાં આવ્યો છે. બીસીસીઆઇના ભૂતપૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીએ મંગળવારે દૃઢપણે કહ્યું હતું કે 'ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ રહેશે જ. કોઈને ગમે તો કોઈને ન ગમે, પરંતુ આ નિયમ લાગુ રહેશે.'

### ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ શું છે?

ઇમ્પૅક્ટ પ્લેયરનો નિયમ એવો છે જેમાં બન્ને ટીમે મૅચની શરૂઆત પહેલાં પ્લેઇંગ-ઇલેવન ઉપરાંત પાંચ-પાંચ ખેલાડીના નામ અમ્પાયરોને આપવા પડે છે અને મૅચ દરમ્યાન ટીમ એ પાંચમાંના કોઈ એક ખેલાડીને પોતાની ઇલેવનમાંના કોઈ પણ એક ખેલાડીના સ્થાને રમાડી શકે છે.

દિલ્હી કૅપિટલ્સના કૅપ્ટન અક્ષર પટેલે ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમની ટીકા કરી હતી. અક્ષર પટેલનું એવું કહેવું હતું કે 'ઇમ્પૅક્ટ પ્લેયરના નિયમને કારણે મારા જેવા ઑલરાઉન્ડરના પર્ફોર્મન્સના વિકાસમાં અવરોધ બને છે.' ■

# ધારાવીમાં ૨૭, ૨૮ માર્ચે પ્રીમિયર લીગ

મુંબઈ: ધારાવીમાં આ સપ્તાહના અંતે ધારાવીમાં ક્રિકેટનો જુવાળ શરૂ થશે કારણ કે ધારાવી પ્રીમિયર લીગ (ડીપીએલ) તેની ત્રીજી સીઝન માટે પરત ફરશે, જે ૨૭ અને ૨૮ માર્ચે ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ ક્લબમાં બે દિવસ સુધી ક્રિકેટ, સમુદાય ઉજવણી અને સ્થાનિક ગૌરવનું માહોલ ઉભો કરશે.

આ વર્ષે લીગમાં ધારાવીના વિવિધ ભાગોમાંથી ૧૪ ટીમો ભાગ લેશે, જેમાં શાહુનગર, માટુંગા, શતાબ્દી નગર અને મુસ્લિમ નગરનો સમાવેશ થાય છે.

ધારાવી પ્રીમિયર લીગ સાથે અમારો ઉદ્દેશ્ય સ્થાનિક પ્રતિભા માટે અર્થપૂર્ણ તકો ઊભી કરવાનો અને સમુદાયમાં અસ્તિત્વમાં રહેલી અવિશ્વસનીય રમતગમતની ભાવનાની ઉજવણી કરવાનો છે એમ, ઇવેન્ટના આયોજકો અને ધારાવી પુનર્વિકાસ પ્રોજેક્ટ ચલાવતા એસપીવી, નવભારત મેગા ડેવલપર્સ પ્રાઇવેટ લિમિટેડ (એનએમડીપીએલ) ના પ્રવક્તાએ જણાવ્યું હતું

વિજેતા ટીમને ₹૧ લાખનું રોકડ ઇનામ અને ટ્રૉફી મળશે, જ્યારે રનર-અપ ટીમને ₹૫૦,૦૦૦ અને ટ્રૉફી મળશે. આ ઉપરાંત, ટુર્નામેન્ટ દરમિયાન વ્યક્તિગત પ્રદર્શનને માન્યતા આપવા માટે ૧૪ 'મેન ઓફ ધ મેચ' એવોર્ડ આપવામાં આવશે. ટુર્નામેન્ટને વધુ સમાવિષ્ટ, યાદગાર અને અર્થપૂર્ણ બનાવવા માટે, એનએમડીપીએલ મેચોમાં બનાવેલા દરેક ૧૦૦ રન માટે સમુદાયને ૫૦ પેડેસ્ટલ ફેન્સનું દાન કરશે.

ધારાવી પ્રીમિયર લીગ -૩

**તારીખ:** ૨૭ અને ૨૮ માર્ચ, ૨૦૨૬

**સ્થળ:** ડિસ્ટ્રિક્ટ સ્પોર્ટ્સ ક્લબ, ધારાવી

**સમય:** સવારે ૯.૩૦ થી સાંજે ૬ વાગ્યા સુધી ■

# ટીમ ઈન્ડિયાનું ધમાકેદાર હોમ શેડ્યૂલ જાહેર

મુંબઈ: ટીમ ઇન્ડિયાના ૨૦૨૬-'૨૭ની સીઝનના ઘરઆંગણાની ક્રિકેટ મૅચોના શેડ્યૂલની બીસીસીઆઇ દ્વારા જાહેરાત કરવામાં આવી છે.

### ક્યારે ક્યા દેશ સામે કઈ સિરીઝ?

**૨૭ સપ્ટેમ્બર:** વેસ્ટ ઇન્ડિઝ સામે પ્રથમ વન-ડે, તિરુવનંતપુરમ, બપોરે ૨.૦૦

**૩૦ સપ્ટેમ્બર:** વેસ્ટ ઇન્ડિઝ સામે બીજી વન-ડે, ગુવાહાટી, બપોરે ૨.૦૦

**૩ ઑક્ટોબર:** વેસ્ટ ઇન્ડિઝ સામે ત્રીજી વન-ડે, ન્યૂ ચંડીગઢ, બપોરે ૨.૦૦

**૬ ઑક્ટોબર:** વેસ્ટ ઇન્ડિઝ સામે પ્રથમ ટી-૨૦, લખનઊ, સાંજે ૭.૦૦

**૯ ઑક્ટોબર:** વેસ્ટ ઇન્ડિઝ સામે બીજી ટી-૨૦, રાંચી, સાંજે ૭.૦૦

**૧૧ ઑક્ટોબર:** વેસ્ટ ઇન્ડિઝ સામે ત્રીજી ટી-૨૦, ઇન્દોર, સાંજે ૭.૦૦

**૧૪ ઑક્ટોબર:** વેસ્ટ ઇન્ડિઝ સામે ચોથી ટી-૨૦, હૈદરાબાદ, સાંજે ૭.૦૦

**૧૭ ઑક્ટોબર:** વેસ્ટ ઇન્ડિઝ સામે પાંચમી ટી-૨૦, બેંગ્લૂરુ, સાંજે ૭.૦૦

**૧૩ ડિસેમ્બર:** શ્રીલંકા સામે પ્રથમ વન-ડે, દિલ્હી, બપોરે ૨.૦૦

**૧૬ ડિસેમ્બર:** શ્રીલંકા સામે બીજી વન-ડે, બેંગ્લૂરુ, બપોરે ૨.૦૦

**૧૯ ડિસેમ્બર:** શ્રીલંકા સામે ત્રીજી વન-ડે, અમદાવાદ, બપોરે ૨.૦૦

**૨૨ ડિસેમ્બર:** શ્રીલંકા સામે પ્રથમ ટી-૨૦, રાજકોટ, સાંજે ૭.૦૦

**૨૪ ડિસેમ્બર:** શ્રીલંકા સામે બીજી ટી-૨૦, કટક, સાંજે ૭.૦૦

**૨૭ ડિસેમ્બર:** શ્રીલંકા સામે ત્રીજી ટી-૨૦, પુણે, સાંજે ૭.૦૦

**૩ જાન્યુઆરી:** ઝિમ્બાબ્વે સામે પ્રથમ વન-ડે, કોલકાતા, બપોરે ૨.૦૦

**૬ જાન્યુઆરી:** ઝિમ્બાબ્વે સામે બીજી વન-ડે, હૈદરાબાદ, બપોરે ૨.૦૦

**૯ જાન્યુઆરી:** ઝિમ્બાબ્વે સામે ત્રીજી વન-ડે, મુંબઈ, બપોરે ૨.૦૦

**૨૧ જાન્યુઆરીથી:** ઑસ્ટ્રેલિયા સામે પ્રથમ ટેસ્ટ, નાગપુર, સવારે ૯.૩૦

**૨૯ જાન્યુઆરીથી:** ઑસ્ટ્રેલિયા સામે બીજી ટેસ્ટ, ચેન્નઈ, સવારે ૯.૩૦

**૧૧ ફેબ્રુઆરીથી:** ઑસ્ટ્રેલિયા સામે ત્રીજી ટેસ્ટ, ગુવાહાટી, સવારે ૯.૦૦

**૧૯ ફેબ્રુઆરીથી:** ઑસ્ટ્રેલિયા સામે ચોથી ટેસ્ટ, રાંચી, સવારે ૯.૩૦

**૨૭ ફેબ્રુઆરીથી:** ઑસ્ટ્રેલિયા સામે પાંચમી ટેસ્ટ, અમદાવાદ, સવારે ૯.૩૦ ■

# ટ્રમ્પના કાર્યકારી આદેશને પગલે ઑલિમ્પિક્સમાંથી મહિલા કિન્નર ઍથ્લીટોની બાદબાકી

લૉસેન (સ્વિટ્ઝરલૅન્ડ): ઑલિમ્પિક ગેમ્સમાંથી મહિલા કિન્નર ઍથ્લીટોની બાદબાકી કરી નાખવામાં આવી છે. અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ગેમ્સ પહેલાં મહિલાની ખેલકૂદ બાબતમાં જે કાર્યકારી આદેશ બહાર પાડ્યો છે એને અનુરૂપ ઇન્ટરનૅશનલ ઑલિમ્પિક કમિટીએ આ નિર્ણય લીધો છે. ઑલિમ્પિક્સમાં કોણ ભાગ લઈ શકે એની પાત્રતા ટ્રમ્પ સરકારની નીતિ સાથે સહમતિ સાધ્યા બાદ કિન્નર હોય એવી મહિલા ઍથ્લીટને આ રમતોત્સવના પરિપ્રેક્ષ્યમાંથી બહાર કરી છે. જન્મથી મહિલા હોય એવી વિમેન ઍથ્લીટો જ ઑલિમ્પિક્સમાં ભાગ લઈ શકે એવો નિયમ હવે લાગુ કરાયો છે. ■

# કૅરોલિન મૅરિનની નિવૃત્તિ

નવી દિલ્હી: મહિલાઓની સર્વશ્રેષ્ઠ બૅડમિન્ટન ખેલાડીઓમાં ગણાતી સ્પેનની કૅરોલિન મૅરિને ઘૂંટણની એકધારી ઈજાથી કંટાળીને છેવટે નિવૃત્તિ જાહેર કરી દીધી છે. તેણે ૨૦૧૬ની રિયો ઑલિમ્પિક્સની ફાઇનલમાં પી. વી. સિંધુને હરાવીને ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. કૅરોલિન ત્રણ વખત વર્લ્ડ ચૅમ્પિયન પણ બની હતી. ૩૨ વર્ષની ભૂતપૂર્વ વર્લ્ડ નંબર-વન કૅરોલિન યુરોપિયન સ્પર્ધાના સાત તાજ પણ જીતી હતી. ■


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.) (૯૩૬-બી)

### ૧૨. યાત્રા સહેલગાહ

■ Private Car Tours Goa Himachal Kashmir Ladakh Uttaranchal Kerala Bhutan Vietnam Sikkim Thailand Singapore Cruise Private family Villa રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop All Over India ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ Travel Insurance ARRHAM HOLIDAY 9892534488 / 9769977466 / 9326373672. (બી-૧૭૨૭૩)

મુંબઈ શ્રીનગર મુંબઈ એપ્રિલ-મે એર ટિકિટ 25,000/- 19,999/- ફક્ત આજે
5,000/- PP થી 10,000/- PPનું જબરદસ્ત ડિસ્કાઉન્ટ ટુંક સમય માટેજ
એશિયાનો સૌથી મોટો તુલીપ ગાર્ડન 16 માર્ચથી ખુલે છે
કાશ્મીરની બધીજ ટુરોમાં ફેન્ટાસ્ટીક ફુડ કારનીવલ
સર્વ શ્રેષ્ઠ 100% સંપૂર્ણ
કાશ્મીર લેહ લડાખ
ચેલેંજીંગ ભાવે પરફેક્ટ પેકેજ
એક માત્ર સુપર સ્પેશ્યાલીસ્ટ સાથે જ.
સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે બેડ ટી થી મસાલા દૂધ સુધીની જાન જેવી બાદશાહી સરભરા. ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ, બિસ્લેરી
બ્રાન્ડેડ 3-4* ફિક્સ લક્ઝરી હોટેલમાં બાદશાહી નિવાસ
ફેબ્રુ.થી જૂન દર અઠવાડિયે 2 પ્રસ્થાન
સૌથી વધુ બધાજ સાઈટ સીઈંગ, ગેમ્સ, ગરબા, ડાન્સ, ડીજે, કેમ્પફાયર બધા જ ખર્ચા સામિલ બધી જ હાઈફાઈ સુવિધાઓ
કોઈ પણ ટૂર બુક કરતા પહેલા અમારું પ્રેઝન્ટેશન જરૂર જુવો.
કેરાલા, હિમાચલ, ઉત્તરાંચલ, રાજસ્થાન, વિયેટનામ, જ્યોર્જિયા, દુબઈ, બાલી, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, માલદિવ્સ, નોર્થ ઈસ્ટ કસ્ટમાઈઝ પેકેજ મળશે
27 વર્ષથી કાશ્મીર/લેહ લદાખની ટુરો આપનાર એકમાત્ર સુપર સ્પેશ્યાલિસ્ટ સતીશભાઈ શાહ 9869066942 9869056942 9869010141
પૂજા ટુર્સ ઘાટકોપર (મલાડ) www.poojaholidays.com
(બી-૧૭૨૭૦)

### ૧૭. જગ્યા આપવી છે

**મીરારોડ**

**શાંતિનગર, સેક્ટર ૧, ૩ બેડરૂમ હોલ કિચન, ૭૯૫ એરિયા, ત્રીજે માળે, ૧.૩૫ કરોડ, નેગોશિયેબલ, ઓનર: 9898053229. (એસડીબી-૩૧૮૧)**

**દેવાંશુ પ્રોપર્ટી**

કાંદિવલી, બોરીવલી, મલાડ, 1 બેડરૂમ, 2 બેડરૂમ વેચાણથી ભાડેથી. - 9326529802. (બી-૧૭૩૦૩)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવધર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**દાદર પૂર્વ**

(વડાલા રામ મંદિર પાસે) ઈન્ડસ્ટ્રીયલ યુનિટ ભાડેથી / ઓનરશીપથી આપવાનું છે. કાર્પેટ એરિયા ૧૬૬૧ અને ૧૧૦૦ ફૂટ લોફ્ટ, એક રીઝર્વ પાર્કિંગ. ક્લાઉડ કિચન / ઓફિસ / ઈન્ડસ્ટ્રીયલ / કોલ સેંટર / ફેક્ટરી માટે ખાસ લાયક. સંપર્ક - જીતુભાઈ - ૯૭૦૨૪૩૪૩૪૩ / ૯૮૨૧૦૪૧૫૧૫. (એસડીબીજી-૩૧૬૪)

### ૨૦. ધંધાદારી જગ્યા

VIKHROLI (WEST), LAL BAhaddur Shashtri Marg, Indraprastha Commercial - Prime Office, Space for Sale. 1200 square feet (Carpet), Second Floor, 12 feet height, Next to Big IT park & Metro Station, Railway Station 7 minutes walk. Rs. 3.30 Cr. (negotiable) Contact: Dinesh Motta (Owner) 9820155784. (B-17310)

### ૨૧. હોટલ

THE KINARA VILLAGE LONAVALA



DELICIOUS FOOD I HERITAGE AMBIENCE
HERITAGE ROOMS AVAILABLE
Add. : Old Mumbai - Pune Highway, Vaksai Naka, Varsoli, Lonavala - 410401
Call : 9859639639
www.thekinaravillage.com
(B-17209)

### ૨૩. મનોરંજન

**નાટક - પીક્ચર**

મ્યુઝિકલ - સોશ્યલ ગ્રુપો: મુંબઈ - પાર્લા - મલાડ - બોરીવલીમાં. ફ્રીમાં મેમ્બરશીપ - 9324213190. (૯૧૪/એ)

### ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**

જૂના જાણકાર ઘેર બેઠા ફોન પર ઉપાય, પર્સનલ પ્રોબ્લેમ, પ્રેમમાં ધોકા, શત્રુપીડા તુરંત નિકાલ (Home Visti) 9765396401 (મુંબઈ). (બી-૧૭૨૪૫)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ ''એસ પેસ્ટ કન્ટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675/ 9326448699. (કાંદિવલી). (૮૭૨/સી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન**

પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ - 9702251440 / 9224320626. (બી-૧૬૮૩૫)


'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શનિવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

હિન્દી - ગુજરાતી જોડી જમાવો

| A | B |
|---|---|
| मनहूस | ઈચ્છા |
| मनीषा | બુદ્ધિમાન |
| मनुहार | અપશુકનિયાળ |
| मनीषी | સુંદર |
| मनोरम | વિનંતી |

### જાણવા જેવું

'ગોડમધર' ચિત્રપટથી ફિલ્મોમાં પ્રવેશેલા શર્મન જોશીએ કેટલાંક યાદગાર ગુજરાતી નાટકોમાં અભિનય કર્યો છે. 'બે લાલના રાજા' અને ૫૫૦ શો થયા હતા એ 'ઓલ ધ બેસ્ટ' તેમનાં પ્રસિદ્ધ નાટકો છે. જોકે, તેને સૌથી વધુ લોકપ્રિયતા મળી 'થ્રી ઈડિયટ્સ'ના કોલેજિયન યુવકના પાત્રમાં એ હકીકત છે.

### ગુજરાત મોરી મોરી રે

ગુજરાતી ફિલ્મ 'જનમ જનમનાં સાથી' ફિલ્મથી શરૂઆત કર્યા પછી સમાંતર સિનેમાની 'ફિર ભી' ફિલ્મનાં જાણીતા હિરોઈનનું નામ જણાવો.

અ) સુપ્રિયા પાઠક
બ) ઝંખના દેસાઈ
ક) ઉર્મિલા ભટ્ટ
ડ) અરુણા ઈરાની

### નોંધી રાખો

શમ્મી નામથી સાઈડ રોલ કરનારાં અભિનેત્રીની મોટી બહેન મણિ રબાડીએ ડ્રેસ ડિઝાઈનર તરીકે ખ્યાતિ મેળવી હતી.

### આજની ક્વિક ફિલ્મી ક્વિઝનાં જવાબ

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | | ૩ | | ૪ | | |
| ૫ | | | | ૬ | | ૭ | | | ૮ |
| | | ૯ | | ૧૦ | | | | ૧૧ | |
| | | | | | | | ૧૨ | | |
| | ૧૩ | | ૧૪ | | | ૧૫ | | | |
| ૧૬ | | ૧૭ | | | ૧૮ | | | | |
| ૧૯ | ૨૦ | | | | | | | | ૨૧ |
| ૨૨ | | | ૨૩ | ૨૪ | | | | | |
| | | ૨૫ | | | | | | ૨૬ | |
| | ૨૭ | | | | | ૨૮ | | | |

**આડી ચાવી**

૧ પરોઢિયું, મળસકું (૪)
૪ ---- ની શિખામણ ઝાંપા સુધી (૨)
૫ ક્ષણ, પળ (૨)
૬ ચર્ચા (૪) (જો. છૂ.)
૧૦ ---- કરવું=પાછું આપવું (૩)
૧૧ ઝાકળ (૨)
૧૨ ફૂલ (૩)
૧૩ સાવચેત, ખબરદાર (૪)
૧૫ મંત્ર કે નામ વગેરેનું રટણ (૨)
૧૭ રાજા (૨)
૧૮ કમઅક્કલ (૪)
૧૯ સતતપણું (૩)
૨૨ ઝીણી ધૂળ (૨)
૨૩ તહેવાર (૩)
૨૫ ઝબકારો (૪)
૨૬ ગ્રહ (૨)
૨૭ અપના ---- જગન્નાથ (૨)
૨૮ સરખે અંતરે આવેલું (૪)

**ઊભી ચાવી**

૧ મોંઘારત (૪)
૨ ---- વચ્ચે સોપારી (૨)
૩ નમસ્કાર, સલામ (૩)
૪ દાબ, છાપ (૨)
૬ બાગ, બગીચો (૪)
૭ વસ્ત્રનો વણાટ (૨)
૮ સ્થાવર અને જંગમ મિલકત (૪)
૯ શિવનું નૃત્ય (૫)
૧૧ ધન, દોલત (૨)
૧૨ ખૂબ સંકુચિત દૃષ્ટિવાળો માણસ (૫)
૧૪ થાપ, છેતરપિંડી (૨)
૧૫ સાધુ (૨)
૧૬ ભૂલી જવું (૪)
૧૮ અભ્યાસ, ટેવ (૪)
૨૦ એક તેજાનો (૨)
૨૧ મોટો જાડો સાપ (૪)
૨૩ ક્ષણ (૨)
૨૪ અંજામ (૩)
૨૫ રસ્તો, માર્ગ (૨)
૨૬ લખત, દસ્તાવેજ (૨)

**ગયા વખતનો ઉકેલ**

### ઓળખાણ પડી?



વ્યવસાયે ડોક્ટર પણ મલયાલમ ફિલ્મોથી શરૂ કરી 'રામાયણ' ફિલ્મમાં સીતાનો રોલ કરી રહેલી સાઉથની અભિનેત્રીની ઓળખાણ પડી?

અ) રશ્મિકા મંદાના
બ) સાઈ પલ્લવી
ક) સામન્થા રૂથ પ્રભુ
ડ) નયનતારા

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

જોની વોકર અને મેહમૂદ જેમને ગુરુ માનતા હતા એ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સર્વપ્રથમ કોમેડી સ્ટારનું નામ વિકલ્પોમાંથી જણાવો.

અ) ગોપ બ) મોહન ચોટી ક) નૂરમોહમ્મદ ચાર્લી ડ) વી. એચ. દેસાઈ

### માઈન્ડ ગેમ

અશોક કુમારના જમાઈ તેમજ હિન્દી ફિલ્મોના નામી કમેડિયન અને ફિલ્મ નિર્માતા તરીકે જવાબદારી નિભાવનાર કલાકાર ઓળખો.

અ) અસરાની બ) રાજેન્દ્રનાથ ક) આસિત સેન ડ) દેવેન વર્મા

### સુડોકુ-૯૨૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | ૫ | ૮ | | | ૧ | ૪ | | |
| ૯ | ૭ | | ૪ | | | ૫ | | |
| ૧ | | | | ૩ | | | | ૭ |
| | ૮ | ૯ | | | | ૬ | | |
| ૬ | | | | | | | | ૫ |
| | | ૫ | | | | ૩ | ૧ | |
| ૮ | | | | ૪ | | | | ૩ |
| | | ૭ | | | ૩ | | ૫ | ૮ |
| | | ૬ | ૮ | | | ૯ | ૪ | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-૯૨૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૮ | ૯ | ૨ | ૪ | ૭ | ૩ | ૧ | ૫ |
| ૨ | ૭ | ૩ | ૫ | ૧ | ૬ | ૪ | ૮ | ૯ |
| ૧ | ૪ | ૫ | ૩ | ૯ | ૮ | ૨ | ૬ | ૭ |
| ૫ | ૯ | ૨ | ૭ | ૬ | ૪ | ૮ | ૩ | ૧ |
| ૭ | ૬ | ૪ | ૮ | ૩ | ૧ | ૯ | ૫ | ૨ |
| ૮ | ૩ | ૧ | ૯ | ૫ | ૨ | ૬ | ૭ | ૪ |
| ૯ | ૧ | ૭ | ૬ | ૨ | ૩ | ૫ | ૪ | ૮ |
| ૪ | ૨ | ૬ | ૧ | ૮ | ૫ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૫ | ૮ | ૪ | ૭ | ૯ | ૧ | ૨ | ૬ |

### ગયા શુક્રવારના જવાબ

| A | B |
|---|---|
| मधुपर्क | પંચામૃત |
| मनचला | રસિક |
| मनमुटाव | અણબનાવ |
| मनमौजी | લહેરી |
| मनसूबा | ઈરાદો |

**ગુજરાત મોરી મોરી રે:** કાનજી રાઠોડ

**ઓળખાણ પડી?** મીનાક્ષી શેષાદ્રી

**માઈન્ડ ગેમ :** પ્રદીપ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** છલિયા

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૨) મુલરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) કિશોરકુમાર જીવણદાસ વેદ (૫) નીતા દેસાઈ (૬) ખુશરૂ કાપડિયા (૭) વિપીન શાહ (૮) નૂતન વિપીન શાહ (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) ભારતી બુચ (૧૩) લજિતા ખોના (૧૪) પ્રવીણ વોરા (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૮) હર્ષા મહેતા (૧૯) મીનળ કાપડિયા (૨૦) મહેન્દ્ર લોઢાવિયા (૨૧) નિખિલ બંગાળી (૨૨) અમીશી બંગાળી (૨૩) ભરત કજરિયા (૨૪) મનીષા શેઠ (૨૫) ફાલ્ગુની શેઠ (૨૬) જયવંત પદમશી ચિખલ (૨૭) હરીશ મનુભાઈ ભટ્ટ (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) ભાવના કર્વે (૩૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૨) અરવિંદ કામદાર (૩૩) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૪) જ્યોત્સના ગાંધી (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) રમેશ દલાલ (૩૮) અલકા વાણી (૩૯) ગિરીશ બાબભાઈ મિસ્ત્રી (૪૦) ડાયના સંતોકે (૪૧) વિજય આસર (૪૨) ડો. પ્રકાશ કટકિયા (૪૩) મહેશ દોશી (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) કમલ માતલિયા (૪૬) મહેશ સંઘવી (૪૭) હિંમત પુરુષોત્તમ ખોલીયા (૪૮) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૯) નિતીન જયંતીલાલ બજરિયા

ક્વિઝ ૧૫૯ જવાબ ૧) સુદેશ લાહીરી, ૨) હર્ષ ગુજરાલ, ૩) કપિલ શર્મા, ૪) કિકુ શારદા, ૫) સુનિલ પાલ, ૬) વરુણ ગ્રોવર, ૭) અનુભવ સિંહ બસ્સી

ક્વિઝ ૧૬૦ જવાબ: ૧) બરસાત, ૨) દાગ, ૩) સીતા ઔર ગીતા, ૪) દો દુની ચાર, ૫) જાગૃતિ, ૬) ધુરંધર, ૭) મિસ્ટર ઇન્ડિયા

# મેટિની

કવર સ્ટોરી
હેમા શાસ્ત્રી

## ભારતીય સિનેમાથી હોલિવૂડમાં છૂટી કંપારી...

**‘ધુરંધરઃ ધ રિવેન્જ’ની ટક્કર ટાળવા પહેલા બોલિવૂડ તેમજ સાઉથની અને હવે અમેરિકન ફિલ્મની ભારતમાં રિલીઝ મોડી કરવાનો નિર્ણય લેવો પડ્યો છે**





હોલિવૂડની ફિલ્મ હિન્દી ફિલ્મથી ચેતીને ચાલી

છેલ્લાં પાંચેક વર્ષથી એક સમયે લહેરાતો હિન્દી ફિલ્મ ઉદ્યોગનો ધ્વજ અડધી કાઠીએ ફરકવા લાગ્યો હતો. એના માટે સાઉથના અને હોલિવૂડના હિન્દીમાં ડબ થયેલા ચિત્રપટ જવાબદાર હતા.

જોકે, હવે પરિસ્થિતિએ એવો વળાંક લીધો છે કે સાઉથમાં સાવચેતીનું વલણ અને હોલિવૂડમાં સહેજ અમથી કંપારી છૂટી ગઈ છે.

હોલિવૂડની ભારતીય ભાષા (હિન્દી, બંગાળી અને સાઉથની ચાર ભાષા)માં ડબ થતી ફિલ્મો માટે આપણા દર્શકોની આતુરતા અને કંઈક અંશે ઘેલછા જાણીતા છે. ‘માર્વેલ’, ‘ફાસ્ટ એન્ડ ફ્યુરિયસ’, ‘ટ્રાન્સફોર્મર્સ’ તેમજ જેમ્સ બોન્ડ ફ્રેન્ચાઈઝીની ફિલ્મો મેટ્રો શહેરોમાં પ્રદર્શિત થવાની હોય ત્યારે ડિસ્ટ્રીબ્યુટરો હિન્દી ફિલ્મો રિલીઝ કરવાનું ટાળતા. બોક્સ ઓફિસની ટક્કરમાં નુકસાન ખમવાનો વારો હિન્દી ફિલ્મને જ આવશે એવી માન્યતા બંધાઈ ગઈ હતી. સ્મોલ બજેટની જ નહીં, સ્ટાર કલાકાર સાથેની બિગ બજેટ ફિલ્મોની રિલીઝ માટે સાવધાની રાખવી પડતી હતી.

જોકે ઝમાના બદલ ગયા હૈ. હવે ટક્કરથી ચેતવાનો કે ડરવાનો વારો હોલિવૂડનો આવ્યો છે. ‘હેં! હોય નહીં! ’ એવી પ્રતિક્રિયા આવવી સ્વાભાવિક છે. જોકે, અશક્ય લાગતી વાત હવે શક્ય બની ગઈ છે.

રાયન ગોસલિંગ હોલિવૂડનો જાણીતો ચહેરો છે. પહેલા એક્ટર અને પછી ફિલ્મ નિર્માતા તરીકે એણે કાઠું કાઢ્યું છે. The Notebook, Half Nelson, La La Land ગોસલિંગની અભિનેતા તરીકે સફળ અને વખણાયેલી ફિલ્મો છે. છેલ્લા પંદરેક વર્ષથી તેણે ફિલ્મ નિર્માણમાં પણ ઝંપલાવ્યું છે. એક્ઝિક્યુટિવ પ્રોડ્યુસર તરીકે શરૂઆત કર્યા પછી Lost River ફિલ્મથી એ લેખક - દિગ્દર્શક પણ બની ગયો. ગોસલિંગની ફિલ્મની ઘોષણા થતાની સાથે એના માટેની આતુરતા ફિલ્મ રસિકોમાં વધી જતી હોય છે. એના પ્રોજેક્ટમાં કોઈ બદલાવ આવે તો એ વાત મીડિયામાં જરૂરથી ચર્ચાય. તાજેતરમાં એની ફિલ્મ ચર્ચાના કેન્દ્રમાં રહી છે અને એને હોલિવૂડ સાથે નહીં પણ હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી સાથે નિસ્બત છે. રાયન ગોસલિંગની સાયન્સ ફિકશન ફિલ્મ Project Hail Mary ૯ માર્ચ, ૨૦૨૬ના દિવસે યુએસમાં રજૂ થઈ. બે અઠવાડિયામાં આ ફિલ્મ નોંધપાત્ર વકરો કરવામાં સફળ રહી છે. ૨૦ માર્ચે ભારત સહિત વિશ્વભરમાં તેને પ્રદર્શિત કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જોકે, ભારતમાં અને વિશેષ તો મુંબઈ જેવા મેટ્રો શહેરના ડિસ્ટ્રીબ્યુટરોએ રણવીર સિંહની ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ માટે દર્શકોમાં રહેલી ગજબની આતુરતાની જાણકારી અને એની પ્રબળ અસર કલેક્શન પર થઈ શકે છે એવી ચેતવણી ગોસલિંગને જરૂર આપી હોવી જોઈએ. પરિણામે અમેરિકન ફિલ્મ ૨૦ને બદલે ૨૬ મેએ પ્રદર્શિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો ના, લેવો પડ્યો એમ કહેવું વધુ યોગ્ય કહેવાય. વાત દીવા જેવી સ્પષ્ટ છે કે હિન્દી ફિલ્મથી હોલિવૂડમાં કંપારી છૂટી ગઈ છે.

ફિલ્મના ડિરેક્ટર ફિલ લોર્ડએ રમૂજમાં કહ્યું પણ ખરું કે How dare you have your own successful film industry? (અરે, સફળ ફિલ્મ ઈન્ડસ્ટ્રી બનાવવાની તમારી હિંમત જ કેમ થઈ?!) આ વિધાન ભલે મજાકમાં કરવામાં આવ્યું હોય પણ એમાં આડકતરી રીતે આપણી ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ઉતારી પાડવાનો પ્રયાસ દેખાય છે. એટલે જ ભલે અઠવાડિયું તો અઠવાડિયું, હોલિવૂડને પીછેહઠ કરવી પડી એનો આપણને આનંદ થવો જોઈએ. ફિલ્મના બીજા દિગ્દર્શક ક્રિસ્ટોફર મિલરે વાતનો વિસ્તાર કરી કહ્યું છે કે છેલ્લાં કેટલાંક વર્ષોથી ભારતીય સિનેમાનું વર્ચસ વિશ્વમાં વધી રહ્યું છે. દર વર્ષે એમાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. ‘આરઆરઆર’ ફિલ્મથી અમેરિકામાં ભારતીય ફિલ્મોના વ્યાપ ખાસ્સો વધ્યો છે. યુએસમાં ‘આરઆરઆર’ની રિલીઝ અને એના ‘નાટુ નાટુ’ સોન્ગને મળેલો ઓસ્કર એવોર્ડ એની પાવતી છે.

આ વાત માત્ર એક ફિલ્મની ટક્કર ટાળવા પૂરતી સીમિત નથી એવું ડિરેક્ટર ફિલ લોર્ડનું માનવું છે. આ દલીલના સમર્થનમાં તે જણાવે છે કે ‘યુએસની ટોપ ટેન ફિલ્મોમાં કમસે કમ એક બોલિવૂડ ફિલ્મ હોય છે એ જાણીતી વાત છે. આ ફિલ્મો અમેરિકાના થિયેટર ગજાવે છે. દર્શકોની સંખ્યામાં દર વર્ષે વધારો થાય છે.’

ચાર વર્ષ પહેલા હિન્દીમાં ડબ થયેલી સાઉથની ફિલ્મોનો ગજબનો દબદબો હતો. એને ધૂઆંધાર સફળતા મળવા લાગી. હિન્દી ફિલ્મો નિયમિતપણે જોતા દર્શકોએ ‘આરઆરઆર’, ‘કેજીએફ ચેપ્ટર ૨’, ‘પુષ્પાઃ ધ રાઈઝ’ ફિલ્મોને વધાવી લીધી હતી. સાઉથની ફિલ્મોને થતા વકરાની સરખામણીએ હિન્દી ફિલ્મોને ૨૫ પૈસામાં સંતોષ માનવો પડતો હતો.

ચક્ર એકદમ ફરી ગયું છે. ગયા વર્ષે દેશ - પરદેશમાં ધૂમ મચાવનારની આદિત્ય ધર દિગ્દર્શિત ‘ધુરંધર’ને આંખો અંજાઈ જાય એવી મળેલી સફળતાને પગલે એની સિક્વલ ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ રિલીઝ કરવાની તારીખ (૧૯ મે ૨૦૨૬) જાહેર થતાની સાથે જ ‘કેજીએફ ચેપ્ટર ૧ - ૨’ના હીરો યશની કન્નડ અને અંગ્રેજી ભાષામાં તૈયાર થયેલી ગેંગસ્ટર ફિલ્મ ‘ટોક્સિક’ યશની લીડ એક્ટર તરીકે ૧૯મી ફિલ્મ હોવાથી એને ૧૯ મે ૨૦૨૬ના દિવસે થિયેટરમાં રજૂ કરવાનું નક્કી થયું હતું. જોકે, ‘ધુરંધર’ની ધૂઆધાર સફળતાથી ચોંકી જઈ એની સિક્વલ સાથેની ટક્કર ટાળવા હવે યશની એ ફિલ્મ ચોથી જૂનને દિવસે રિલીઝ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. અલબત્ત, સત્તાવાર કારણ એવું આપવામાં આવ્યું છે કે મધ્ય - પૂર્વના દેશોમાં યુદ્ધને કારણે ભયંકર અસ્થિરતા પ્રવર્તી રહી હોવાથી તેમજ એની સ્પેશ્યલ ઈફેક્ટ્સ બરાબર ન લાગવાને કારણે આ વિલંબનો નિર્ણય લેવામાં આવ્યો છે. જોકે, હકીકત એ છે કે ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ માટેના આકર્ષણ સામે ‘ટોક્સિક’ને ધારી સફળતા નહીં મળે એવી માન્યતા બની હોવાથી રિલીઝ ધકેલવામાં આવી છે.

દેશમાં વાહ વાહ પણ વિદેશના મીડિયા- ખાસ કરીને પાકિસ્તાન અને અખાતના અમુક દેશોમાં આકરી ટીકાનો સામનો કરી રહેલી ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ ભારતમાં કૂદકે ને ભૂસકે આગળ વધી રહી છે. પહેલા છ દિવસમાં ફિલ્મ ઘરઆંગણે ૫૭૫ કરોડનું કલેક્શન અને વિશ્વભરમાં ૭૫૦ કરોડના કલેક્શનને પાર કરી ગઈ છે...! ■

---

સ્ટાર-ચાર-કલાકાર
સંજય છેલ

## જેપી સર ઉર્ફે જય દીક્ષિતઃ ધારદાર સંવાદકાર વત્તા જલદ સાહિત્યકાર

*‘પઢાઈ સિરફ નોકરી કે લિયે નહીં, ઇન્સાન બનને કે લિયે હોતી હૈ!’*

*‘સદીયોં સે સાધુ મહાત્મા ઇન્સાન કો અચ્છીઅચ્છી બાતેં સમઝાતે રહે પર ઇન્સાન હંમેશાં જાનવર કા જાનવર હી રહા!*

*‘મુરદા-ઘર મેં લોગ મરતે નહીં જીતે-જી ખતમ હો જાતે હૈં.’*

૧૯૯૪માં બાંદ્રાની ફિલ્મી ઓફિસમાં બુઝાયેલ આંખે હતાશ પ્રૌઢ પુરુષે મને કહેલુંઃ

‘બેટા, ફિલ્મોં મેં રાઇટર ક્યું બનના હૈ? આજ હી મુઝે એક નિર્માતા નિર્દેશકને કહાઃ

‘તુમ્હારા ટેલેન્ટ તુમ્હારી તાકત નહીં હૈ પર તુમ્હારી ગરીબી મેરા પાવર હૈ! જો મિલે ઉસમેં કામ કરો!’

આ કડવી સચ્ચાઇ મને શીખવનારા હતાઃ જે.પી સર.

જે.પી. એટલે હિંદી સાહિત્યનાં તેજાબી લેખક ‘જગદંબાપ્રસાદ દીક્ષિત’ ઉર્ફે ‘જય દીક્ષિત’ નામે ફિલ્મ લેખક. જેમણે મહેશ ભટ્ટની અદ્‌ભુત ‘સર’ જેવી અનેક ફિલ્મો લખેલી. જેપી દીક્ષિત ફક્ત લેખક નહોતા. મુંબઈની ઝેવિયર્સ કોલેજમાં હિન્દીના પ્રોફેસર હતા. જેપીના વિદ્યાર્થીઓ એટલે નિર્દેશક વિજય આનંદ, મહેશ ભટ્ટ, અઝીઝ મિર્ઝા અને અભિનેતા ફારુક શેખ જેવા અનેક કલાકારો હતા. જેપીએ એમને ફક્ત હિંદી સાહિત્ય જ શીખવ્યું નહીં, પણ વિચારવાની દિશા આપી. પછી એ વિચારોનું ઊંડાણ એ લોકોની ફિલ્મોમાં ઝળક્યું. વરસો પછી નિર્દેશક મહેશ ભટ્ટે, જેપીને ફિલ્મો લખવાની તક આપી, જેમાંની એક અદ્‌ભુત ફિલ્મઃ ‘સર’. જેમાં શિક્ષક, ડોન ને વિદ્યાર્થિનીનો સંબંધ હતો, જે માત્ર પાઠ્યપુસ્તક સુધીનો નહીં પણ ડોન પિતા અને સ્ટુડંટ છોકરીના જીવન ઘડતરનો હતો. ‘નાજાયજ’ ફિલ્મમાં સંબંધોની આંટીઘૂંટી છે. એમાં એક સુંદર સંવાદ હતોઃ

‘નાજાયઝ રિશ્તે કભી છુપતે નહીં વો વક્ત આને પર ખુદ સામને આ જાતે હૈં.’

એ પછી તો ‘ક્રિમિનલ’, ‘ફિર તેરી કહાની યાદ આઈ’, ‘દીક્ષા’, ‘નારાઝ’, ‘કલયુગ’ (૨૦૦૫) જેવી ફિલ્મોમાં

પણ જેપીના લેખનની છાપ છે. બોલિવૂડમાં ભલભલાએ બાંધછોડ કરવી પડે છે, પણ જેપીએ અંદરની સચ્ચાઈને ક્યારેય છોડી નહીં. જેપીના સંવાદોમાં શબ્દોના સાથિયા નહોતા, પણ એક એવી ચોટ હતી, જે વરસો સુધી ગુંજે. જેમકે ‘સર’ ફિલ્મમાં પ્રોફેસર કહે છે :

‘વહાં શહરમેં ખૂન કી નદીયાં બહ રહી હૈ ઓર મૈં ક્લાસ મેં અચ્છી અચ્છી કિતાબેં પઢાઉં? માનવીય સભ્યતા કા ઇતિહાસ?’

જેપીની સૌથી મોટી તાકાત હતીઃ નિરીક્ષણ. જીવનને અને પાત્રોને ખૂબ નજીકથી જોતા, સમજતા.

‘સર’ ફિલ્મમાં પ્રોફેસર નસીર એક પાર્ટીમાં પોતાની ભૂતપૂર્વ પત્નીને મળવાની કોશિશ કરે છે. મિત્ર અટકાવે છે તો નસીર કહે છેઃ


‘મિલને દો યાર, એક ઝમાને મેં મેરી બીવી થી! અબ નહીં તો ક્યા? ઝિંદગી કોઇ બ્લેકબોર્ડ તો નહીં કિ ડસ્ટર ઘુમાયા ઔર સબ સાફ હો ગયા?’


આ ને કહેવાય એક કમર્શિયલ સિનેમામાં પણ એક પ્રોફેસરની ભાષા!


વ્યક્તિ તરીકે જેપી, શાંત ને અંતર્મુખ હતા. ફિલ્મી ચકાચૌંધથી દૂર રહેતા. નામ કરતા કામને મહત્ત્વ આપતા એટલે જ આજે તેમનું નામ ગાજતું નથી, પણ જેમણે જેપીને વાંચ્યા છે કે એમની ફિલ્મો જોઇ છે, એ લોકો ક્યારેય નહીં ભૂલી શકે. સાચુકલા ડ્રામામાં એ જેપી ખિલતા. ‘સર’ ફિલ્મમાં લોકલ ડોન-પરેશ રાવલ વેલજીભાઇ જ્યારે પ્રોફેસર નસીરને માથે બંદૂક મૂકીને મારવાની ધમકી આપે છે ત્યારે નસીર કહે છેઃ

‘ચલાઓ ગોલી, માર ડાલ બાહર રાસ્તે પર તાકિ તુમ્હારી બહાદુરી કી વાહવાહી હો ઓર મુઝે ઇસ શરીર સે મુક્તિ મિલે!’

એ પછી એ રાતે ડોન વેલજીભાઇને ઊંઘ નથી આવતી ને એ કહે છેઃ ‘પહલીબાર એસા આદમી દેખા જિસ કી આંખો મેં મૌત કા ડર નહીં જો મૌત સે નહીં ડરતા ઉસે હમ ક્યા ડરાયેંગે?’



જેપી સર

હિન્દી સાહિત્યમાં જેપીનું સ્થાન ખૂબ અનોખું. ‘મુરદા-ઘર’ જેવી નવલકથામાં મુંબઇની અંદર રોજ રિબાતામરતા અતિ ગરીબ માણસોની વેદના છે. મુંબઈની ચમક-ધમક પાછળ છુપાયેલું ગંદુ અને વરવું જીવન નજીકથી જોયું. ઝૂંપડપટ્ટી, ફૂટપાથ, ગંદકી અને ગરીબીમાં જીવતા લોકોને મળ્યા.

‘મુરદાઘર’માં ભિખારીઓ, નશેડી, લાચાર સ્ત્રીઓ, વેશ્યાઓ, દલાલો અને બીમાર બાળકોનું એક એવું વિશ્વ છે, જે બીજા કોઈની નજરે ચઢ્યું નથી એમાં અપવાદ રહ્યા જેપી સર..!

કાનમાંથી કીડા ખરી પડે એવી ગાળો, એવી હિંસા, અપરાધ ને શોષણ છે. વેશ્યા ને દલાલો વચ્ચેનાં સંવાદો એમણે છેક ૧૯૭૪માં બોલ્ડ ભાષામાં લખેલા. છતાં જેપી માનતા કે આવા અંધકારમાંય જીવન છે, ભાવનાઓ છે, સપનાઓ છે. લોકો ભગવાનને શોધવા તીર્થયાત્રા કરે છે, જેપી જેવા લેખકો માણસ અને એના જીવનને શોધવા નરકમાં ઊતરે છે!

જેપી માનતા કે ૧૯૪૭માં મળેલી આઝાદી અધૂરી લાગતી, કારણ કે સમાનતા અને ન્યાય પર આધારિત સમાજ હજુ બન્યો નહોતો. આઝાદી પછી પણ ખેડૂતો, મજૂરો, આદિવાસીઓ અને હાંસિયા પરના લોકોના જીવનમાં કે એમને મળતા ન્યાયમાં ઝાઝો ફર્ક આવ્યો નથી. એથી જ માર્ક્સવાદી વિચારધારાની એ નજીક ગયા. થોડો સમય નક્સલવાદી આંદોલન સાથે પણ જોડાયેલા અને ‘પીપલ્સ પાવર’ નામનું અંગ્રેજી સામયિક પણ કાઢેલું.

‘મુરદાઘર’ જેવી અજરાઅમર નવલકથા પછી પણ વિવેચકો ને સાહિત્યના પાવરફૂલ લોકો જેપીને સતત નકારતા રહ્યા. ‘કટા હુઆ આસમાન’ નોવેલમાં સપનાઓના તૂટવાના અવાજ છે. ‘અકાલ’માં ફક્ત અન્નનો અભાવ નથી, એમાં માણસની લાગણીઓની સૂકાવાની વાત છે. ‘ઇતિવૃત્ત’માં જીવનનો હિસાબ છે, પણ હિસાબની પૂરેપૂરી બેલેન્સ શીટ નથી.

પ્રખ્યાત હિંદી લેખિકા મધુ કાંકરિયા જેપીના અંતિમ દિવસો વિશે લખેલુંઃ

કદી વિચાર્યું નહોતું કે એમને છેલ્લીવાર મળી રહી છું. જેપી પથારી પર લાચાર પડેલા દર્દથી કંટાળેલા, બેચેન. આસપાસ છૂટીછવાઇ ગોળીઓ ને કેપ્સ્યુલો. થોડીવાર અમારા વચ્ચે માત્ર મૌન જ બોલતું રહ્યું. જેપી, જાતે બેસી પણ શકતા નહોતાં. આવી હાલતમાં આવતીકાલે બર્લિન કેવી રીતે જશે? એ વિચાર મને સતાવતો હતો. મેં પૂછ્યું પણ, પણ જેપી પોતાનું દુઃખ કહેવા માગતા જ નહોતાં. પછી એમની એક નર્સે બે-ત્રણ ગોળીઓ આપી. જેપીની અંદર એક અજાણી ઉદાસી હતી,

પછી જેપી ધીમેથી બોલ્યા :

‘આજકાલ મને મારી મા બહુ યાદ આવે છે. એ કેવી રીતે જીવી હશે, કેમ વિતાવી હશે એકલતાની એ જીવલેણ ઘડીઓ? આજે માની પીડા સમજાઈ રહી છે.’

મારી નજર પાસે પડેલ ધૂળ ભરેલ ફિલ્મફેર એવોર્ડ પર ગઇ હવે જેને કોઇ પૂછવાવાળું પણ નહોતું!


જીવનના અંતિમ સમયમાં સારવાર માટે જેપી યુરોપ ગયા. ત્યાંથી ૨૦૧૪માં મૃત્યુના સમાચાર આવ્યા. જેપી પાછળ અસંખ્ય યાદો ને એક અધૂરી નવલકથા છોડી ગયા. જે ક્યારેય પૂર્ણ નહીં થાય.

મિસ યુ ‘સર’ ફિલ્મના લેખક અને ખરેખરા ‘જેપી સરને!’ ■

શો-શરાબા
દિવ્યકાંત પંડ્યા

# ‘ધુરંધર’: સિક્વલ-સક્સેસ-સિક્રેટ...!

## ‘ધુરંધર’એ કેવી રીતે બદલી નાખ્યું સિનેમાનું ગણિત?





વર્ષ ૨૦૨૬ના સિને જગતની વાત નીકળે એટલે એક જ નામ અત્યારે ચારેબાજુ ગાજે છે, ‘ધુરંધર’... પહેલા ભાગની સફળતા પછી જ્યારે એના બીજા ભાગની જાહેરાત થઈ ત્યારે ઘણાને એમ હતું કે આ તો ખાલી જૂની કમાણી ખાઈ લેવાનો નુસખો હશે. સામાન્ય રીતે આપણી ફિલ્મ્સમાં એવું જ થતું હોય છે કે પહેલો ભાગ હિટ જાય એટલે બીજા ભાગમાં માત્ર બજેટ વધારી દેવામાં આવે, પણ વાર્તામાં દમ હોતો નથી, જેને આપણે સિક્વલ કર્સ કહીએ છીએ, પણ ‘ધુરંધર ૨’ એ આ માન્યતાના ચીરેચીરા કરી નાખ્યા છે. આ ફિલ્મે સાબિત કરી દીધું કે જો દાનત સાફ હોય અને પ્રેક્ષકોની સમજણ પર ભરોસો હોય તો એક સિક્વલ માત્ર ફિલ્મી પડદા સુધી મર્યાદિત નથી રહેતી, પણ લોકોના દિલમાં કાયમી જગ્યા બનાવી લે છે.

આ સિક્વલની સફળતાનું એક મોટું કારણ એ પણ છે કે વાર્તાને અધૂરી રાખીને પહેલેથી જ તેને બે ભાગમાં બનાવવાની યોજના હતી. જો સફળતાના આધારે સિક્વલ બનાવવાનો વિચાર મેકર્સને આવ્યો હોત તો કદાચ સિક્વલ એટલી સારી ન બની હોત! એ ઉપરાંત આ સફળતા પાછળનું સૌથી મોટું કારણ કે સિક્રેટ એ છે કે આ ફિલ્મે ‘માસ’ (સામાન્ય જનતા) અને ‘ક્લાસ’ (બુદ્ધિજીવી પ્રેક્ષકો) વચ્ચેની પેલી વર્ષો જૂની દીવાલ તોડી પાડી છે. અત્યાર સુધી એવું મનાતું કે જો મસાલા ફિલ્મ હોય તો એમાં લોજિક ન હોય, અને જો ફિલ્મ કલાત્મક હોય તો એ સામાન્ય માણસને કંટાળાજનક લાગે, પણ ‘ધુરંધર’ના બંને ભાગે આ વાત ખોટી પાડી છે. આ ફિલ્મમાં જો સીટીમાર સંવાદો છે તો સામે ગંભીર વિચારતા કરી મૂકે તેવાં દૃશ્યો પણ છે.

‘ધુરંધર’માં નાયકનો સંઘર્ષ, એજન્ટ તરીકેનું તેનું કામ અને દેશ માટેની લડાઈ આપણને બધાને સ્પર્શી હતી, પણ બીજા ભાગમાં દિગ્દર્શક આદિત્ય ધરે પ્રોમિસ કર્યા મુજબ પાત્રના પાસ્ટમાં એટલે કે તેના મનમાં ઊંડાણપૂર્વક ખેડાણ કર્યું અને તેને દર્શકો સમક્ષ મૂક્યું. એમણે માત્ર એક્શન દૃશ્યો મોટા કરવાને બદલે વાર્તાની ઊંડાઈ વધારી. અહીં નાયક માત્ર ગુંડાઓ સામે નથી લડતો, પણ એ પોતાની અંદર ચાલતા સંઘર્ષ સામે લડે છે. આ સિક્વલની ખાસિયત એ છે કે તે આપણને નવાઈ પમાડે છે, ક્યાંક ડરાવે છે અને છેલ્લે એક નવી આશા આપે છે. જ્યારે મૂવીનો હીરો પડદા પર એન્ટ્રી મારે ત્યારે થિયેટરમાં જે દેકારો થાય છે, એ જ ઓડિયન્સ જ્યારે ફિલ્મમાં કોઈ ઈમોશનલ સીન આવે ત્યારે એકદમ સ્તબ્ધ થઈને બેસી રહે છે... આ જ આ ફિલ્મની સાચી જીત છે.

બીજી મહત્ત્વની વાત એ છે કે આ ફિલ્મના અવાજમાં એક ફ્યુઝન છે દેશી અને મોડર્નનેસનું. એકદમ ગ્લોબલ કે સંપૂર્ણ દેશી બનવાની લ્હાયમાં ફિલ્મમેકર્સ ઘણીવાર વાર્તાની અસલિયત ભૂલી જતા હોય છે, પણ ‘ધુરંધર’ના સર્જકોએ બંને ફિલ્મમાં પોતાની જમીન પકડી રાખી છે. એમાં જે ભાષા વપરાઈ છે કે જે બેકડ્રોપ વાપર્યો છે તેમાં વાસ્તવિકતા સાથે એનું સાતત્ય જાળવી રાખ્યું છે.

આજે સોશ્યલ મીડિયા પર આ ફિલ્મના ડાયલોગ્સ હોય કે ગીતો, એ માત્ર ટ્રેન્ડ નથી પણ લોકોના જીવનનો હિસ્સો બની ગયા છે. ‘ધુરંધર ૨’ એ સાબિત કર્યું છે કે પ્રેક્ષકો હવે હોશિયાર થઈ ગયા છે. એમને ખાલી ધડબડાટી નથી જોઈતી. એમને એક એવી વાર્તા જોઈએ છે જે એમની સાથે સંવાદ કરી શકે. આ ફિલ્મ જોયા પછી જ્યારે પ્રેક્ષક થિયેટરની બહાર નીકળે છે ત્યારે એ માત્ર મનોરંજન લઈને નથી નીકળતો, પણ એક એવો અનુભવ લઈને નીકળે છે જે એને લાંબો સમય યાદ રહેશે. એટલે જ ચાર કલાકની લંબાઈ હોવા છતાં દર્શકો કમ્યુનિટી એક્સપિરિયન્સ માટે થિયેટર સુધી લાંબા થયા છે.


Dhurandhar 2: The Revenge—Bigger, Bolder, Unstoppable

આ ફ્રેન્ચાઇઝીની સફળતાનું એક મનોવૈજ્ઞાનિક પાસું એની કેરેક્ટર આર્ક છે. સામાન્ય રીતે સિક્વલમાં હીરો માત્ર વધુ શક્તિશાળી બને છે, પણ ‘ધુરંધર ૨’માં હીરો વધુ સંવેદનશીલ અને માનવીય બન્યો છે. આદિત્ય ધરે અહીં ‘લો ઓફ ડિમિનિશિંગ રિટર્ન્સ’ને માત આપી છે એટલે કે સામાન્ય રીતે બીજી વાર એ જ વસ્તુ જોવાથી જે રસ ઓછો થઈ જાય, તેને બદલે અહીં ઉત્સુકતા વધી છે. આનું કારણ એ છે કે વાર્તામાં માત્ર બાહ્ય દુશ્મનો નથી, પણ નાયકની પોતાની નૈતિકતા સાથેનો સંઘર્ષ છે. જ્યારે કોઈ માસ ફિલ્મમાં ક્લાસ લેવલનું મનોમંથન ઉમેરવામાં આવે ત્યારે તે પ્રેક્ષકોના સબ-કોન્શિયસ માઈન્ડને સ્પર્શે છે.

જે રીતે આ ફિલ્મે ગ્રામીણ અને શહેરી પ્રેક્ષકોને એક જ પ્લેટફોર્મ પર લાવી દીધા છે તે દર્શાવે છે કે માસ અને ક્લાસ વચ્ચેનો ભેદ વાસ્તવમાં પ્રેક્ષકોમાં નથી, પણ સર્જકોની માનસિકતામાં હતો. ‘ધુરંધર’એ સાબિત કર્યું છે કે જો સિનેમામાં ‘રૂટેડનેસ’ અને ‘ગ્લોબલ સ્ટાન્ડર્ડ’નું સંતુલન હોય, આ વિઝ્યુઅલ મીડિયામાં નવીન ટ્રીટમેન્ટ આપવાની શક્તિ હોય તો તે સફળ બની શકે છે.

ટૂંકમાં કહીએ તો, ‘ધુરંધર’ની આ સફર એ વાતની સાક્ષી છે કે જો એક મેકર તરીકે સિનેમામાં ફિલ્મમેકિંગની દ્રષ્ટિએ નાવીન્ય લાવો તો મનોરંજન દેવની કૃપા તમારા પર જરૂર વરસે અને આખું જગત તમારા માટે તાળીઓ પાડવા તૈયાર બેઠું હોય છે! ■

**લાસ્ટ શોટ**

*મને ‘ધુરંધર’ ખૂબ ગમી હતી, પરંતુ ‘ધુરંધરઃ ધ રિવેન્જ’ સ્કેલ અને સોલ બંનેમાં મૂળ ફિલ્મને પણ પાછળ મૂકી ગઈ.* *-એસ. એસ. રાજામૌલી*

ક્વિક ફિલ્મી ક્વિઝ
નીલા સુનીલ મહેતા

**ક્વિઝ (૧૫૯)**

**આ ફિલ્મોમાં કયા સ્ટેન્ડ અપ કોમેડિયને અભિનય કર્યો છે?**



૧) રેડી
૨) મેરે હસબન્ડ કી બીવી
૩) ફિરંગી
૪) હેપ્પી ન્યૂ યર
૫) ફિર હેરા ફેરી
૬) મસાન
૭) તું ઝૂઠી મૈં મક્કાર

**ક્વિઝ (૧૬૦)**

**આ ગીતો કઈ ફિલ્મના છે ?**

૧) હવા મેં ઉડતા જાયે મોરા લાલ દુપટ્ટા મલમલ કા જી
૨) હવા ચલે કૈસે ના તું જાને ના મૈં જાનુ જાને વો હી જાને
૩) હવા કે સાથ સાથ ઘટા કે સંગ સંગ ઓ સાથી ચલ
૪) હવાઓ પે લિખદો હવાઓ કે નામ હમ અંજાન
૫) હવા મેં ક્યાં હૈં ખૂશ્બુ હૈં લેહર મેં ક્યાં હૈં સરગમ હૈં
૬) હવા હવા એય હવા ખૂશ્બૂ લુટા દેં કહા ખુલી ઝુલ્ફ બતા દેં
૭) હવા હવાઇ, બિજલી ગિરાને મૈં હું આચી કેહતે મુજકો...

જવાબ માટે જુઓ ‘ફન વર્લ્ડ’

મનોરંજનનું મેઘધનુષ
ઉમેશ ત્રિવેદી

## દરેક પ્રકારની ભૂમિકામાં છવાઈ જતી ઉત્કૃષ્ટ અભિનેત્રી

# યામી ગૌતમ ધર



‘ધુરંધર-ટૂ’ ફિલ્મ ગુરુવાર ૧૯ માર્ચે રજૂ થઈ અને રવિવાર, ૨૨ માર્ચ સુધીમાં આ ફિલ્મે માત્ર ચાર દિવસમાં ‘પેઈડ પ્રિવ્યૂ’ સહિત રૂપિયા ૪૫૦ કરોડથી વધારે કમાણી કરીને હિન્દી ફિલ્મ માટે એક અનન્ય વિક્રમ સર્જ્યો છે. ફિલ્મમાં દિગ્દર્શક આદિત્ય ધરની ખૂબ જ પ્રતિભાશાળી પત્ની યામી ગૌતમ માત્ર એક જ દૃશ્યમાં મહેમાન કલાકાર તરીકે દેખાઈ છે.

યામી ગૌતમે અભિનય કારકિર્દીની શરૂઆત ટેલિવિઝનથી કરી છે અને અત્યારે તેની ગણના પ્રતિભાશાળી અભિનેત્રી તરીકે થાય છે. ૨૮ નવેમ્બર ૧૯૮૮ના હિમાચલ પ્રદેશના વિલાસપુર જિલ્લામાં હિન્દુ બ્રાહ્મણ કુટુંબમાં જન્મેલી યામીના પિતા મુકેશ ગૌતમ એ પંજાબી ફિલ્મોના જાણીતા દિગ્દર્શક છે.

યામીની નાની બહેન સુરીલીએ પંજાબી ફિલ્મ ‘પાવર કટ’થી અભિનેત્રી તરીકે શરૂઆત કરી છે અને યામીનો નાનો ભાઈ ઔજસ પોતાના બનેવી આદિત્ય ધર સાથે સહાયક દિગ્દર્શક અને એડિટર તરીકે કામ કરી રહ્યો છે. યામીને આઈએએસ અધિકારી બનવું હતું, પણ માત્ર ૨૦ વર્ષની ઉંમરે તેણે અભિનયમાં ઝંપલાવવાનું નક્કી કર્યું પછી ૨૦૦૮માં મુંબઈ આવીને યામીએ પહેલી સિરિયલ ‘ચાંદ કે પાર ચલો’ કરી. તેમાં એક અભિનેત્રી તરીકે તેની નોંધ લેવામાં આવી. ૨૦૦૮માં ‘રાજકુમાર આર્યન’ નામની સિરિયલ તેને મળી, જેમાં તેણે રાજકુમારી ભૈરવીની ભૂમિકા કરી. અહીં અભિનય ઉપરાંત તેની સુંદરતાના પણ વખાણ થયા. ત્યાર પછી ૨૦૦૯ - ૨૦૧૦ સુધી ‘કલર્સ’ પર આવનારી સિરિયલ ‘યે પ્યાર ના હોગા કમ’માં તેને લોકપ્રિયતા મળી.

૨૦૧૦માં તેણે લોકપ્રિય સિરિયલ ‘સીઆઈડીના કેટલાક એપિસોડ કર્યા અને પછી ‘મીઠી છૂરી નંબર-વન’ અને ‘કિચન ચેમ્પિયન’ જેવાં રિયાલિટી શોમાં પણ તે દેખાઈ.

૨૦૧૦નું વર્ષ યામી માટે ખૂબ જ મહત્ત્વનું સાબિત થયું. ૨૦૧૦માં તેની પહેલી કન્નડ ફિલ્મ રજૂ થઈ. આમ ટી.વી.ના ટચૂકડા પડદા પરથી તે રૂપેરી પડદે આવી ગઈ અને શરૂઆત સાઉથની ફિલ્મથી કર્યા પછી તેણે પંજાબી, તમિળ, તેલુગુ ફિલ્મોમાં અભિનય કર્યો.

૨૦૧૨માં આયુષમાન ખુરાના સાથેની ફિલ્મ ‘વિકી ડોનર’ આવી. આ ફિલ્મે બોક્સ ઓફિસ ગજાવતા યામીને પણ ફાયદો થયો અને હિન્દી ફિલ્મોમાં તેની સારી શરૂઆત થઈ. ‘વિકી ડોનર’ માટે યામીને નવોદિત અભિનેત્રી તરીકેના અનેક એવોર્ડ્સ પણ મળ્યા. ‘વિકી ડોનર’ પછી યામીની ‘ટોટલ સિયપ્પા’, ‘એક્શન જેક્શન’ જેવી ફિલ્મો રિલીઝ થઈ, પણ ૨૦૧૫માં આવેલી ‘બદલાપુર’ ફિલ્મે તેને ઉત્કૃષ્ટ અભિનેત્રી તરીકે સ્થાપિત કરી દીધી.

એક બાજુ સાઉથની તમિળ, તેલુગુ ફિલ્મો અને બીજી બાજુ બોલિવૂડની હિન્દી ફિલ્મો કરતાં - કરતાં યામી આગળ વધતી ગઈ. ૨૦૧૬માં ‘સનમ રે’, ‘જુનુનિયત’, ૨૦૧૭માં ‘કાબિલ’ અને ‘સરકાર-થ્રી’, ૨૦૧૮માં ‘બત્તી ગુલ મીટર ચાલુ’ જેવી ફિલ્મો આવી. તેમાંથી હૃતિક સાથેની ‘કાબિલ’માં તેની ખૂબ ભૂમિકા વખણાઈ.

૨૦૧૯માં આદિત્ય ધરની પહેલી ફિલ્મ ‘ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક’ આવી. આ ફિલ્મમાં વિકી કૌશલ અને યામીની મુખ્ય ભૂમિકા હતી. ફિલ્મમાં વિકી સાથે તેના ઓછાં પ્રણય દૃશ્યો હતા, પણ પડદા પાછળ એટલે કે ફિલ્મના શૂટિંગ દરમિયાન યામી અને આદિત્ય ધર વચ્ચે પ્રેમ પાંગર્યો અને ૨૦૨૧માં તો બન્ને પરણી પણ ગયા. ‘ઉરીઃ ધ સર્જિકલ સ્ટ્રાઈક’ ફિલ્મની સફળતાએ યામીને બોલિવૂડમાં ટોચની અભિનેત્રી બનાવી અને આદિત્ય ધર પહેલી જ ફિલ્મથી બોલિવૂડમાં છવાઈ ગયો.

લગ્ન પછી પણ યામી ગૌતમે પોતાની અભિનય કારકિર્દીને આગળ ધપાવી. ૨૦૧૯માં તે ‘બાલા’, ૨૦૨૦માં ‘ગિની વેડ્સ સન્ની’, ૨૦૨૧માં ‘ભૂત પોલીસ’, ૨૦૨૨માં ‘અ થર્સડે’, ‘દસવી’, ૨૦૨૩માં ‘ચોર નીકલ કે ભાગા’, ‘ઓહ માય ગોડ-ટુ’, ૨૦૨૪માં ‘આર્ટિકલ ૩૭૦’, ૨૦૨૫માં આપણા ગુજરાતી અભિનેતા પ્રતીક ગાંધી સાથે ‘ધૂમધામ’ આવી. ત્યાર બાદ ‘હક’ જેવી ફિલ્મોમાં તેણે વિવિધ પ્રકારની ભૂમિકાઓ કરી. આમાંથી ‘આર્ટિકલ-૩૭૦’ અને ‘ઓહ માય ગોડ’ તેમજ ‘હક’ જેવી ફિલ્મોમાં તેનાં અભિનયના ખૂબ જ વખાણ થયા.

‘આર્ટિકલ ૩૭૦’માં તો તેણે પહેલી જ વાર એકશન દૃશ્યો પર હાથ અજમાવ્યો હતો. (એ વખતે યામી સગર્ભા હતી!) ‘હક’માં તેણે અભિનયની અમીટ છાપ છોડી છે. તો લો બજેટની કહેવાય એવી અને ઓટીટી પર રિલીઝ થયેલી તેની ‘ધૂમધામ’ અને ‘ચોર નીકલ કે ભાગા’માં પણ તેનાં અભિનયના ખૂબ જ વખાણ થયા.

આદિત્ય ધર સાથે ૨૦૨૧નાં જૂન મહિનામાં પરણેલી યામી ગૌતમે ૧૦ મે - ૨૦૨૪ના પ્રથમ પુત્ર ‘વેદાવિદ’ને જન્મ આપ્યો. યામી ગૌતમે આયુષમાન ખુરાના, પ્રતીક ગાંધી, વિક્રાંત મેસી, વિકી કૌશલ જેવાં કલાકારો ઉપરાંત અમિતાભ બચ્ચન, જેકી શ્રોફ, મનોજ બાજપેયી, શાહિદ કપૂર, શ્રદ્ધા કપૂર, હૃતિક રોશન, વરુણ ધવન, નવાઝુદ્દીન સિદ્દીકી, અજય દેવગણ, સોનાક્ષી સિંહા જેવાં કલાકારો સાથે કામ કર્યું છે. ફિલ્મ નાની હોય કે મોટી બધી જ ફિલ્મોમાં યામીનું કામ વખણાયું છે.

આદિત્ય ધરને પરણ્યા પછી તેની ‘ધુરંધર’માં યામી દેખાઈ નહોતી. બોક્સ ઓફિસ પર અનેક વિક્રમ સર્જનારી ‘ધૂરંધર’માં તેને લાયક કોઈ ભૂમિકા નહોતી એટલે તે દેખાઈ નહીં. પણ ‘ધુરંધર-ટુ’માં માત્ર એક દૃશ્ય પૂરતી તે દેખાય છે અને યામી આદિત્ય ધર માટે ‘લકી મેસ્કોટ’ સાબિત થઈ છે. ‘ધુરંધર’ કરતાં પણ ‘ધુરંધર-ટુ’ બોક્સ - ઓફિસ પર અવનવા વિક્રમો સર્જી રહી અને અત્યારે આ ગુરુવારે (૨૬ માર્ચ) આ લખાઈ રહ્યું છે ત્યાં સુધીમાં આ ફિલ્મે વર્લ્ડ વાઈડ ગ્રોસ કલેકશન રૂપિયા ૯૧૯ કરોડથી વધુ કમાણીનો રેકોર્ડ સર્જી દીધો છે... ! ■

**OTTનું હોટસ્પોટ**

## ૨૮ માર્ચથી ત્રણ એપ્રિલ સુધી શું શું જોવા મળશે

## આજથી શરૂ થશે આઈપીએલનો જંગ

આઈપીએલની નવી સિઝનની શરૂઆત શનિવાર, ૨૮ માર્ચથી થઈ રહી છે. ક્રિકેટના આ સૌથી મોટા કાર્નિવલની મેચ ઓટીટી પ્લેટફોર્મ ‘જિયો હોટસ્ટાર’ અને ‘સોની લીવ’ પર જોઈ શકાશે. શનિ/રવિ તો જલસો જ જલસો રહેશે, કેમ કે એ બે દિવસ બે-બે મેચ જોવા મળશે.

આ સિવાય ઓટીટી પર આજે શુક્રવારે ઘણી નવી ફિલ્મ અને સિરીઝનું પ્રસારણ શરૂ થશે. એમાં સૌથી મહત્ત્વની ફિલ્મ ‘મર્દાની થ્રી’ અને ‘ઓ રોમિયો’ છે.

* **નેટફ્લિક્સઃ** આ ઓટીટી ચેનલ પર આજે રાણી મુખર્જી, જાનકી બોડીવાલા, મલ્લિકા પ્રસાદ અને જિશુ સેનગુપ્તા અભિનિત ‘મર્દાની-થ્રી’ જોવા મળશે. આ ઉપરાંત કોમેડી ફિલ્મ ‘સ્પેનીશ’ અને મિલિટરી સર્વિસ પરની ડોક્યુમેન્ટરી ‘બીટીએસ ધ રિટર્ન’ જોવા મળશે.

* **એમેઝોન પ્રાઈમઃ** આ ચેનલ પર આજે વિશાલ ભારદ્વાજ દિગ્દર્શિત ફિલ્મ ‘ઓ રોમિયો’ જોઈ શકાશે. જેનાં મુખ્ય કલાકારો શાહિદ કપૂર, તૃપ્તિ ડીમરી, નાના પાટેકર, તમન્ના ભાટિયા, દીશા પટણી, વિક્રાંત મેસ્સી અને ફરીદા જલાલ છે.

* **જિયો હોટસ્ટારઃ** વિજય સેતુપતિ, મિલિન્દ સોમણ અભિનિત થ્રીલર ડ્રામા ‘કટ્ટાન’ આજથી ઓટીટી ચેનલ પર પ્રસારિત થશે.

* **એમએક્સ પ્લેયરઃ** આ ઓટીટી ચેનલ પર અત્યારે નાના પાટેકર અભિનિત ‘સંકલ્પ’, શાહિદ કપૂર, ક્રીતી સેનન, જહાન્વી કપૂર, ધર્મેન્દ્ર, ડિમ્પલ કાપડિયા અભિનીત ફિલ્મ ‘તેરી બાતો મેં ઐસા ઉલઝા ઝિયા’ અને તનિષ્કા ચેટરજી, સાઈ તામ્હણકર, સીમા બિશ્વાસ, સૌરભ શુકલા, વિનીતકુમાર અને રણવીર શૌરીની ‘બિંદિયા કે બાહુબલી’ ધૂમ મચાવી રહી છે. ■

ફિલ્મનામા
નરેશ શાહ

# દેખતે રહોગે ભૈયા, સાયકો સૈયાં...




**ફિલ્મ** કે વેબસિરીઝના ટાઈટલ ક્યારેક થાપ ખવડાવી દેતાં હોય છે, પણ ક્યારેક નામ પરથી ફિલ્મ કે વેબસિરીઝને મૂલવવામાં આપણે થાપ ખાઈ જઈએ એવું પણ બનતું હોય છે.

‘એમેઝોન - મેક્સ પ્લેયર’ પર ગયા મહિને જ સ્ટ્રીમ થયેલી ‘સાયકો સૈયાં’ એવી વેબસિરીઝ છે કે નામ પરથી એ જોવા બેસો અને સિરીઝ પૂરી કરો ત્યારે મહેસૂસ થાય કે - ‘સાયકો સૈયાં’ નામને આપણે અંડર એસ્ટિમેટ કર્યું હતું.

ઉજજૈનમાં રહેતા કોલેજિયન યુવક કાર્તિક પાંડેની મુલાકાત અચાનક ઉજજૈન આવેલી ચારૂ સાથે થાય છે. કાર્તિક પ્રથમ નજરે ચારૂના પ્રેમમાં પડી જાય છે. આપણને લાગવા માંડે છે કે વેબસિરીઝનો હીરો કાર્તિક પાંડે જ આપણો ‘સાયકો સૈયાં’ છે અને કાર્તિકનાં પરાક્રમ પણ એવા જ છે. શાંત-શરમાળ લાગતા કાર્તિકનાં મિજાજનો બાટલો ગમે ત્યારે ફાટતો રહે છે.

માતા અંતિમ શ્વાસ ઉજજૈનમાં લઈને મોક્ષ મેળવવા માગે છે એટલે તેને લઈને, ત્રણ બોડીગાર્ડ સાથે આવેલી ચારૂ પણ બે- ચાર દિવસમાં તેના પ્રત્યે ખેંચાણ અનુભવે છે, પણ અચાનક એક દિવસ ચારૂને પરાણે ઉજજૈનથી પાછી લઈ જવામાં આવે છે.

ચારૂની યાદમાં ઉદાસ કાર્તિકને એક દિવસ વીડિયો મેસેજ મળે છે, જેમાં ચારૂ જાણ કર્યા વગર ચાલ્યા જવા માટે માફી માગીને (પોતાને)ભૂલી જવાનું કહે છે, પણ... વીડિયો કોલ અને ફોન નંબર પરથી ભાળ મેળવીને કાર્તિક ચારૂને મળવા મધ્ય પ્રદેશના કટરી પહોંચી જાય છે. હવે તેને ખબર પડે છે કે ચારૂના તો મહાબલી-રાજકારણી હન્ટ્રી ચૌહાણ સાથે લગ્ન થવાના છે. પ્રથમ પત્ની સાથે છૂટાછેડાનો કેસ કોર્ટમાં લડી રહેલો હન્ટ્રી ચૌહાણ ચારૂ પર ફિદા છે અને કોઈને ભડાકે દેતાં પહેલાં વિચાર કરતો નથી. હા, હન્ટ્રી ચૌહાણ એક જમાનામાં અભિનેતા પણ હતો.

કાર્તિક પાંડે પછી કહાણીમાં પ્રવેશતાં હન્ટ્રી ચૌહાણનું પાત્રાલેખન જોઈને આપણે ધારણામાં સુધારો કરીએ છીએ કે હન્ટ્રી ચૌહાણ આ વેબસિરીઝનો બીજો ‘સાયકો સૈયાં’ છે. અનેક ટીવી સિરિયલો લખનારાં અમિતાભ સિંહની સ્ટોરી અને સ્ક્રીનપ્લેમાં અનેક ખામી છે, પરંતુ એ ખામીઓને નજરઅંદાઝ કરીને કહીએ તો ‘સાયકો સૈયાં’માં મોટાભાગના કેરેક્ટર ‘સાયકો’ જેવા જ દેખાડ્યાં છે. સિરીઝના મહિલા કિરદારને પણ આ વાત લાગુ પડે છે અને આ કારણે અનેક નબળાઈઓ છતાં ‘સાયકો સૈયાં’ તમારે પૂરી કરવી પડે તેવી દિલચસ્પ બની છે. હન્ટ્રી ચૌહાણ તરીકે રવિ કિશન આ સિરીઝની મોટી તાકાત છે તો ડિરેક્ટર અજય ભુયાને (થોડે દૂર, થોડે પાસ, છળકપટ, મત્સ્યકાંડ) લીધેલી એક્ટર-પેરમાં તેજસ્વી પ્રકાશ તમને હેમામાલિનીની યાદ અપાવતી રહે છે તો અનુપ સિંહ ધાકામાં તમને સુશાંતસિંહ રાજપૂતની ઝલક મળ્યાં કરે છે. અનુપે તો સુશાંતસિંહ રાજપૂતની ‘છિછોરે’ ફિલ્મમાં કામ પણ કર્યું છે, જ્યારે છેલ્લાં એપિસોડમાં સુરભિ ચંદાના સિરીઝના નવા અને આખરી વળાંકમાં ચમકાવે જરૂર છે.

‘સાયકો સૈયાં’ વેબસિરીઝ એ દૃષ્ટિએ ‘ટાઈમપાસ’ છે, પણ તેના નબળા પાસાં પર નજર નાખવા જેવી છે. તેના ડાયલોગ વિનોદ બિકાએ લખ્યાં છે અને તેમાં ભરપૂર બીભત્સતા છે. અમુક સિચ્યુએશનની જેમ અમુક સંવાદો પણ ગળે ઊતરતાં નથી. દાખલા તરીકે, હન્ટ્રી ચૌહાણના જ પેલેસનુમા -બંગલામાં જે રીતે કાર્તિક-ચારૂ મળતાં રહે છે એ ગળે ઊતરતું નથી. પોતાનો છૂપો પ્રેમ કોઈ જોઈ જાણી જશે, તેની તેમને રતિભાર પણ પરવાહ ન હોય એ વિચિત્ર લાગે છે. કાર્તિક ખૂન કરવાનું મુલતવી રાખે છે યા ટાળે છે ત્યારે જ ચારૂ આવીને ગુસ્સો કરે, એ પણ સુસંગત લાગતું નથી. એ જ રીતે બધા આરોપ કાર્તિક પાંડે પર આવી જવાથી તેને જેલ થાય છે એ પછી જેલ તોડવાના તેના પ્રયાસો હાસ્યાસ્પદ લાગે છે. કહાણીના વળવળાંક પૂરતો કાર્તિકનો જેલવાસ દેખાડવો પડ્યો છે એ પણ સમજી શકાય તેવું છે કારણ કે એ દરમિયાન ચારૂ ફરી એકવાર ગુમ થઈ જાય છે. તેની શોધમાં ભટકતાં હીરો સમક્ષ ભેદ ખૂલે છે ત્યારે આપણને હિન્દી ફિલ્મ ‘યે વાદા રહા’નું સ્મરણ થઈ આવે છે...

એ રીતે વાર્તા, પાત્રો, પાત્રોનો અભિગમ, તેના ઉતારચઢાવ રસપ્રદ હોવા છતાં તેની રજૂઆત રાઈટર - ડિરેક્ટર અને ડાયલોગ રાઈટરની કચાશ ‘સાયકો સૈયાં’નો માઈનસ પોઈન્ટ છે. આમ છતાં એ ય ખરું કે સિરીઝ પૂરી થશે ત્યારે સમય બગાડયાનો અફસોસ તમને નહીં થાય, અમારી જેમ... ■

ફ્લેશ બેક

હેન્રી શાસ્ત્રી


# પહેલી કવ્વાલીમાં મહિલારાજ

## ૮૦ વર્ષ પહેલાની હિન્દી ફિલ્મમાં પહેલી વાર રજૂ થયેલી 'આહેં ન ભરી શિકવે ન કિએ'ના ગાયકો - કલાકારોમાં નારીગણનો પ્રભાવ હતો...


હિન્દી ફિલ્મ રસિકોમાં કવ્વાલીના ઉલ્લેખ સાથે સૌપ્રથમ સ્મરણ થાય 'તેરી મેહફિલ મેં કિસ્મત આઝમાકર હમ ભી દેખેંગે' (મુઘલ - એ - આઝમ) અને સાથે સાથે યાદ આવી જાય 'ના તો કારવાં કી તલાશ હૈ' (બરસાત કી રાત) અને 'આજ ક્યોં હમસે પર્દા હૈ' (સાધના) તો કેમ ભુલાય? અને હા, સિત્તેરના દાયકાની બે લોકપ્રિય કવ્વાલી 'પર્દા હૈ પર્દા હૈ' (અમર અકબર એન્થની) તેમજ 'હમ કિસી સે કમ નહીં' પણ ગણાઈ જ જાય. હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીના સુવર્ણ દોરમાં (૧૯૫૦ - ૬૦માં) યાદગાર કવ્વાલીઓ રચાઈ એ ખરું, પણ એમાં સર્વપ્રથમ યાદગાર એવી કવ્વાલીનો ખિતાબ 'ઝીનત' (૧૯૪૫) ફિલ્મની 'આહેં ન ભરી શિકવે ન કિએ'ને જાય છે. પ્રથમ કવ્વાલીના લેબલ ઉપરાંત આ કવ્વાલીની એક ખાસિયત એ પણ છે કે એમાં મહિલારાજ ઊડીને આંખે વળગે છે.

સ્વાતંત્ર્યપૂર્વ ભારતીય ચિત્રપટ 'ઝીનત' મુસ્લિમ સોશ્યલ ડ્રામા હતી જેનું દિગ્દર્શન દિલીપ કુમારની પ્રથમ હિટ ફિલ્મ 'જુગનુ' આપનારા શૌકત હુસેન રિઝવીએ કર્યું હતું. ૧૯૪૫ની સૌથી સફળ ફિલ્મની કવ્વાલી ખાસ્સી લોકપ્રિય થઈ હતી. એની પહેલી વિશેષતા એ છે કે એ ત્રણ સિંગરે ગાઈ છે અને એ ત્રણેય મહિલા ગાયિકા છે. ત્રણ ગાયિકા છે જોહરાબાઈ અંબાલેવાલી, નૂરજહાં અને કલ્યાણી. જોહરાબાઈ અંબાલેવાલી એ સમયનાં ટોચનાં ગાયિકા હતાં. નૌશાદજીએ સ્વરબદ્ધ કરેલા 'રતન' ફિલ્મનાં તેમના ગીત (સાવન કે બાદલો - સુપરહિટ) લોકોએ ખૂબ માણ્યા હતા. લતા દીદીનું સામ્રાજ્ય સ્થપાયા પહેલા નૂરજહાં હિન્દી ચિત્રપટ સૃષ્ટિમાં દબદબો ધરાવતાં હતાં. ત્રીજી ગાયિકા કલ્યાણી ઓછું જાણીતું નામ હતું. જોકે, કલકત્તાની ન્યૂ થિયેટર્સ ફિલ્મ કંપની માટે તેમણે ગીતો ગાયા હતાં. ત્રણ મહિલા સિંગરે કવ્વાલી ગાઈ હોય એવું બીજું ઉદાહરણ ચિત્રપટ સૃષ્ટિમાં મળવું મુશ્કેલ છે.

હવે વાત કરીએ કવ્વાલીના પિક્ચરાઈઝેશનમાં નજરે પડતી સ્ત્રી કલાકારની. શૌકત હુસેન રિઝવી આ કવ્વાલીનું શૂટિંગ ઠાઠથી કરવા માગતા હતા. એ માટે તેમને કેટલાક બાળ કલાકારની જરૂર હતી. ખુર્શીદ અખ્તર (જે પછી શ્યામા તરીકે પ્રખ્યાત થઈ)ના પરિવાર સાથે રિઝવીને પરિચય હતો. ૧૦ વર્ષની ખુર્શીદની પસંદગી કવ્વાલીના બાળ કલાકાર તરીકે કરવામાં આવી. આ ફિલ્મથી તેનો ચહેરો ચિત્રપટ સૃષ્ટિમાં જાણીતો બન્યો અને સહ કલાકાર તરીકે તેને સારી ખ્યાતિ મળી. હેલન પહેલા ડાન્સર તરીકે ખ્યાતિ મેળવનારી કક્કુ ૧૯૪૮ની 'અંદાઝ' પછી ટોચની કલાકાર બની ગઈ હતી. 'ઝીનત'ની બાળ કલાકારોની યાદીમાં કક્કુનું નામ પણ હતું. હીરોઈન તરીકે જામવાની કોશિશમાં નિષ્ફળતા મળ્યા પછી સાઈડ એક્ટ્રેસ તરીકે ખાસ્સી લોકપ્રિયતા મેળવનારી શશિકલાએ પણ આ કવ્વાલીથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એન્ટ્રી કરી હતી. અત્યંત નબળી આર્થિક અવસ્થાને કારણે કામ મેળવવા સ્ટુડિયોમાં આંટાફેરા કરતી આઠ વર્ષની શશીકલા પર નૂરજહાંનું ધ્યાન પડ્યું અને તેમની ભલામણને કારણે શશીકલાને 'ઝીનત'ની કવ્વાલીના બાળ કલાકારોમાં સ્થાન મળ્યું. ત્યારબાદ તેને સતત કામ મળતું ગયું અને કારકિર્દી બની ગઈ. આમ પહેલી કવ્વાલીમાં સ્ત્રીધનનો પ્રભાવ હતો.




## દિગ્દર્શક ટ્રિપલ રોલમાં




હિન્દી ચિત્રપટના ઈતિહાસમાં ડબલ રોલ હોય એવા અનેક ઉદાહરણો છે. સંજીવ કુમારની ફિલ્મ 'નયા દિન નયી રાત'ના ઉદાહરણને બાદ કરીએ તો એક્ટરે ટ્રિપલ રોલ કર્યા હોય એવા જૂજ દાખલા છે. અભિનય સમ્રાટ દિલીપ કુમારની 'બૈરાગ' કે પછી અમિતાભ બચ્ચનની 'મહાન'નું એના યાદગાર ઉદાહરણ છે. સંજીવ કુમારના 'નયા દિન નયી રાત'માં નવ રોલ હતા. આશ્ચર્યજનક વાત એ છે કે દિગ્દર્શકનો ટ્રિપલ રોલ હોય એવા એક ઉદાહરણની જાણકારી પુરાવા સાથે ઉપલબ્ધ છે. એથી વધુ હેરત થાય એવી વાત એ છે કે દિગ્દર્શકની જોડીએ ચાર અલગ અલગ ફિલ્મ દિગ્દર્શિત કરી હોય એવું પણ બન્યું છે. વી. જી. દામલે અને શેખ ફતેલાલ એ બે દિગ્દર્શક સાથે મળી ચાર ફિલ્મ ડિરેક્ટ કરી હોવાની સત્તાવાર નોંધ છે. અલબત્ત, આ મરાઠી ફિલ્મો છે, પણ વાત વિશેષ છે એટલે નોંધ લેવી જ જોઈએ. દામલે - ફતેલાલ દિગ્દર્શિત ત્રણ ફિલ્મ છે 'ગોપાલ કૃષ્ણ' (૧૯૩૮), 'સંત જ્ઞાનેશ્વર' (૧૯૪૦) અને 'સંત તુકારામ' (૧૯૪૮). વી. જી. દામલે બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. ફિલ્મ ડિરેક્ટર ઉપરાંત સિનેમેટોગ્રાફર અને સાઉન્ડ રેકોર્ડિસ્ટ તરીકે જવાબદારી પણ નિભાવી હતી. દામલે અને ફતેલાલની સહિયારી ચોથી ફિલ્મ હતી 'સંત સખુ'. ૧૯૪૧માં રિલીઝ થયેલા ચિત્રપટમાં દામલે, ફતેલાલ ઉપરાંત દિગ્દર્શક તરીકે ત્રીજું નામ છે રાજા નેનેનું. રાજા નેને અભિનેતા તરીકે પણ પ્રખ્યાત હતા. વી. શાંતારામની 'દુનિયા ના માને'માં તેમણે કામ કર્યું હતું. જ્યારે ફતેલાલે આર્ટ ડિરેક્ટર તરીકે પણ કામ કર્યું હોવાની જાણકારી ઉપલબ્ધ છે. એક ફિલ્મ ત્રણ દિગ્દર્શકે મળી બનાવી હોય એવું આ કદાચ એકમાત્ર ઉદાહરણ હશે. નેશનલ સ્ટુડિયોના બેનર હેઠળ મેહબૂબ ખાને નિર્માણ કરેલી 'નયી રોશની' બે ગુજરાતી દિગ્દર્શકે સાથે મળી બનાવી હતી. એ જોડી હતી ચીમનકાંત ગાંધી અને લલિત મહેતા. ફિલ્મના કલાકાર હતા સરદાર અખ્તર, હરીશ, હુસ્ન બાનો, કનૈયાલાલ, ભૂદો અડવાણી, આગા વગેરે. ■

સાત્વિકમ્ શિવમ્

અરવિંદ વેકરિયા

# સપનાં અપલોડ થઈ જાય, પણ ડાઉનલોડ કરવામાં સમય નીકળી જાય...

મુળુભાએ હૈયાધારણ આપી તમને આખી સ્ક્રિપ્ટ લખીને આપીશ અને પછી જ બરોડા માટે 'ઉચાળા' ભરીશ.

આટલું કહી એ મરક-મરક હસ્યાં પણ ખરાં અને હું ઘરે આવી ત્રણ કલાકારની વરણીનાં વિચારમાં ગરક થઈ ગયો. મને બસ, હવે મહેન્દ્ર બોહરા અને કલાકારોના સતત વિચાર આવતા રહ્યા. હૃદયનું પર્યાવરણ ત્યાં જ ખીલે જ્યાં મનની માટી ભીંજાવા તૈયાર હોય.

એ સાંજે રાજેન્દ્ર શુકલને પણ કહી દીધું કે ત્રણ પાત્રનું એક નાટક મુળુભાને લખવાનું સોંપ્યું છે જેની આખી વાત એને કરી દીધી. એણે મને શુભકામના પણ આપી. લેખક હોવાને કારણે એણે શંકા વ્યક્ત કરી કે 'માત્ર ત્રણ પાત્રનો તખ્તા પર પ્રેક્ષકો કદાચ ન સ્વીકારે. આઈ.એન.ટી. જેવી માતબર સંસ્થાએ તો બે-પાત્રી નાટકો બનાવ્યા છે, પણ સંસ્થાના પીઠબળ સાથે અવ્વલ દરજ્જાનાં દિગ્દર્શકોનો સંગ હતો. આપણે નાટક કરીએ તો પ્રેક્ષકોને ખૂટતું જ લાગશે એવું મારા અનુભવે કહું છું.

આજ કાલ પ્રેક્ષકોની સહન કરવાની એક મર્યાદા હોય છે, અમુક સમય પર નવું પાત્ર એન્ટ્રી કરે એવી ઇચ્છા બળવત્તર બનતી હોય છે. પછી અમુક સમય પછી 'વર્બોસીટી' લાગે જ લાગે જયારે બે પાત્ર વચ્ચે સંવાદ મંડાય. એક કામ કર, એક વખત સ્ક્રિપ્ટ હાથમાં આવી જવા દે, મુળુભા સારા લેખક છે એમાં બે-મત નથી. થોડું ઉતાવળે કામ થયું છે તો આપણે બંને મળી પઠન કરી જોઈ લઈશું અને જો એવું કંટાળાજનક લાગ્યું તો મુળુભા સાથે વાત કરી લઈશું, બરાબર રહ્યું તો વાંધો નહિ.... '

મેં મિત્ર તરીકે આભાર માની એની વાત સ્વીકારી લીધી. છતાં મને અનુભવે લાગ્યું કે માણસ સમજે છે ઓછું અને સમજાવે છે વધારે. જોકે સ્ક્રિપ્ટ સાથે મળીએ પછી ધારણા બાંધી શકાય.

દર એકાંતરે હું મુળુભાને ફોન કરતો રહ્યો. તે મને એમના લેખનનો પ્રોસેસ કહેતા રહ્યા. હાલ હમણાં ઘણાં સમયથી બે-અંકી નાટકોનો દોર ચાલે છે પણ એ વખતે ત્રિઅંકી નાટકોનું ચલણ હતું. મુળુભાએ સમાચાર આપ્યાં કે બે-અંક તૈયાર થઈ ગયા છે, ત્રીજો અંક અને ક્લાયમેક્સ જરા સમય માગી લેશે. એમણે બરોડા જવાનું બે દિવસ લંબાવી દીધું અને મને બીજે દિવસે એમના ઘરે બોલાવ્યો. બે અંક મને આપ્યાં. રાજેન્દ્રએ કહેલા સીમિત પાત્ર અને પ્રેક્ષકોના મળતાં નબળા પ્રતિસાદની પણ વાત કરી. મુળુભા જેમનું નામ, મને કહે, 'એવું લાગે તો કોઈની પાસે જરૂર લખાવી લેજો. હું તો તમને ત્રીજો અંક આપી બરોડા શૂટિંગમાં ચાલ્યો જઈશ. તમને ડિરેક્ટર તરીકે જે લાગે એ ફેરફાર કરી શકો કે કરાવી પણ શકો મને જરા પણ ખોટું નહિ લાગે કે કોઈ અહમ આડો નહિ આવે...'

માણસે પ્રેકટિકલ તો બનવું જ પડે... 'આ સ્ક્રિપ્ટ પાછળ બરોડા-હાલોલ સ્ટુડિયોનો નંબર લખ્યો છે. ક્યાંય અટકો તો એસ.ટી.ડી. કરી દેજો. કદાચ એક બે વાર કરવો પડે. મને મેસેજ મળતા હું તમારે ઘરે વળતો ફોન કરી દઈશ. હું બધી વાત મહેન્દ્ર બોહરાને કરી દઈશ.'

મને એમના કહેવાથી હિંમત મળી. એમની જીભમાં અહમની જગ્યાએ નિષ્ઠા હતી. જીભ તો જન્મનાં પહેલા દિવસથી જ મળી જાય છે પણ એનાં ઉપયોગની કળા મુળુભાએ અનુભવે શીખી લીધી હતી, જેથી સામેની વ્યક્તિને વધુ કઈ પૂછવાની હિંમત થઈ શકે.

બીજા દિવસે મને ફરી બોલાવ્યો. સાંજના જઈ મેં ત્રીજો અંક પણ લઇ લીધો. બે અંક વાંચ્યા પછી મને રાજેન્દ્રની વાતમાં તથ્ય દેખાયું. હવે ત્રીજો અંક પણ હાથમાં આવી ગયો હતો. રાજેન્દ્ર શુકલ સામે વાંચી નક્કી કરી વિચારોની આપ-લે કરી લઈશું એવું નક્કી કરી લીધું. મુળુભાએ મને શુભેચ્છા પણ આપી હતી અને મારી સામે જ એમણે મહેન્દ્ર બોહરાને ફોન પણ કરેલો. અહમ વિનાના અને સ્પષ્ટ છતાં મૃદુ અવાજે વાત કરી જાણે મને સુખી કરી દીધો હતો. ક્યારેય ધાર્યું પણ ન હોય, માંગ્યું પણ ન હોય અને વિચાર્યું પણ ન હોય અને મળી જાય એનું નામ સુખ જે મુળુભાએ સાબિત કરી બતાવ્યું.

મારું સપનું હવે મહેન્દ્ર બોહારાનું નાટક 'હીટ' જાય એ જ હતું. અંતે તો એ પ્રેક્ષકો જ નક્કી કરવાનાં. સપના અપલોડ થઈ જાય છે, પણ ડાઉનલોડ કરવામાં સમય નીકળી જાય છે. ખેર ! મુળુભાએ એમનું પ્રોમિસ પાળ્યું. આખું નાટક મને સુપ્રત કરી બરોડા રવાના થયા, સંબંધ બરાબર નિભાવ્યો. બાકી હવે સંબંધો પણ મલ્ટીનેશનલ કંપનીની નોકરી જેવા થઈ ગયા છે, સારી ઓફર મળતા જ બદલાય જતાં હોય છે.



હું બે દિવસ પછી સ્ક્રિપ્ટ સાથે રાજેન્દ્રને મળ્યો. આખા નાટકનું પઠન કર્યું. મુળુભાએ અનુભવને આધારે સરસ લખ્યું હતું, પણ રાજેન્દ્રએ કહ્યું, 'પ્રેક્ષકો વર્બોસીટી ફિલ કરશે' રાજેન્દ્ર કોલેજકાળથી બોલવામાં કોઈની શેહ-શરમ ન રાખે જયારે અહીં તો સામે હું હતો. આગળ કહે, 'મુળુભાએ લખ્યું પણ એમણે લોકોનો પણ વિચાર કરવાનો હોય.' મેં કહ્યું કે, 'દોસ્ત, બીજાની ભૂલો પર પીએચ.ડી. કરવા કરતા પોતાની માનસિકતા પર ગ્રેજયુએશન કરવું સારું. આમ પણ મુળુભાએ બધી છૂટ આપી જ છે કે કોઈની પણ પાસે સ્ક્રિપ્ટમાં ફેરફાર કરાવવા હોય તો બિન્દાસ્ત કરાવી શકો છો એમને ખોટું નહિ લાગે.'

'મને લાગે છે કે બે પાત્ર તો વધુ ઉમેરવા જ જોઇશે, જેથી માત્ર બે પાત્ર વચ્ચે ચાલતા એકધારા સંવાદો પ્રેક્ષકોને બોર ન કરે.'

મેં કહ્યું, 'તું સ્ક્રિપ્ટ લઇ જા અને બે-ત્રણ દિવસમાં પાત્રો ઉમેરી દે પછી પાછા પઠન કરીને નક્કી કરીએ.'

રાજેન્દ્ર મને કહે, 'મુળુભાએ નાટક તો સરસ લખ્યું છે, પણ બે પાત્ર વચ્ચે વધતાં સંવાદો વચ્ચે 'બ્રેક' લગાવવા આપણે બે પાત્રો ઉમેરીએ.'

મેં કહ્યું, 'તે આટલાં નાટકો લખ્યાં છે, તને લેખનનો વધુ અનુભવ છે. યોગ્ય લાગે એ કરવાની છૂટ છે તને. બસ., નિર્માતા છટકે એ પહેલા આપી દે એટલે કામ શરૂ...' ■

ડબલ રિચાર્જ

*એક યુવક કન્યા જોવા ગયો*
*યુવકઃ તમને અંગ્રેજી આવડે છે?*
*યુવતીઃ (હસતા) હાસ્તો, આવડે છે...*
*યુવકઃ તો કહો, IT ક્યારે વપરાય?*
*યુવતીઃ મકાન બનાવીએ ત્યારે...*

ટૂંકું ને ટચ

મનોજ પ્રકાશ

# હીરો પર ભારે પડી રહ્યા છે વિલન

બોલિવૂડમાં વિલનને હંમેશાં નફરતની નજરે જોવામાં આવે છે. એ ભલે ગમે એટલાં ફેમસ હોય, પરંતુ સમાજ તેમને પસંદ નથી કરતો. બોલિવૂડમાં અનેક નેગેટિવ રોલ કરવાવાળા એક્ટર્સ છે, જેમણે પોતાના પર્ફોર્મન્સથી પાત્રમાં પ્રાણ પૂર્યા છે. ફિલ્મોમાં દર્શકો એ જોવામાં તલ્લીન બની જાય છે કે હવે શું થવાનું છે. પરદા પર તે આવે એટલે દર્શકો તેમના માટે અપશબ્દો જ બોલે છે.

બોલિવૂડની ફિલ્મોના વિલનના કેટલાંક ફેમસ ડાયલોગ્સ છે, જે આજે પણ લોકોને યાદ છે. એનાં પર એક નજર...

-પ્રેમ નામ હૈ મેરા- પ્રેમ ચોપડા

-અરે, ઓ સાંભા કિતને આદમી થે? અમજદ ખાન

-સારા શહર મુજે લૉયન કે નામ સે જાનતા હૈ- અજિત


અમરીશ પુરી

ભારતીય ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં જેટલા પણ વિલન થયા છે, એમાં સૌથી હિટ તો 'શોલે'નો ગબ્બર જ થયો છે. આ ફિલ્મમાં અમજદ ખાનના ડાયલોગ્સ અને તેનું પાત્ર ખૂબ લોકપ્રિય બન્યું છે.

સંજીવ કુમારથી માંડીને કબીર બેદી, શાહરુખ ખાન, અક્ષયકુમાર, આમિર ખાન, સૈફ અલી ખાન, સંજય દત્ત, વિવેક ઑબેરૉય, રિતેશ દેશમુખ અને રણવીર સિંહ જેવાં કલાકારો પણ વિલનનો રોલ કરી ચુક્યાં છે. જોકે તેમને ગબ્બર જેવી લોકપ્રિયતા તો નથી મળી. આજે પણ હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં કેટલાક વિલનના રોલ હજી પણ ભૂલી નથી શકાયા. ક્યારેક ટીવી પર એકાદ ફિલ્મ જોઈને એ અમુક પાત્રો યાદ આવી જાય છે.

૧૯૮૦માં આવેલી 'શાન'ની વાત કરીએ તો એમાં શાકાલનો રોલ ભજવનાર કુલભૂષણ ખરબંદાના ડાયલોગ્સ પણ ફેમસ થયા હતા. એમનો ડાયલોગ્સ હતો. 'આદમી દુનિયા મેં હર કામ કભી ન કભી પહેલીબાર કરતા હૈ.' એની પણ ચર્ચા એ સમયે ઘણી થઈ હતી.

અમરીશ પુરીએ પણ વિલન તરીકે ખાસ્સી લોકપ્રિયતા મેળવી છે. 'મિસ્ટર ઇન્ડિયા' અને 'લોહા'માં ખૂનખાર રોલને કારણે તેમણે લોકોને સીટ પર જકડી રાખ્યા હતા. બન્ને ફિલ્મો વચ્ચે એક દાયકાનું અંતર હતું. 'મિસ્ટર ઇન્ડિયા' ૧૯૮૭માં અને 'લોહા' ૧૯૯૭માં રિલીઝ થઈ હતી. 'મિસ્ટર ઇન્ડિયા'માં 'મોગૈમ્બો ખુશ હુઆ' અને 'લોહા'માં 'વો જો ભી હો, ઉન્હે હમારે બીચ પેશ કરો.' અમરીશ પુરીના આ બન્ને ડાયલોગ્સ ખૂબ ફેસમ થયા હતા. 'મોગૈમ્બો ખુશ હુઆ' આજે પણ લોકોને યાદ છે.

એમાં કોઈ બેમત નથી કે ખલનાયકોને જેટલી ગાળો અને બદદુઆ મળી છે એટલી તો કોઈને નથી મળી. હીરોની જેમ જ વિલન પણ પોપ્યુલર થયા છે. ફરક માત્ર એટલો જ છે કે તેમને નેગેટિવ પોપ્યુલારિટી મળી છે. ■

ક્લેપ એન્ડ કટ..!

સિદ્ધાર્થ છાયા

## 'હમઝા' કોર્ટમાં માફી માગશે...


રણવીર સિંહ

વારંવાર આપણે 'ધુરંધર'ની વાત કરીએ તો કંટાળો આવે એ સ્વાભાવિક છે, પણ શું કરીએ? બોલિવૂડમાં આજકાલ ઘટનાઓ આ ફિલ્મ અને કલાકારો - કસબીની આસપાસ જ વધુ બની રહી છે અને લોકોને પણ તેનાં વિશે જાણવા- વાત કરવામાં વધુ રસ પડી રહ્યાં છે એટલે આપણે પણ એ ચાલતી ગાડીમાં...!

જોકે અત્યારે જે વાત આપણે કરવા જઈ રહ્યાં છીએ તેણે 'ધુરંધર'નાં પ્રથમ ભાગની સફળતા પર પ્રશ્નાર્થ ઊભાં કરી દીધા હતા.

ગત વર્ષનાં 'આઈફા' એવોર્ડ્સ દરમિયાન રણવીર સિંહે 'કંતારા' ફિલ્મમાં રિષભ શેટ્ટીનાં પાત્રનાં એક ખાસ એક્ટની મિમિક્રી કરી હતી, જેમાં એણે મા ચામુંડાને 'મહિલા ઘોસ્ટ' તરીકે વર્ણવી હતી. આના કારણે કર્ણાટકનાં લોકોની ધાર્મિક ભાવના ઘવાઈ હતી. આથી રણવીર વિરુદ્ધ અહીંનાં લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો. આ ઉપરાંત કર્ણાટક બહારનાં લોકો પણ તેમનાં વિરોધમાં સોશ્યલ મીડિયામાં જોડાયાં હતાં.

વિરોધ એટલો બધો ઉગ્ર બન્યો કે થોડાં જ દિવસમાં રિલીઝ થનારી 'ધુરંધર' પર એની નેગેટીવ અસર પડે એવી બીક સહુને હતી.

કર્ણાટકના એક વ્યક્તિએ આ મામલે કેસ દાખલ કર્યો હતો. રણવીરે પહેલાં સોશ્યલ મીડિયા પર તો માફી માગી લીધી અને હવે તે કોર્ટમાં પણ માફી માગવા માટે તૈયાર થયો છે. આ મામલે આવતાં મહિનાની ૧૦મી તારીખે મુદત છે. આ તારીખે તે કોર્ટમાં રીતસર રીતે માફી માગશે. એવા સમાચાર પણ છે કે રણવીર સિંહ બહુ જલદીથી ચામુંડા માતાનાં દર્શને પણ જશે જેનાં પર 'કંતારા' બની છે.

## રામુની 'સરકાર'નું રાજીનામું


રામ ગોપાલ વર્મા

રામ ગોપાલ વર્મા ઉર્ફે રામુ ઉર્ફે આરજીવી અત્યારે ફૂલ 'ધુરંધર' મૂડમાં છે. (વળી 'ધુરંધર'ની વાત આવી? હે ભગવાન...) હવે રામુભાઈએ પહેલી 'ધુરંધર'નાં પેટભરીને વખાણ કર્યા હતાં તો બીજી 'ધુરંધર'ની સરખામણીમાં તો 'મોગલ એ આઝમ' અને 'શોલે' ટીવી સિરિયલ હતા એવું પણ રામુએ કહ્યું ! આજકાલ રામુભાઈ જ્યાં જુઓ ત્યાં આ બંને ફિલ્મો અને તેનાં ડિરેક્ટર આદિત્ય ધરનાં વખાણ કરતાં ફરે છે.

'ધુરંધર'ના બંને ભાગ જોયાં પછી એક પ્રશ્ન બધાંને થઇ રહ્યો છે કે શું આવી અલગ પ્રકારની ફિલ્મ બોલિવૂડને સદબુદ્ધિ આપશે ખરી? આપણે ત્યાં બે-ત્રણ પ્રોડક્શન હાઉસ એની એ બીબાંઢાળ ફિલ્મો બનાવે છે એ લોકો આ ધરતીકંપ લાવનારી સફળતામાંથી કોઈ ધડો લેશે કે કેમ? હવે તો રામુભાઈ ખુદ પોતાની ફિલ્મ બનાવવાની સ્ટાઈલને બદલવા માટે ઓલરેડી તૈયાર થઇ ગયા છે. ત્યારે અમિતાભ બચ્ચન અને અભિષેક બચ્ચનને લઈને પોતાની ફ્રેન્ચાઇઝી 'સરકાર'નો ત્રીજો ભાગ બનાવવા માટે ઓલમોસ્ટ તૈયાર હતા. અરે! ઓલમોસ્ટ શું, ફિલ્મ આવતે મહિને ફ્લોર પર જવાની હતી, પરંતુ 'ધુરંધર'ની સફળતાએ તેમનું મન મોળું કરી દીધું. રામુનું માનવું છે કે હવે તેમણે બહુ ગેંગસ્ટર ફિલ્મો બનાવી દીધી. તેમની 'સરકાર' ઉપરાંત જેટલી પણ ગેંગસ્ટર ફિલ્મો હતી એનાં પર કોઈને કોઈ રીતે 'ગોડફાધર' ફિલ્મનો ઓછાયો હતો,

પરંતુ, હવે જે રીતે આપણા દર્શકોએ આદિત્ય ધરની આ બંને ફિલ્મોને બે હાથે આવકારી છે એ જોતાં હવે તો રામુભૈયાએ પણ પોતાની 'સરકારનું' રાજીનામું આપી દેવું પડશે !

## 'તુંબાડ'ની ટીમ મુંબઈમાં આખું નગર વસાવશે




સોહમ શાહની 'તુંબાડે' એની રિ-રીલીઝ વખતે અનેક રેકોર્ડ તોડી નાખ્યાં હતાં. હવે એનો બીજો ભાગ બને છે. 'તુંબાડ'ની ટીમનો આ બીજા ભાગ માટે બહુ મોટો પ્લાન છે. પ્લાન એવો છે કે મુંબઈની અંદર જ આ ફિલ્મનો સાતથી આઠ એકરમાં એક ભવ્ય સેટ બનાવવામાં આવશે. એવું જાણવા મળ્યું છે કે મુંબઈ મહાનગરની અંદર એક નાનકડું નગર ખાસ ફિલ્મ 'તુંબાડ'નાં બીજાં ભાગ માટે ઊભું કરવામાં આવવાનું છે, કારણ કે ફિલ્મની વાર્તાની ડિમાંડ છે કે આટલો વિશાળ સેટ બનાવવામાં આવે.

જોકે ફિલ્મની વાર્તા કે સ્ક્રિપ્ટ શું છે અને કેમ એમાં આવા અધધધ મોટાં સેટની જરૂર પડી એ વિશે કોઈ ફોડ પાડતું નથી.

જે હોય તે, પરંતુ આ ફિલ્મમાં આપણને સોહમ શાહ સાથે નવાઝુદ્દીન સિદ્દીકી પણ જોવા મળશે અને આ ફિલ્મ તેનાં પહેલાં ભાગ કરતાં પણ આપણને વધુ ડરાવશે એટલું પાક્કું છે. ■

## કટ એન્ડ ઓકે...

*આરકે સ્ટુડિયોને ફરીથી ઊભો કરવાની અમારા પરિવારની કોઈ જ યોજના નથી.*

*- કરીના કપૂર ખાન*






# એકતરફી પ્રેમમાં પાગલ પ્રેમીએ કૉલેજ પરિસરમાં સગીરા પર કોયતો વીંઝ્યો

## મુલુંડમાં બનેલી આ ઘટનામાં સગીરા તો બચી ગઈ, પણ મધ્યસ્થી કરનારો મિત્ર ઘવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુલુંડમાં બનેલી આંચકાજનક ઘટનામાં એકતરફી પ્રેમમાં પાગલ પ્રેમીએ કૉલેજ પરિસરમાં જ સગીરા પર કોયતાથી હુમલો કર્યો હતો. જોકે મિત્રની મધ્યસ્થીને કારણે સગીરા તો બચી ગઈ, પણ મિત્ર ગંભીર રીતે ઘવાયો હતો. પોલીસે ઘટના બાદ ફરાર આરોપીને ૨૪ કલાકમાં જ પકડી પાડ્યો હતો.

મુલુંડ પોલીસે ધરપકડ કરેલા આરોપીની ઓળખ આશિષ ગૌતમ બનસોડે (૨૧) તરીકે થઈ હતી. તેની પાસેથી ગુનામાં વપરાયેલો કોયતો હસ્તગત કરાયો હતો. આરોપી વિરુદ્ધ બદલાપુર પોલીસ સ્ટેશનમાં ત્રણ ગુના નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં જણાયું હતું.પોલીસના જણાવ્યા મુજબ આરોપી બનસોડે અને ૧૬ વર્ષની સગીરા બદલાપુરમાં એક જ વિસ્તારના રહેવાસી હોવાથી એકબીજાને ઓળખે છે. તેમની વચ્ચે અગાઉ વાતચીત થતી હતી, જેને પગલે આરોપી એકતરફી પ્રેમ કરવા લાગ્યો હતો.

કહેવાય છે કે તાજેતરમાં કોઈ વાતે વાંધો પડતાં સગીરાએ આરોપી સાથે વાત કરવાનું બંધ કરી

(જુઓ પાનું ૪) ▶▶

# વંદે ભારત પછી હવે વંદે લોકલ

## મુંબઈ અને ગુજરાતને ઉપનગરીય રેલ નેટવર્ક સાથે જોડવાની વિચારણા

મુંબઈ: મુંબઈ મહાનગર ક્ષેત્રના ઝડપી વિકાસ અને દક્ષિણ ગુજરાતમાં વધતા જતા ઔદ્યોગિક રોજગારને ધ્યાનમાં રાખીને સુરત રેલવે સ્ટેશનના પુનર્વિકાસ પ્રોજેક્ટ સાથે ભવિષ્યમાં મુંબઈ અને ગુજરાત વચ્ચે ઉપનગરીય લોકલ સેવાઓ શરૂ કરવાની ચર્ચાને વેગ મળ્યો છે.

ચાલી રહેલા મલ્ટી-મોડલ ટ્રાન્સપોર્ટ હબ પ્રોજેક્ટમાં બે અલગ ઉપનગરીય પ્લેટફોર્મ બનાવવામાં આવી રહ્યા હોવાથી ભવિષ્યમાં મુંબઈ અને ગુજરાત ઉપનગરીય રેલ નેટવર્ક દ્વારા જોડાય તેવી શક્યતા છે.

આ પ્રોજેક્ટનો સૌથી મહત્વપૂર્ણ ભાગ બે અલગ ઉપનગરીય

(જુઓ પાનું ૪) ▶▶


### ઝીરવળની મુસીબત વધી

# હવે વ્યંઢળ સાથેનો વીડિયો વાયરલ, વિપક્ષની રાજીનામાની માગણી

મુંબઇ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના અજિત પવાર જૂથના રાજ્યના ખાદ્ય અને ઔષધ વહીવટ પ્રધાન નરહરિ ઝીરવળનો એક વીડિયો વાયરલ થતાં ભારે હંગામો મચી ગયો છે. આ વીડિયો સરકારી નિવાસસ્થાનનો હોવાનું કહેવાય છે. આ વીડિયોમાં પ્રધાન નરહરિ ઝીરવળ એક ટ્રાન્સજેન્ડર વ્યક્તિ એક પલંગ પર જોવા મળે છે. વાયરલ થયેલા કથિત વીડિયોમાં કેટલીક બાબતો રેકોર્ડ કરવામાં આવી છે. આનાથી પ્રશ્ન ઊભો થાય છે કે શું આ દરમિયાન પ્રધાન ઝીરવળ, ટ્રાન્સજેન્ડર વ્યક્તિ અને અન્ય કોઈ ત્રીજી વ્યક્તિ રૂમમાં હતી ? હવે તાજેતરમાં એક મોટો ખુલાસો થયો છે અને સામે આવ્યું છે કે આ વીડિયો કોણે રેકોર્ડ કર્યો હતો.

નરહરિ ઝીરવળને વાયરલ વીડિયો વિશે પહેલેથી જ ખબર હતી. તેઓ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને પણ મળ્યા હતા. પ્રધાન

(જુઓ પાનું ૪) ▶▶



**અદ્‌ભુત:** રામનવમી નિમિત્તે મુંબઈના આઝાદ મેદાનમાં ૨૦૦૦ ડ્રોનના ઉપયોગ સાથે મહારાષ્ટ્રની સંસ્કૃતિની ઝાંખી પ્રદર્શિત કરવામાં આવી હતી. આ અદ્‌ભુત નજારો જોઈને પ્રેક્ષકો મંત્રમુગ્ધ થઈ ગયા હતા. (અમય ખરાડે)

# વીફરેલી ગર્લફ્રેન્ડનું ભયંકર કારસ્તાન: બૉયફ્રેન્ડ વખાણ કરતો હતો એ યુવતીના વાળ કાપી નાખ્યા

## બૉયફ્રેન્ડ જે યુવતીના વાળ પર મોહી ગયો હતો તેના ઘરે ગર્લફ્રેન્ડ બે બહેનપણી સાથે પહોંચી ગઈ: વાળ કાપતાનો વીડિયો બનાવી વાયરલ કરવાની ધમકી આપી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અંધેરીના વર્સોવા વિસ્તારમાં બનેલી આંચકાજનક ઘટનામાં વીફરેલી ગર્લફ્રેન્ડે ભયંકર કારસ્તાન કર્યું હતું. બૉયફ્રેન્ડ જે યુવતીનાં વાળનાં ગુણગાન ગાતો હતો તેના ઘરે ગર્લફ્રેન્ડ બે બહેનપણી સાથે પહોંચી ગઈ હતી. વાળ પકડીને ઘરમાંથી બહાર ખેંચી કાઢ્યા પછી ગર્લફ્રેન્ડે એ યુવતીના વાળ કાપી નાખ્યા હતા. પછી આ કૃત્યનો વીડિયો બનાવી સોશ્યલ મીડિયામાં વાયરલ કરવાની ધમકી આપી હતી.

વર્સોવાના એસવીપી નગરમાં રહેતી રહેતી ૨૦ વર્ષની યુવતીએ નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ત્રણ યુવતી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. પોલીસ ફરિયાદ અનુસાર એક કૉમન ફ્રેન્ડના માધ્યમથી ફરિયાદીની ઓળખાણ યુવક અને તેની આરોપી ગર્લફ્રેન્ડ સાથે થઈ હતી. ફરિયાદી અને યુવક મિત્ર હોવાથી ઈન્સ્ટાગ્રામ પર ચૅટિંગ પણ કરતાં હતાં.

કહેવાય છે કે યુવક તેની ગર્લફ્રેન્ડ સાથે હોય ત્યારે ફરિયાદીના વાળનાં વખાણ કરતો હતો. વાળ પર મોહી ગયેલા બૉયફ્રેન્ડનું ફરિયાદી સાથે કોઈ ચક્કર હોવાની શંકા ગર્લફ્રેન્ડને હતી. આ વાતે ફરિયાદીએ ચોખવટ કર્યા છતાં આરોપી તેના પર શંકા કરતી હતી. શંકાને પગલે એક વાર આરોપીએ ફરિયાદીનો મોબાઈલ ફોન પણ ચેક કર્યો હતો, પરંતુ વાંધાજનક કંઈ ન મળતાં તેણે માફી સુધ્ધાં માગી હતી.

જોકે બૉયફ્રેન્ડ વારંવાર વખાણ કરતો હોવાથી ગર્લફ્રેન્ડ રોષે ભરાઈ હતી. મંગળવારની રાતે ગર્લફ્રેન્ડ તેની બે બહેનપણી સાથે ફરિયાદીના ઘરે ગઈ હતી. ડૉરબેલ વાગતાં આઈસક્રીમનું પાર્સલ આવ્યું હોવાનું માની ફરિયાદી દરવાજો ખોલવા ગઈ. દરવાજો ખૂલતાં જ આરોપી બહેનપણીઓ સાથે પેસેજમાં ઊભી હોવાનું નજરે પડ્યું હતું.

ફરિયાદમાં જણાવાયું હતું કે ફરિયાદીને વાળ ખેંચીને ફ્લૅટની બહાર કાઢવામાં આવી હતી. પછી પેસેજમાં આરોપી ગર્લફ્રેન્ડે કાતરથી ફરિયાદીના વાળ કાપી નાખ્યા હતા. તે વખતે બન્ને બહેનપણીએ વીડિયો રેકોર્ડિંગ કરી લીધું હતું. પછી એ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી ત્રણેય યુવતી ત્યાંથી પસાર થઈ ગઈ હતી. ડરી ગયેલી ફરિયાદીએ પોલીસનો સંપર્ક સાધી આ મામલે ફરિયાદ નોંધાવી હતી. ■

# કલ્યાણ, અંબરનાથ, બદલાપુરમાં પેટ્રોલ માટે લાંબી કતાર

થાણે: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધને કારણે ઇંધણની અછત સર્જાશે તેવી બીકથી થાણે જિલ્લાના વાહનચાલકો પેટ્રોલપંપ પર પેટ્રોલ ભરાવવા માટે ઉમટી પડ્યા હતા.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારો સહિત અંબરનાથ, બદલાપુર અને કલ્યાણ જેવા શહેરોમાં પેટ્રોલ પંપો પર ભારે ભીડ જોવા મળી રહી છે.

મંગળવાર રાતથી જ અહીં વાહનોની લાંબી કતારો લાગી હતી અને કેટલાક સ્થળોએ વાહનચાલકોએ અંદાજે એક કલાક સુધી રાહ જોવી પડી હતી. હાલની પરિસ્થિતિના સંદર્ભમાં દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નાગરિકોને સંયમ અને સતર્કતા રાખવાની અપીલ કરી હતી. આ સંબોધનને નાગરિકોએ ગંભીરતાથી લીધું હોય તેમ જણાય છે અને સંભવિત મુશ્કેલીઓ ટાળવા માટે સાવચેતીના ભાગરૂપે અનેક લોકો પેટ્રોલનો સંગ્રહ કરવા

(જુઓ પાનું ૪) ▶▶

### જાલનામાં ઈંધણ માટે નવી પેટર્ન

## ટૂ-વ્હીલરને ફક્ત ₹૨૦૦નું અને થ્રી-ફોર વ્હીલરને ₹૨૦૦૦નું પેટ્રોલ-ડીઝલ મળશે

મુંબઈ : ખાડી યુદ્ધને કારણે ઘણી જગ્યાએ ઇંધણની અછતથી અફવા બજાર ગરમ છે. મહારાષ્ટ્રના જાલનામાં પેટ્રોલ અને ડીઝલને લઈને પરિસ્થિતિ તણાવપૂર્ણ છે. સોશિયલ મીડિયા પર ફેલાતી અફવાઓ અને પેનિકને કારણે શહેરના ઘણા પેટ્રોલ પંપ કામચલાઉ ધોરણે બંધ કરી દેવામાં આવ્યા છે, જેના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. જે પંપો પર હજુ ઇંધણ ઉપલબ્ધ છે, ત્યાં પણ લોકોની ભારે ભીડ જોવા મળે છે.

ચૌધરી નગર વિસ્તારના એક પેટ્રોલ પંપ પર પેટ્રોલ અને ડીઝલ ઉપલબ્ધ હોવાના સમાચાર ફેલાતાં જ ત્યાં લોકોની

(જુઓ પાનું ૪) ▶▶

### ઈન્ડક્શનનો ઉપયોગ વધ્યો

# ...પણ હવે મહાવિતરણની મંજૂરી લેવી ફરજિયાત

વસઈ: ગેસની અછતને કારણે લોકોએ ઇન્ડક્શન અને ઇલેક્ટ્રિક ઓવન જેવા ઉપકરણોનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે, પરંતુ આ ઉપકરણોના વપરાશને લીધે વીજળીનો ભાર વધ્યો છે અને ટ્રાન્સફોર્મરમાં ખામી સર્જાવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. તેથી હવે ઇન્ડક્શનના વપરાશ માટે નાગરિકોએ મહાવિતરણ પાસેથી વધારાના લોડની મંજૂરી લેવી પડશે.

છેલ્લા કેટલાક દિવસમાં દેશમાં વર્તાઇ રહેલી ગેસની અછતને પગલે ઘણા લોકો ઇન્ડક્શન, ઇલેક્ટ્રિક ઓવન, એર ફ્રાયર્સ જેવા ઇલેક્ટ્રિક ઉપકરણો તરફ વળ્યા છે. તેના કારણે ભર ઉનાળામાં શહેરમાં વીજળીની માગમાં ભારે વધારો થયો છે. વસઈ-વિરાર શહેરમાં ઘરગથ્થુ રહેણાંકના સિંગલ ફેઝ કનેક્શન માટે ૧૦ વોટ ની મંજૂરી આપવામાં આવી છે. જોકે ઇન્ડક્શનના વપરાશને કારણે વીજળીના વપરાશમાં વધારો થયો છે. એક ઇન્ડક્શન સગડીનો લોડ સામાન્ય રીતે ૧.૫ થી ૨.૫

(જુઓ પાનું ૪) ▶▶

# મહારાષ્ટ્ર વિધાન પરિષદમાં મોટો ખેલ ખેલાશે

મુંબઇ: રાજ્યસભા પછી હવે મહારાષ્ટ્ર વિધાન પરિષદની ચૂંટણીઓની ચર્ચા થઈ રહી છે. ઉદ્ધવ સેનામાં તેમની હકની રાજ્યસભા બેઠક છોડવા અંગે મતભેદ છે, ત્યારે હવે પૂર્વ મુખ્ય પ્રધાન ઉદ્ધવ ઠાકરેને વિધાન પરિષદ માટે તક આપવા માટે મેદાનમાં ઉતરવા માટેની તૈયારીઓ શરૂ થઇ ગઈ છે. ૧૩ મે, ૨૦૨૬ ના રોજ વિધાન પરિષદની ૯ બેઠકો ખાલી થઈ રહી છે. ચૂંટણીઓ ટૂંક સમયમાં યોજાશે, પરંતુ તે પહેલાં જ સત્તા માટે ગણતરીઓ શરુ છે. વ્યૂહરચનાઓ બનાવવામાં આવી રહી છે.

ઉદ્ધવ ઠાકરે સહીત અન્ય નવ ધારાસભ્યો એક મહિના પછી નિવૃત્ત થશે. આ નવ બેઠકોમાંથી શાસક મહાયુતિ આઠ બેઠકો જીતશે તે નિશ્ચિત છે. વિપક્ષો, એટલે કે મહાવિકાસ આઘાડી પાસે એક મત છે. અલબત્ત, જો મહાયુતિ બધી નવ બેઠકો પર દાવો કરે છે, તો એક બેઠક માટે ખેંચતાણ થશે. ક્રોસ વોટિંગનો ભય પણ છે.

કોંગ્રેસ અને એનસીપી રાજ્યસભામાં રસ ધરાવતા હતા. ઉદ્ધવ ઠાકરેએ શરદ પવારને ટેકો આપ્યો. તેમણે રાજ્યસભાના પોતાના અધિકારો છોડી દીધા. એનસીપી કોંગ્રેસને મનાવવામાં સફળ રહી અને શરદ પવાર મહા વિકાસ આઘાડી તરફથી

(જુઓ પાનું ૪) ▶▶

### કોનો પક્ષ વધુ મજબૂત છે?

અલબત્ત મહા વિકાસ આઘાડીમાં કોંગ્રેસ પાસે ૧૬ અને એનસીપી પાસે ૧૦ ધારાસભ્યો છે. જ્યારે ઉદ્ધવ ઠાકરે પાસે મહત્તમ ૨૦ વિધાનસભ્ય છે. જેમ, રાજ્યસભા હાથમાંથી ગઈ, તેમ કોંગ્રેસને વિધાન પરિષદમાં પણ કંઈ ખાસ મળે તેવી શક્યતા ઓછી છે. ૨૯ વિધાનસભ્યના મતોથી વિધાન પરિષદનો રસ્તો સાફ થશે. રાજ્યસભાના બદલામાં એનસીપી હવે ઉદ્ધવ સેનાને ટેકો આપશે. તેથી,ઉદ્ધવ ઠાકરેનો વિધાન પરિષદમાં પ્રવેશ નિશ્ચિત માનવામાં આવે છે.મહાવિકાસ આઘાડી પાસે કુલ ૧૭ મત છે, જેમાં કોંગ્રેસના ૧૬ અને ઉદ્ધવ ઠાકરેનો એક વધારાનો મત છે. જો મહાવિકાસ આઘાડી બાજી પલટે છે અને ૧૦ મત ખેંચે છે તો મહાવિકાસ આઘાડીના બે વિધાનસભ્ય ચૂંટાશે. જો કે આ શક્યતા ખૂબ જ ઓછી છે. તેનાથી વિપરીત એવી આગાહી કરવામાં આવી રહી છે કે એકનાથ શિંદેના વિધાનસભ્યોમાંથી એક ચૂંટાશે. પડદા પાછળ મોટી રમત રમાઈ રહી છે. ■

### પાલિકાનો અજબ કારભાર

# મીઠી નદીના ભંડોળમાંથી ૯૦ કરોડ ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ ફ્લાયઓવરના કામ માટે ફાળવી દીધા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા પ્રશાસને મીઠી નદી અને અન્ય નદીઓને પહોળી અને ઊંડી કરવા માટે ફાળવવામાં આવેલા ભંડોળમાંથી ૯૦ કરોડ રૂપિયા ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ પર ફ્લાયઓવરને લંબાવવા માટેના કામમાં ડાઈવર્ટ કરી દીધા હતા, તેની તપાસ ચાલી રહી છે ત્યારે તેનો લગતો પ્રસ્તાવ સ્થાયી સમિતિમાં મંજૂરી માટે આવ્યો હતો. તેની સામે વિરોધપક્ષે છેલ્લા ત્રણ વર્ષમાં ઈન્ટર ડિપાર્ટમેન્ટલ ટ્રાન્સફર રેકોર્ડની માગ કરી હતી અને પ્રશાસનનું નાણાકીય આયોજન એકદમ નબળું હોવાનો આરોપ કર્યો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં મીઠી નદી સહિત અન્ય નદીઓને પહોળી કરવા માટે ફાળવવામાં આવેલા ૧૫૦ કરોડ રૂપિયામાંથી ફક્ત ૧૦ કરોડ રૂપિયા પાલિકાએ ખર્ચ્યા હતા. પાલિકા વાશી ખાતે સાયન-પનવેલ હાઈવે તરફ ઘાટકોપર-માનખુર્દ લિંક રોડ ફ્લાયઓવરને લંબાવવા

(જુઓ પાનું ૪) ▶▶

# કમલા મિલ પરિસરમાં બે પ્રોપર્ટી ટેક્સધારકોની મિલકત પર જપ્તીની કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મહાનગરપાલિકા દ્વારા ગુરુવારે લોઅર પરેલમાં આવેલી કમલા મિલ પરિસરમાં બે પ્રોપર્ટી ટેક્સ ધારકોના મિલકત સામે જપ્તીની કાર્યવાહી કરવામાં આવી હતી. એ સાથે જ સંબંધિતોના પાણીપુરવઠોના જોડાણને પણ ખંડિત કરી નાખવામાં આવ્યું હતું.

પાલિકાના એડિશનલ કમિશનર અશ્વિની જોશીના નેતૃત્વમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં ૩૧ માર્ચ, ૨૦૨૬માં પહેલા મિલકતધારકોને પ્રોપર્ટી ટેક્સ ચૂકવી દેવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે, જેમાં ડિફોલ્ટરોને અનેક વખત નોટિસ અને રિમાઈન્ડ મોકલ્યા બાદ પણ ટેક્સ નહીં ભરનારા મિલકતધારકોની મિલકત સામે જપ્તની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

પાલિકાના જણાવ્યા મુજબ કમલા મિલ પરિસરમાં સાત ગાળા ધરાવતા શ્રી રમેશ ધમંડી રામ ગોવાની અને મેસર્સ ગૌરવ ઈન્વેસ્ટમેન્ટ તરફથી ૧૪ કરોડ ૨૨ લાખ રૂપિયાનો પ્રોપર્ટી ટેક્સ વસૂલ કરવાનો બાકી છે. આપેલી મુદતમાં ટેક્સ નહીં ભરવાને કારણે ગુરુવારે પાલિકાએ સંબંધિતોની મિલકતની જપ્તીની કાર્યવાહી કરી હતી, જેમાં પાવર સબ સ્ટેશન, ઈન્ટરનેટ સેન્ટર, ઓપન પાર્કિંગ પ્લોટ સહિત સાત ગાળાની જપ્તી કરવાની સાથે જ ગોવાનીની માલિકીની ઓફિસ પર જપ્તીની કાર્યવાહી કરવામાં આવી હતી. સાથે જ સંબંધિત મિલકતનો પાણીપુરવઠો પણ ખંડિત કરવામાં આવ્યો હતો.

એડિશનલ કમિશનર અશ્વિની જોશીએ કહ્યું હતું કે મિલકતધારકોએ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં ટેક્સ ભરવો અપેક્ષિત છે. તેથી ડિફોલ્ટરો સહિત ચાલુ વર્ષનો

(જુઓ પાનું ૪) ▶▶

# સગીરે બેફામ કાર દોડાવી સાઈકલિંગ માટે નીકળેલા બિઝનેસમૅનને અડફેટે લીધો

## કારે એટલી જોરદાર ટક્કર મારી કે સાઈકલ સાથે બિઝનેસમૅન હવામાં ફંગોળાયો: સગીર તાબામાં

થાણે: કલ્યાણમાં ૧૭ વર્ષના સગીરે બેફામ કાર દોડાવી સાઈકલિંગ માટે નીકળેલા બિઝનેસમૅનને અડફેટે લેતાં તેનું મૃત્યુ થયું હતું. કારે એટલી જોરદાર ટક્કર મારી હતી કે સાઈકલ સાથે બિઝનેસૅમને હવામાં ફંગોળાઈને દૂર પટકાયો હતો. ઘટના બાદ ફરાર થઈ ગયેલા સગીરને પોલીસે સીસીટીવી ફૂટેજની મદદથી પકડી પાડ્યો હતો.ખડકપાડા પોલીસના જણાવ્યા મુજબ ઘટના મંગળવારની રાતે આઠ વાગ્યાની આસપાસ કલ્યાણના રિંગ રોડ

(જુઓ પાનું ૪) ▶▶

# ખરાતના મંદિરને સરકાર તરફથી એક કરોડ રૂપિયાનું ભંડોળ મળ્યું હતું

મુંબઈ : સત્તાવાર દસ્તાવેજો અનુસાર મહારાષ્ટ્ર સરકારે ૨૦૧૮માં નાશિક જિલ્લામાં ધરપકડ કરાયેલા સ્વ-ઘોષિત ધર્મગુરુ અને બળાત્કારના આરોપી અશોક ખરાત સાથે જોડાયેલા મંદિરમાં વિકાસ કાર્યો માટે ૧ કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરી હતી. આ ભંડોળ ૩૧ માર્ચ, ૨૦૧૮ ના રોજ ભાજપના નેતા જયકુમાર રાવલના નેતૃત્વ હેઠળના પ્રવાસન અને સાંસ્કૃતિક બાબતોના વિભાગ દ્વારા પ્રાદેશિક પ્રવાસન વિકાસ યોજના હેઠળ મંજૂર કરવામાં આવ્યું હતું.

સરકારી ઠરાવ મુજબ, મંદિર પરિસરમાં રૂ.

(જુઓ પાનું ૪) ▶▶

### પુણેના ઉદ્યોગપતિની છેતરપિંડીની ફરિયાદ

નાશિક: પુણે સ્થિત એક ઉદ્યોગપતિએ વિદેશમાં લોજિસ્ટિક્સ વ્યવસાય શરૂ કરવામાં મદદ કરવાના બહાને ૬ કરોડ રૂપિયાની છેતરપિંડીનો આરોપ લગાવ્યા બાદ પોલીસે અશોક ખરાત સામે નવો કેસ દાખલ કર્યો છે.

ફરિયાદીએ આરોપ લગાવ્યો છે કે તેણે ખરાતના મ્યાનમાર, ગ્રીનલેન્ડ અને અમેરિકાના પ્રવાસો પ્રાયોજિત કર્યા હતા અને તેની માંગણી

(જુઓ પાનું ૪) ▶▶

### વીડિયો વાઈરલ કરનારા બે પકડાયા

મુંબઈ: સ્વઘોષિત ગૉડમૅન અશોક ખરાતના મહિલાઓ સાથેના વાંધાજનક વીડિયો કથિત રીતે વાઈરલ કરનારા બે જણની અહિલ્યાનગરમાંથી ધરપકડ કરવામાં આવી હતી.

છેલ્લાં ત્રણ વર્ષથી એક મહિલા સાથે કથિત દુષ્કર્મના કેસમાં ખરાતની ૧૮ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન મહિલાઓ સાથેના શારીરિક સંબંધના અનેક વાંધાજનક

(જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રી: *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલ: **samachar.bombay@gmail.com** ટેલિફોન: ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**